
# યુગ શક્તિ ગાયત્રી

એપ્રીલ ૧૯૯૬





**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | વેદોનો દિવ્ય સંદેશ | ૨ | ૯. | મંત્ર સાધના : આધાર અને ચમત્કાર | ૨૫ |
| ૨. | સાધ્યની પ્રાપ્તિ સાધનો પર નિર્ભર | ૩ | ૧૦. | સ્વર્ગ અને મુક્તિનો આનંદ આ જીવનમાં જ મેળવો. | ૩૦ |
| ૩. | બલિદાની સંત ગુરુ તેગબહાદુર | ૫ | ૧૧. | ભોજનના પોષક તત્વોનો આપણે નાશ કરીએ છીએ | ૩૩ |
| ૪. | આ સૃષ્ટિ અદ્‌ભુત અને વિલક્ષણ છે | ૭ | ૧૨. | પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી : વસંત પર્વની વેળામાં ગુરુવરનો વાસંતી સંદેશ | ૩૫ |
| ૫. | પુરુષાર્થ ચારનો વર્ગ (સમૂહ) : ધર્મ, અર્થ, કામ અને મોક્ષ | ૧૧ | ૧૩. | અપનોં સે અપની બાત : રજત જયંતી વર્ષમાં અનુયાજ મહાક્રાંતિનો શંખનાદ | ૪૪ |
| ૬. | એકવીસમી સદી - નારી શતાબ્દી | ૧૩ | | | |
| ૭. | રામકથાની પ્રબળ પ્રેરણા : જ્યાં પ્રેમ ત્યાં પરમાત્મા | ૧૮ | | | |
| ૮. | આત્મા વટેમાર્ગુ - શરીર ધર્મશાળા | ૨૩ | | | |


### યુગ નિર્માણ વિદ્યાલય, મથુરા

પરમ પૂજ્ય ગુરુદેવ પં. શ્રીરામ શર્મા આચાર્ય દ્વારા સ્થાપિત આ વિદ્યાલયમાં ભરતના ખૂણે-ખૂણેથી યોગ્યતાવાળા વિદ્યાર્થિઓને કર્મકાંડ સંબંધી વિદ્યા તથા સંગીત ( ગાયન-વાદન ) માં પારંગત કરવામાં આવે છે, આ ઉપરાંત વિજળી કાર્ય, ઈલેક્ટ્રોનિકસ, પ્રેસ કાર્ય, અગરબત્તી-મીણબતી-સાબુ-સર્ફ બનાવવાનું, કાંચ કામ ફોટો ફ્રેમ, ચોપડીઓ પર પાકું પૂઠું ચઢાવવું વગેરે. પ્રવેશ માટે યોગ્યતા-વિદ્યાર્થીની ઉમર ૧૭થી ૨૦ વર્ષ, અભ્યાસ ઓછામાં ઓછો ૧૦ ધોરણ. વિદ્યાલયમાં પ્રવેશ માટે નિયમ વલી ૨૦ મે સુધી મંગાવી લેવા વિનંતી.

### મિશનના કાર્યને વેગવંતુ બનાવવા સ્થાયી કાર્યકર્તાની આવશ્યકતા

પૂં. ગુરુદેવના સાહિત્ય પ્રકાશનનું અને વિસ્તરણનું મહત્વપૂર્ણ કાર્ય યુગ નિર્માણ યોજના, ગાયત્રી તપોભૂમિ, મથુરા દ્વારા થાય છે. આ અંતર્ગત યુગ શક્તિ ગાયત્રી પત્રિકાનું પણ પ્રકાશન મથુરાથી થાય છે.

મિશનની ભાવનાને અનુરૂપ સેવાભાવી કાર્યકર્તાઓની આવશ્યકતા છે. મથુરામાં રહી કાર્ય કરી શકે તે માટે યોગ્યતા-અભ્યાસ ઓછામાં ઓછો ૧૦ પાસ ગુજરાતી, હિન્દી ભાષામાં અક્ષર સારા. વય મર્યાદા ૧૭ થી ૪૦.

આ સુવસરનો લાભ લેવા અમારા કાર્યાલયના સરનામે પત્રાચાર કરશો.

### ઉત્કૃષ્ટ હવન સામગ્રી

ગાયત્રી તપોભૂમિ, મથુરા દ્વારા નિર્મિત હવન સામગ્રી માટે સારામાં સારો કાચો માલ પહાડી ક્ષેત્રો તથા મધ્ય પ્રદેશના જંગલોમાંથી મંગાવવામાં આવે છે. અનેક પ્રકારની ઔષધિ યુક્ત જડીબુટ્ટીઓ તથા શુદ્ધ ઘીથી નિર્મિત આ સામગ્રી દ્વારા યજ્ઞ કરવાથી પવિત્ર સુગંધિત તેમજ સાત્વિક વાતાવરણ ઉત્પન્ન થાય છે જે મનને અસીમ આનંદ તથા ઉલ્લાલથી તરબોળ કરી દે છે.

વર્તમાનમાં ચતુર્દિક મોંઘવારી તથા માલ ભાડામાં વૃદ્ધિ થવાને કારણે આ સામગ્રીના નિર્માણનો વ્યય વીસ રૂપિયે કિલોથી પણ કંઈક વધારે પડી રહ્યો છે. પરંતુ પરિજનોના હિતનું ધ્યાન રાખીને તેનું મૂલ્ય માત્ર ૧૬ રૂપિયે પ્રતિ કિલો તારીખ ૧ એપ્રિલ ૧૯૯૬થી કરી રહ્યા છે. આ મૂલ્ય વૃદ્ધિ છતાં પણ આ સૌથી સસ્તી તથા ઉત્કૃષ્ટ હવન સામગ્રી રહેશે.

આશા છે આપનો સહયોગ પૂર્વવત મળતો રહેશે.

-વ્યવસ્થાપક




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી

સંસ્થાપક/સંરક્ષક :

વેદમૂર્તિ તપોનિષ્ઠ યુગદૃષ્ટા

**પં. શ્રીરામ શર્મા આચાર્ય**

અને

**માતા ભગવતી દેવી શર્મા**

પરામર્શ દાતા :

**પં. લીલાપત શર્મા**

સંપાદક :

**ડૉ. પ્રણવ પંડ્યા**

કાર્યાલય :

**ગાયત્રી તપોભૂમિ,**

**મથુરા-૨૮૧ ૦૦૩**

ટેલિફોન :

(૫૬૫)૪૦૪૦૦૦, ૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા

આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા

વર્ષ - ૨૬ અંક-૪

**એપ્રિલ - ૧૯૯૬**

## યુગ દેવતાનો પોકાર

આજે યુગ દેવતાનો, મહાકાલનો સંકેત છે કે આપણે જન જાગૃતિ માટેનું કામ કરવું જોઈએ. આપણે નવયુગ લાવવા માટે ઘરેઘર સંદેશ પહોંચાડવો જોઈએ. વિચાર ક્રાંતિ અભિયાન આજની સૌથી માટે જરૂરિયાત છે, કારણ કે માણસની અક્કલ ખરાબ થઈ જવાથી આ યુગની સમસ્યાઓ સર્જાઈ છે. પૈસાની ખોટ નથી, કોઈ વસ્તુની તંગી નથી, પરંતુ અક્કલ ખરાબ છે. અક્કલને સુધારવા માટે આપણે વિચાર ક્રાંતિમાં ભાગ લેવો જોઈએ. ઘરેઘર જાઓ, જન-જન પાસે જાઓ, અલખ જગાવો, નવયુગનો સંદેશ સંભળાવો અને એ કહો કે માણસે પોતાની કંજૂસાઈ છોડવી જોઈએ. પોતાની મનઃસ્થિતિને ઉચ્ચ બનાવવી જોઈએ. ચિંતન અને ચારિત્ર્યમાં ઉચ્ચતા અને શ્રેષ્ઠતાનો સમાવેશ કરવો જોઈએ. કામકાજમાં આદર્શવાદિતાનો સમન્વય કરવો જોઈએ.

આ માટે અમે દરેક માણસને ભારપૂર્વક કહીએ છીએ તમારે તમારી કંજૂસાઈ જોડવી જોઈએ અને જો તમારી પાસે શ્રેષ્ઠ વિચારો છે તો તેને કાર્યના રૂપમાં રૂપાંતરિત કરો. તમારી પાસે વિચારો છે, મન ઘણું સારું છે, શ્રદ્ધા ઘણી જ છે, તો તેને સક્રિયતાના રૂપમાં રૂપાંતરિત કરો. વિચારોને સક્રિયતાના રૂપમાં રૂપાંતરિત કરવા માટે શું કરવું જોઈએ ? તેનું નામ છે - 'જનમાનસની શુદ્ધિ'. પ્રાચીનકાળના બ્રાહ્મણો, ઋષિઓ, સાધુ-સંતો અને વાનપ્રસ્થીઓ આ કાર્ય કરતાં હતાં. આજે એની સૌથી મોટી જરૂરિયાત છે. યોગ્યતાની કોઈ ખોટ નથી. અનાજ, કપડાં, રોટી, વિદ્યા, સાહસ વગેરે કોઈ વસ્તુની ખોટ નથી. ખોટ છે માત્ર અક્કલની. મિત્રો, અક્કલને વધારવા માટે, જનમાનસની શુદ્ધિ માટે યુગ દેવતાએ, મહાકાલે પોકાર કર્યો છે. જો તમે કંજૂસાઈને છોડવા માટે તૈયાર છો, સેવાવૃત્તિના માટે ઉદારતાથી તૈયાર છો, તો હું તમોને વાયદો કરું છું કે ગાયત્રી માતાનો તે ચમત્કાર જે ઋષિઓને મળ્યો હતો, બ્રાહ્મણોને મળ્યો હતો અને અમને મળ્યો છે, તેનો લાભ તમે પણ લઈ શકશો.

- પં. શ્રીરામ શર્મા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વેદોનો દિવ્ય સંદેશ

**સમ્રાજ્ઞી શ્વસુરે ભવ, સમ્રાજ્ઞી શ્વશ્રવાં ભવ ।**
**નનાન્દરિ સમ્રાજ્ઞી ભવ, સમ્રાજ્ઞી અધિ દેવૃષુ ।।**

**(ઋગ્વેદ ૧૦/૮૫/૪૬)**

**ભાવાર્થ :** હે વધૂ ! તું પોતાના કુટુંબમાં એ રીતે જીવન વિતાવ કે જેથી સાસુ, સસરા, નણંદ તથા દિયર બધા તારું સન્માન કરે.

**સંદેશ :** છોકરી લગ્ન થયા પછી પોતાનું બધું જ છોડીને પતિના ઘરમાં આવે છે. માતા-પિતા, ભાઈ-બહેન, કુટુંબ, ઘર બધું પાછળ રહી જાય છે. તે જ્યાં જન્મી, રમતગમત કરી, ભણીગણીને યૌવનાવસ્થામાં પ્રવેશી, તે બધો જ સ્નેહપૂર્ણ માહોલ હસતાં-હસતાં છોડી દે છે અને એક અજાણ્યા, અપરિચિત માણસ સાથે સંબંધ જોડીને તેના ઘેર પહોંચે છે. આ ત્યાગથી શું તે નુકસાનમાં રહે છે ? ના, બદલામાં પતિ માટેનો ત્યાગ અને સર્વસ્વ સમર્પણ દ્વારા તે પતિના કુટુંબની એક ખૂબ મહત્ત્વપૂર્ણ સભ્ય બની જાય છે. હવે એ જ તેનું પોતાનું કુટુંબ બની જાય છે, જ્યાં તે ઘરની માલિકણના ઉચ્ચ પદ પર બેસે છે. તે ઘરની માલિકણ બની જાય છે અને ઘરની બધી જ જવાબદારી તેના પર આવી જાય છે.

આ નવા કુટુંબમાં તે સાસુ, સસરા, નણંદ, દિયર બધાની સામ્રાજ્ઞી (મહારાણી) બની જાય છે. જે રીતે એક સમ્રાટ પોતાના તાબાના બધા રાજાઓના સુખ, સગવડ અને સંરક્ષણની ચિંતા કરે છે અને બધામાં મનમેળ સ્થાપીને તે બધાની ઉન્નતિનું ધ્યાન રાખે છે, તે જ રીતે કુટુંબની મુખ્ય સભ્ય બનીને નવવધૂને બધાની સેવા, સગવડ, ભોજન, વસ્ત્ર વગેરેની યોગ્ય વ્યવસ્થાનો પ્રબંધ કરવાનો મોટાભાગનો ભાર ઉઠાવવો પડે છે. કુટુંબના નાના-મોટા બધાના હિતનો વિચાર કરવાનું તેનું કર્તવ્ય બની જાય છે. આ બધા કર્તવ્યો નિભાવવાને કારણે જ તે ઘરની માલિકણ કે સામ્રાજ્ઞી કહેવાય છે.

સામ્રાજ્ઞી કે માલિકણ બની જવાનું તાત્પર્ય એ નથી કે તે ઘરમાં બધા પર પોતાનું પ્રભુત્વ સ્થાપે. બલ્કે તેનો ભાવ એ છે કે તે પોતાના કર્તવ્યોની મહત્ત્વની જવાબદારી નિભાવે, બધાની સાથે શિષ્ટ વ્યવહાર કરે અને મોટેરાઓના અનુભવોનો લાભ લેતી રહીને તેમની સૂચનાઓ મુજબ સમગ્ર ઘરના કાર્યોનું સંચાલન કરે. નવા માહોલમાં આવીને તે પોતાને નોકર ન સમજે અને તેનામાં કોઈ પ્રકારની લઘુતાગ્રંથિ ન જન્મે, એનાથી તેને સામ્રાજ્ઞીનું ગૌરવવંતુ પદ આપવામાં આવ્યું છે. કુટુંબના બધા લોકોએ તેને યોગ્ય માન-સન્માન આપીને સ્નેહ અને પ્રેમભર્યો વ્યવહાર કરવો જોઈએ.

પરંતુ આજકાલ મોટાભાગના માણસો આ પ્રેમપૂર્ણ સ્વસ્થ દૃષ્ટિકોણની ઉપેક્ષા કરીને નવવધૂને યથાયોગ્ય સ્નેહ આપતાં નથી. તેને નોકરાણી સમજીને સાસુ, નણંદ અને અન્ય લોકો તેના પર પ્રત્યેક ક્ષણે હુકમ ચલાવતાં રહે છે. તેના સારા કાર્યોમાં પણ તેમને દોષ જણાય છે. તેની ઉપેક્ષા, અવગણના, મારપીટ અને કોઈ-કોઈવાર તો એનાથી આગળ પણ હત્યા સુધીની દુઃખદ પરિસ્થિતિ સર્જાય છે. આમ કેમ બને છે ? આ મોટા દુઃખ, શોક અને ચિંતાનો વિષય છે. જો સાસુ-સસરા પુત્રવધૂને પોતાની પુત્રી સમાન સમજે અને વધૂ પણ તેમને માતા-પિતા કરતાં અધિક ગણે ત્યારે જ વ્યવહારમાં સરળતા જન્મે છે. પ્રશ્ન એ જન્મે છે કે પહેલ કોણ કરે ? સાસુ-સસરા કે પુત્રવધૂ. મોટા હોવાના સંબંધે પહેલાં સાસુ-સસરાએ તેને પોતાની પુત્રીના જેવો પ્રેમ અને સ્નેહ આપવો જોઈએ કે જેથી મા-બાપથી છૂટા પડવાથી પડેલો ખાલીપો ભરાઈ જાય. ત્યાર પછી તો તે બમણા ઉત્સાહથી પોતાના સામ્રાજ્યનું હિત-સગવડ સાચવવામાં જોડાઈ જશે.

આમાં જ સામ્રાજ્ઞીના પદનું ગૌરવ છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સાધ્યની પ્રાપ્તિ સાધનો પર નિર્ભર

સાધ્ય અને સાધન માનવીય વિકાસના બે મુખ્ય આધારો છે. સમગ્ર પ્રગતિ આ બે વાતો પર આધારિત છે કે આપણે સાધન અને સાધ્ય કેવા પસંદ કર્યાં છે. સાધન જો સારા હોય તો સાધ્યની પ્રાપ્તિ સત્પરિણામદાયક હોય છે, પરંતુ જો સાધન જ ખરાબ હોય તો લક્ષ્ય ઊંચું હોવા છતાં પણ સાધ્ય પવિત્ર નથી કહી શકાતું.

આ બાબતમાં ભૂલ ત્યારે થઈ જાય છે, જ્યારે બંનેને અલગ તત્ત્વ માની લેવામાં આવે છે અને સાધ્યને સાધનથી અલગ રાખવામાં આવે છે, પરંતુ સાચા અર્થમાં આમ છે નહીં. બંનેનો એક-બીજા સાથે સંબંધ છે. એકના આધારે જ બીજાનું સ્વરૂપ નિર્ધારિત થાય છે. માર્ગ જો શુભ હોય, તો નક્કી જ એનાથી પ્રાપ્ત લક્ષ્ય પણ પવિત્ર જ હશે. આ રીતે પવિત્ર લક્ષ્યને જોઈને પવિત્ર સાધનનો અંદાજ સહેજે લગાવી શકાય છે, પરંતુ જો સાધન જ અયોગ્ય હોય, તો તેના દ્વારા યોગ્ય અને સારા ધ્યેયની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે છે ? આવી જ રીતે ખરાબ પ્રયોજન માટે કોઈએ સારા સાધન વાપર્યા હોય એમ પણ ન કહી શકાય. આપણે શાંતિ ઇચ્છીએ છીએ, આપણું લક્ષ્ય શાંતિ છે તો આપણે એ જ માર્ગનું અનુસરણ કરવું પડશે. બળનો ઉપયોગ કરીને કોઈ શાંતિ લાવવા માગે તો તે અશક્ય છે. હા, પ્રથમ દૃષ્ટિમાં તો એમ જણાય છે કે લક્ષ્યની પ્રાપ્તિ થઈ ગઈ, પરંતુ વાસ્તવમાં ઉક્ત સાધનથી જે ધ્યેયપૂર્તિની આશા કરવામાં આવે છે તેમ નથી થઈ શકતું. તે વાસ્તવિક શાંતિ નહીં, અશાંતિની શાંતિ હોય છે, જેમ કે સમુદ્રમાં તોફાન આવતાં પહેલાંની સ્થિરતા, જેમાં સ્થિરતાનો પૂર્ણ રીતે અભાવ હોય છે. આવા સાધનથી એવા જ સાધ્યની અપેક્ષા રાખી શકાય છે. આથી એ કહેવું ખોટું નહીં હોય કે સાધ્ય, સાધનનું જ અંતિમ પરિણામ છે. સાધન જ આગળ જતાં સાધ્ય બની જાય છે. જેવી રીતે ઘર અને માર્ગ આરંભમાં જુદા જુદા લાગે છે, પરંતુ ઘર ત્યાં જ છે જ્યાં રસ્તો પૂર્ણ થાય છે. આથી બંનેને જુદા ગણીને વિચારવું દોષપૂર્ણ છે. આવું વિચારનારા જ એવું અનુમાન લગાવી લે છે કે અશુભ માર્ગ પણ શુભ ધ્યેય સુધી પહોંચાડે છે, પરંતુ આવું કેવી રીતે શક્ય છે ? આપણે કાદવમાં ચાલી રહ્યાં છીએ, આપણી દિશા નીચે તરફ છે તો તે માર્ગ આપણને ઊંચા સ્થાન સુધી કેવી રીતે પહોંચાડી શકે છે ? તે તો કિચડમાં જ ફસાઈ જશે. તાત્પર્ય એ છે કે જેવા સાધન હશે, સાધ્યની પ્રકૃતિ પણ એવી જ થશે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે અંતિમ રૂપ અર્થાત્ (સાધ્ય) સૂક્ષ્મરૂપથી આદિ રૂપ અર્થાત્ (સાધન)માં હયાત રહે છે.

આપણે ઘૃણાને ઘૃણાથી નથી જીતી શકતા, ન તો દુર્ગુણો દુર્ગુણોને નિર્મૂળ કરી શકે છે. એમ પણ નથી થઈ શકતું કે હિંસા, હિંસાને મટાડી શકે. જેઓ આમ કરવાની કોશિશ કરે છે, સમસ્યા તેમની જ્યાંની ત્યાં જ રહે છે. તેમને નુકસાન વેઠવું પડે છે અથવા ક્યારેક-ક્યારેક આ નીતિ તેમને પતનની સ્થિતિએ પહોંચાડી દે છે. આવા લોકોમાં સમાજનો એ વર્ગ વિશ્વાસ કરે છે, જે અમંગળ સાધન દ્વારા મંગળની પ્રાપ્તિ પર વિશ્વાસ રાખે છે, પરંતુ આ ભ્રાન્તિપૂર્ણ છે. સાચા અર્થમાં આનાથી ન તો અપેક્ષિત લક્ષ્યની પ્રાપ્તિ કરી શકાય છે અને ન સ્વયં કરનારનું જ કલ્યાણ થઈ શકે છે. ઉપરથી અશાંતિ અને અરાજકતા જેવી સ્થિતિ પેદા થાય છે, જેનું અંતિમ પરિણામ વિનાશના રૂપમાં આવે છે. જો ક્રોધનો પ્રતિકાર ક્રોધથી કરવામાં આવે, ફરીથી ક્રોધના બદલામાં ક્રોધ પ્રદર્શિત કરવામાં આવે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને આ જ શ્રૃંખલા આગળ વધતી જાય તો પરિણામ વિનાશ જ હશે અને વિનાશ કોઈ સમસ્યાનું સમાધાન એ અર્થમાં હોઈ શકે છે જે અર્થમાં રોગને સમાપ્ત કરવા માટે રોગીને જ સમાપ્ત કરી દેવો.

વાસ્તવમાં આ પ્રવૃત્તિ અજ્ઞાનને કારણે છે અને અધર્મનું મૂળ છે. મહામાનવ મહાપુરુષ જો કે એના દુષ્પરિણામને સમજતા અને અનુભવતા હોય છે તેથી જ એનાથી બચવા માટે એ "સાધ્ય-સાધન" સિદ્ધાંતની વાત કરે છે, જેમાં હલકાપણાંને કોઈ સ્થાન જ નથી અને ઉચ્ચ સાધ્ય માટે સમાનધર્મી ઉચ્ચ સાધન પર જોર દેવામાં આવ્યું છે, જે અનીતિના બદલે અનીતિ અને અધર્મના બદલે અધર્મનું સમર્થન નથી કરતા, પરંતુ એનો વિરોધ કરે છે. સંપૂર્ણ અધ્યાત્મ આના પર ટકેલું છે. આની જ ઘોષણા કરતા ઋષિ કહે છે, "ન પાપે પ્રતિ પાપઃ" અર્થાત્ આપણે પાપીની સાથે પાપી ન બની જવું જોઈએ અને પાપના બદલે પાપ ન કરવું જોઈએ.

પરંતુ આજે ભૌતિકવાદ બરાબર એનાથી વિપરિત સિદ્ધાંતમાં લપેટાયેલું છે. તેનો મત આનાથી બિલકુલ જુદો છે. તે કહે છે કે જો કોઈ ગાળ દે તો પ્રત્યુત્તરમાં તેને ગાળ પણ આપવી જોઈએ અને જો કોઈ કોઈને ઈંટથી મારે તો તેને પથ્થરથી જવાબ આપવામાં આવે, પરંતુ આ સિદ્ધાંતથી તો હિંસા-પ્રતિહિંસા અને ક્રોધ-પ્રતિક્રોધની લહેરો સમગ્ર સંસારમાં ઉમટી પડશે જેનાથી પછી બચવું કોઈના માટે શક્ય નહીં થઈ શકે અને બધે જ અસ્થિરતા અને અશાંતિ જ છવાઈ જશે. હા, તેવા થોડા લોકો માટે આ વાત સાચી હોઈ શકે છે જેઓ હંમેશાં દુઃખી છે અને સ્નેહ-પ્રેમની ભાષા જ નથી સમજતા, પરંતુ આ અપવાદ છે. આવા અપવાદ દરેક કાળમાં થયા છે. સતયુગ, દ્વાપર, ત્રેતા પણ આની અસર વગર નથી રહ્યા અને આ અપવાદ સ્વરૂપ લોકોની સાથે વ્યવહાર પણ અપવાદ જેવો જ થયો છે, તેથી આ અપવાદ વિચારણીય નથી. પરંતુ સામાન્ય લોકો પર આ નિયમ લાગૂ કરવો યોગ્ય નહીં હોય. જ્યાં અજ્ઞાનતા અથવા ક્ષણિક આવેશવશ કોઈ ભૂલ થઈ જાય ત્યાં તો મહાત્મા ઈશુનું આ કથન જ ચરિતાર્થ થઈ શકે છે જેમાં તેમણે કહ્યું છે કે "કોઈ એક ગાલમાં તમાચો મારે તો બીજો ગાલ પણ સામે ધરી દો." અહીંયા તેમનું કહેવાનું તાત્પર્ય માત્ર એટલું છે કે ઉગ્રતાનું સમાધાન ઉગ્રતામાં નહીં, પરંતુ શાલીનતામાં છે. ઉપરોક્ત કથન ભલે સાંભળવામાં ઘણું અવ્યવહારિક લાગે, પરંતુ આ એક સત્ય છે. એનું કારણ એ છે કે દ્વેષનું સમાધાન પ્રેમમાં જ થઈ શકે છે અને ક્રોધનું ક્રોધરહિત રહેવામાં. આ એક એવું સમાધાન છે જેના ઘણાં લાભ છે. સમસ્યાનું નિવારણ થાય છે તથા પરસ્પર પ્રેમ અને સદ્ભાવ વધે છે. બંને પક્ષોનું નુકસાન ટળે છે અને સમાધાન અપનાવનારા પૂર્ણતા તરફ આગળ વધે છે. આ રીતે તે રસ્તાની પ્રતિકૂળતાઓને પણ પોતાના વિકાસનું સોપાન બનાવી લે છે. પછી આવી પરિસ્થિતિઓ એમના વિકાસના માર્ગમાં અવરોધ નથી બનતી. વિષમમાં પણ વિષમ પરિસ્થિતિઓમાં પણ જ્યાં પતનની પૂરેપૂરી શક્યતાઓ છે ત્યાં તો સૂત્ર-સિદ્ધાંતનું અનુસરણ કરીને પોતાને બચાવી લે છે.

આ શ્રેષ્ઠ પસંદગીનું પરિણામ છે. શાલીનતાથી ઉગ્રતાને જીતવાનું પરિણામ. પવિત્રતાથી અપવિત્રતા પર વિજય પ્રાપ્ત કરવાનો આધાર. આ પ્રકારે સાધન જો શુભ હોય, તો સાધ્યનું કલ્યાણકારી હોવામાં કોઈ શંકા નથી રહી જતી.

**પુરોહિતોની પવિત્ર જવાબદારી કેવળ એ લોકો સંભાળે જેમનામાં આવશ્યક ગુણો હોય.**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# બલિદાની સંત ગુરુ તેગબહાદુર

**(જેમનો બલિદાન દિન તા. ૨૬-૧૧-૯૫ છે)**

શિખોના નવમા ગુરુ તેગબહાદુર મહાન ધર્માત્મા અને ભગવાન ભક્ત હતા. તેમના સમયમાં ભારતમાં મોગલ બાદશાહ ઔરંગઝેબનું શાસન હતું. તે ઘણો જ ક્રુર બાદશાહ હતો. મુસલમાન ધર્મ સિવાય તે બધા જ ધર્મોને ઢોંગ માનતો. તેમજ તેમને નષ્ટ કરી નાખવાના પ્રયત્નો કરતો હતો. તે દિવસોમાં તે કાશ્મીરમાં વસેલા હિંદુઓને વટલાવીને મુસલમાન બનાવી રહ્યો હતો.

અત્યાચારથી ત્રાસ પામીને કાશ્મીરના ઘણાખરા પંડિતો એક વખત ગુરુ તેગબહાદુર પાસે આવ્યા અને કહેવા લાગ્યા, - "ગુરુજી ! અમે હિંદુ લોકો ખૂબ જ મુશ્કેલીમાં મૂકાઈ ગયા છીએ. અમારી વહુ-દિકરીઓની લાજ તેમજ ધનસંપત્તિ ધોળે દહાડે લૂંટાઈ રહી છે. એ ઉપરાંત કાશ્મીરમાં હિંદુઓને જબરદસ્તીથી મુસલમાન બનાવવામાં આવી રહ્યા છે. આપ હિંદુ ધર્મની રક્ષા કરો. આ સમયે અમોને આપના સિવાય હિંદુ ધર્મનો રક્ષક કોઈ દેખાતો નથી. અમે આપના શરણે આવ્યા છીએ. અમારું રક્ષણ કરો."

ગુરુ તેગબહાદુર કાશ્માંરના પંડિતોની દુઃખની વાત સાંભળી મૌન થઈ ગયા તેમજ ઊંડા વિચારોમાં ડૂબી ગયા. થોડીક ક્ષણો પછી બોલ્યા, "ભાઈ ! વાત હકીકતમાં એમ છે કે ધર્મની રક્ષા તો બલિદાન દ્વારા જ થઈ શકે. જો કોઈ મહાન અને ભલો માણસ આ સમયે પોતાનું બલિદાન આપે તો ધર્મનું રક્ષણ થઈ શકે છે." ગુરુની વાત સાંભળીને લોકો વિચારમાં પડયા કે પોતાનું બલિદાન ધર્મના રક્ષણ માટે આપી શકે તેવો મહાન અને ભલો માણસ કોણ હોઈ શકે ? આ બલિદાન તો કોઈ સાચો ધર્માત્મા જ આપી શકે.

ગુરુ તેગબહાદુરના પાંચ વર્ષના પુત્ર ગોવિંદસિંહ આ સમયે અહીં બેઠેલા હતા. સૌને વિમાસણમાં પડેલા જોઈને બોલ્યા, - "પિતાજી ! અત્યારે આપનાથી વધારે મોટો અને ભલો માણસ બીજો કોણ હોઈ શકે ? તમે તો પૂર્ણ ધર્માત્મા છો. તમે તમારું બલિદાન આપીને ધર્મની રક્ષા કેમ કરતા નથી ?" પુત્રની વાત સાંભળીને ગુરુ તેગબહાદુર ગદ્‌ગદ થઈને બોલ્યા, - "શાબાશ - મારા વીર પુત્ર ! તેં મને દિશાસૂચન કર્યું છે." ત્યાર બાદ કાશ્મીરી પંડિતોને એમ કહીને તેમણે વિદાય કર્યા કે, - "હવે જ્યારે તમોને કોઈ મુસલમાન બનવાનું કહે ત્યારે એમ કહેજો કે, - "જો ગુરુ તેગબહાદુર મુસલમાન બની જાય તો અમે બધા જ હિંદુઓ રાજીખુશીથી હિંદુ ધર્મ છોડીને મુસલમાન બની જઈશું."

થોડા સમય પછી જ્યારે ઔરંગઝેબને આ શરતની ખબર પડી ત્યારે તેણે ગુરુ તેગબહાદુરને દિલ્હી બોલાવડાવ્યા. ગુરુ તેગબહાદુર ફરતા ફરતા અને લોકોને ધર્મોપદેશ આપતા આપતા દિલ્હી પહોંચ્યા તો ત્યાંના હિંદુઓ તેમજ શિખ લોકોએ તેમનું ખૂબ સન્માન કર્યું. ઔરંગઝેબને ખબર પડી ત્યારે તેણે ગુરુ તેગબહાદુરને તેના દરબારમાં પધારવા કહેણ મોકલ્યું. ગુરુના ભક્તો તેમજ શિષ્યોએ વિનંતી કરી કે મહેરબાનીકરીને તેઓ દરબારમાં ન જાય. ઔરંગઝેબ ઘણો જ ખરાબ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બાદશાહ છે. હિંદુઓ અને શિખ લોકોને તે પોતાના દુશ્મનો સમજે છે. આપનું ત્યાં જવું ભયજનક છે.

ગુરુ તેગબહાદુરે કહ્યું, - "સાચો સંત કદાપિ ગમે તેવા ભયથી ડરી જઈને પોતાના કર્તવ્યનો ત્યાગ કરતો નથી." હું દરબારમાં જઈશ અને બાદશાહ સાથે વાત પણ કરીશ." શિખ લોકો અને ભક્તોને સમજાવીને ગુરુ તેગબહાદુર ઔરંગઝેબના દરબારમાં ગયા.

બાદશાહે કહ્યું, - "તમે એક વિદ્વાન ફકીર ગણાઓ છો. જો તેમ હોય તો કોઈ એવી કરામત (જાદુ) કે કમાલ કરી બતાવો." ગુરુ તેગ બહાદુર બોલ્યા, - "બાદશાહ ! કરામત કે કમાલ તો જાદુગર લોકો કરી બતાવે, મારી કરામત તો સત્યનું પાલન કરવું એ છે." ઔરંગઝેબ બોલ્યો,- " સત્ય તો અમારો ઈસ્લામધર્મ છે. તો તમે એનો સ્વીકાર કેમ કરી લેતા નથી ?" ગુરુ તેગ બહાદુર બોલ્યા, - "એ તમારો ભ્રમ છે. જો ફક્ત ઈસ્લામ ધર્મ જ સત્ય હોત તો ખુદાએ દુનિયામાં બીજા ધર્મો પેદા જ ન થવા દીધા હોત, જ્યારે અહીં ઘણા બધા ધર્મો મોજુદ છે. જે ધર્મમાં સદાચાર, પ્રેમ અને દયા છે એ જ સત્ય હશે અને એજ આ સંસારમાં ટકી શકશે. આ ગુણો જે ધર્મમાં નહીં હોય તે વ્યર્થ હશે."

ઔરંગઝેબે તે પછી બોલ્યો, - "આ બધી બેકાર વાતો છે. જો તમે કોઈ કરામત બતાવી શકતા નથી તો પછી નવો ધર્મ ચલાવવાનો તમને શો અધિકાર છે ? બાદશાહની હઠ જોઈને ગુરુ તેગબહાદુર બોલ્યા - "મારી કરામત એ જ છે કે એક મંત્ર લખેલી ચિઠ્ઠી મારા ગળે બાંધેલી છે. તેના પ્રભાવથી તમારી તલવાર મારી ગરદન પર કોઈ અસર કરી શકશે નહીં. ઈચ્છો તો પરીક્ષા કરી શકો છો." - ઔરંગઝેબે જલ્લાદને તલવાર ચલાવવા કહ્યું - પરંતુ જલ્લાદે જેવી તલવાર ચલાવી કે એક જ ઝાટકે ગુરુનું મસ્તક કપાઈને નીચે પડયું. દરબારમાં સન્નાટો છવાઈ ગયો. તેમની ગળે બાંધેલી ચિઠ્ઠી ખોલીને વાંચવામાં આવી જેમાં લખ્યં હતું - "મસ્તક કપાવ્યું પણ સાર ન આપ્યો." ગુરુનું બલિદાન અભૂતપૂર્વ હતું. જેણે આગળ ચાલીને ઔરંગઝેબના શાસનને હચમચાવી મૂકયું.

❑

રાજા ભોજે સ્વપ્નમાં જોયું કે ગંદા કાદવથી ખરડાયેલું એક ભૂંડ સ્વચ્છ નદીમાં પ્રવેશી રહ્યું છે. સ્નાન પછી જ્યારે તે પાછું આવ્યું તો તે દેવપુરુષ જેવું બનીને પરત આવ્યું. જાગ્યા પછી રાજાએ વિચાર કર્યો, પરંતુ કશું ન સમજાયું.

પ્રાતઃકાળે રાજસભામાં રાજાએ તે આશ્ચર્યદાયક સ્વપ્નનું રહસ્ય પૂછ્યું તો એક વિદ્વાને બતાવ્યું કે પાપ જ કીચડથી ખરડાયેલું પશુ છે, પશ્ચાતાપની નિર્મળ નદીમાં જ્યારે તે સ્નાન કરી લે છે ત્યારે તેને દેવપુરુષ બનવામાં વાર લાગતી નથી.

* * *

**ત્યાગી લોક-સેવકોનું ગૌરવ વધારવું એ જનતાનું કર્તવ્ય છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આ સૃષ્ટિ અદ્દભુત અને વિલક્ષણ છે

ઈશ્વર શું છે ? એની પરિભાષા આપતાં સૂત્રકારે લખ્યું છે, "કર્તુમકર્તુમમન્યથાકર્તુમ્ શક્ય ઈશ્વરઃ" અર્થાત્ ઈશ્વર તે સમર્થ સત્તા છે, જે બધું કરી શકવામાં અદ્વિતીય છે. જો આમ છે, તો પછી સર્વોપરિ શક્તિના રૂપમાં એની માન્યતા યોગ્ય જ છે. જેના હાથમાં સંસારની સંપૂર્ણ શક્તિ હોય, જે સૃષ્ટિના સર્જક, નિયંત્રણકર્તા તથા પાલનકર્તા હોય એના માટે અઘટિતને ઘટિત અને અશક્યને શક્ય બનાવી દેવાનું કેવી રીતે અશક્ય હોઈ શકે ? નક્કી જ તે સત્તા આ પ્રમાણે કરી શકે છે. ગૂઢ વિજ્ઞાનનો સંપૂર્ણ આધાર અધ્યાત્મ વિજ્ઞાનની આ ધરી પર ટકેલો છે. આ મૂળ ધરીને સમજવી અપેક્ષિત છે. વિશ્વના આ સર્વોપરિ ગૂઢ તત્ત્વને જાણી લીધા પછી બીજું કાંઈ એવું જાણવાનું બાકી નથી રહેતું કે જેને સમજવામાં આત્મચેતના નિરૂપાય હોય. સમય સમય પર બનવાવાળા રહસ્યમય પ્રસંગો આ વાતને જ આમંત્રણ આપે છે કે આપણે તે પરમ તત્ત્વને જાણીએ, સમજીએ અને તેના સુધી પહોંચવાના ઉપાયો યોજીએ.

આ પ્રસંગ મહાત્મા રૂપકલાને સંબંધિત છે. તેમનું પહેલાંનું નામ ભગવાનપ્રસાદ હતું અને તેઓ શિક્ષણ વિભાગમાં ઉપશિક્ષણ નિરીક્ષકના પદ પર કામ કરતા હતા. આ વાત એ દિવસોની છે જ્યારે દેશ પરતંત્ર હતો. એક વખત તેઓ નિરીક્ષણ કાર્ય માટે બિહટા (પટના) રેલવે સ્ટેશનથી કેટલાય માઈલ દૂર દક્ષિણ પટણાના એક ગામડામાં ગયા હતા. તે દિવસોમાં શિક્ષણ વિભાગના ડાયરેક્ટર તરીકે જે. ક્રાફ્ટ નામનો એક અંગ્રેજ હતો. તેઓ કલકત્તાથી પટણા આવેલા હતા અને તે જ દિવસે કલકત્તા પાછા જવાના હતા. આ સંદર્ભમાં શિક્ષણ નિરીક્ષક આર. માર્ટિનનો એક પત્ર ઉપરના ગામમાં ભગવાન પ્રસાદને મળ્યો, જેમાં તેમને એ નિર્દેશ કરવામાં આવ્યો હતો કે તાત્કાલિક પટણા પહોંચીને સંબંધિત વિષય પરની ચર્ચા શિક્ષણ-નિર્દેશક શ્રી ક્રાફ્ટ સાથે કરી લેવામાં આવે. જ્યારે તેઓ પટણા જવા માટે બિહરા સ્ટેશન પર પહોંચ્યા તો ત્યાં જવા માટેની છેલ્લી ગાડી નીકળી ગઈ હતી. ત્યાં પટણા સ્ટેશને નિર્દેશક માટેની ગાડી છૂટવામાં ખૂબ થોડો સમય રહ્યો હતો. ભગવાનપ્રસાદને ખૂબ ચિંતા થઈ. આટલા ઓછા સમયમાં તેઓ ત્યાં કેવી રીતે પહોંચી શકે ? તેઓ પ્લેટફોર્મના બાંકડા પર બેસીને એ જ ગડમથલમાં હતા અને તેમને થોડું ઝોકું આવી ગયું. જ્યારે આંખો ખુલી ત્યારે પોતાને કોઈ બીજા સ્ટેશનના પ્રતીક્ષાલયમાં જોઈને એકદમ ચોંકી પડયા. બહાર નીકળીને સ્ટેશનનું નામ જાણવાની ઇચ્છા કરી, તો સામે જ 'પટણા જંકશન'નું બોર્ડ જોઈને આશ્ચર્યચકિત રહી ગયા.. તેઓ અનાયાસ બિહટાથી પટણા કેવી રીતે પહોંચી ગયા ? એમની સમજમાં કાંઈ ન આવ્યું. સમય ઓછો હતો તેથી તેઓ ક્રાફ્ટને શોધવા લાગ્યા. તેઓ સામે જ મળી આવ્યા. તેમની સાથે જરૂરી વિચારવિમર્શ કર્યો અને બિહટા પાછા જવા માટે આગળની ટ્રેન માટે પ્રતીક્ષાલયમાં જોઈને રાહ જોવા લાગ્યા. એમના મનમાં મિનિટો પહેલા બનેલી ઘટનાના સંબંધમાં જ ઉહાપોહ ચાલતો હતો ત્યાં ફરીથી આંખો મિંચાઈ ગઈ. જ્યારે ઝોકું પૂરું થયું તો તેઓ એ જોઈને ભારે અચંબામાં પડી ગયા કે હવે તેઓ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બિહટા સ્ટેશનમાં છે. પલકો ખૂલતા જ ફરીથી બિહટા કેવી રીતે પહોંચી ગયા આ તેમની સમજની બહાર હતું. આ પ્રસંગની તેમના મગજમાં એટલી ગંભીર અસર થઈ કે તરત જ પોતાની નોકરીમાંથી રાજીનામું આપી દીધું અને એકાંત સાધના કરવા લાગ્યા. આગળ જતાં તેઓ મહાત્મા રૂપકલાના નામથી પ્રસિદ્ધ થયા.

આને હળતો-મળતો એક બીજો પ્રસંગ ઓરિસ્સાના રસિક સંત રઘુનાથદાસ મહાપાત્રના સંબંધમા છે. રઘુનાથ પોતાના પિતાના એકના એક પુત્ર હતા. તેમના પિતા કૃષ્ણચંદ્ર એક ખૂબ મોટા જમીનદાર હતા. તેઓ જેટલા મોટા જમીનદાર હતા તેટલા જ વિશાળ હૃદયના હતા. તેમની પત્ની પણ એવી જ ઉદાર મનોવૃત્તિવાળી હતી.

એક વખતે તે ક્ષેત્રમાં ભીષણ દુષ્કાળ પડયો. કૃષ્ણચંદ્રએ આ પ્રાકૃતિક આપત્તિ જોઈને ખેડૂતો પાસેથી કર વસૂલ કરવાનું બંધ રાખ્યું. લોકોને આનાથી રાહત તો મળી, પરંતુ અનાજ વગર જીવતાં કેવી રીતે રહેવાય ? તેઓ બધા પરામર્થપરાયણ અને પરદુઃખ ભંજન સજીવ પ્રતિમૂર્તિ જમીનદારના દરવાજે પોતાનો કરૂણ પોકાર લઈને ભેગા થવા લાગ્યા. જમીનદારે પણ ખુલ્લા હાથે ધન વહેંચવાનું શરૂ કર્યું, પરંતુ આવું ક્યાં સુધી ચાલી શકે તેમ હતું ? આવકના સાધનો બંધ થઈ ગયા હતાં અને ખર્ચનો ભાર સતત વધતો જતો હતો. આથી તેઓ ઝડપથી દેવાના ભાર નીચે દબાઈ ગયા. આ કર્જમાંથી મુક્ત કેવી રીતે થઈ શકાય ? આની ચિંતા કરતાં કરતાં જલદીથી આ લોકમાંથી વિદાય થઈ ગયા. પત્ની તેમની સાથે જ સતી થઈ ગઈ.

રઘુનાથનું લગ્ન થઈ ગયું હતું. પત્ની અન્નપૂર્ણાની ઉંમર ઓછી હોવાના કારણે તે હજુ સુધી મા-બાપના ઘરે જ રહેતી હતી. રઘુનાથ અહીંયા એકલા જ હતા અને હવે અનાથ બની ગયા હતા. શરીર છોડતાં પહેલાં પિતા નિર્દેશ આપી ગયા હતા કે યથાસંભવ દેવું ચૂકવી નાંખવું અને જીવનમાં સત્યનિષ્ઠ બની રહેવું.

રઘુનાથની પાસે હવે એક જ વિકલ્પ હતો કે ઘર-બાર અને જમીન-મિલકત બધું જ વેચી દેવામાં આવે અને તેમાંથી થોડું દેવું ચૂકવી નાંખવું, કારણ કે સંપત્તિ તો પિતાની હયાતીમાં જ લગભગ ખલાસ થઈ ગઈ હતી. જે હતી, તે જમીન અને મકાનના રૂપમાં જ શેષ બચી હતી. રઘુનાથ તે બધું વેચીને ઋણમુક્ત થઈ ગયા, પરંતુ હવે તેઓ ઘર-બાર વિનાના હતા. તેઓ વિચારવા લાગ્યા કે આ રીતે ઘેર-ઘેર ભીખ માગવા કરતાં કોઈ પવિત્ર ક્ષેત્રમાં જઈને ભગવદ્ ભક્તિપૂર્વક જીવન વિતાવવું ઘણું સારું છે. આમ વિચારીને તેઓ પુરી જવા માટે નીકળી ગયા.

આ સમાચાર જ્યારે તેમના સાસરે પહોંચ્યા, તો બધા વિચારવા લાગ્યા કે હવે શું કરવું જોઈએ ? અન્નપૂર્ણા સિવાય બધા એ વાતમાં સંમત હતા કે એ કંગાળને છોકરી આપવા કરતાં તેના બીજા લગ્ન કરવા જોઈએ. પૈસા વડે શું અશક્ય છે ? નક્કી જ તે પરિવાર ધનની દૃષ્ટિએ પરિપૂર્ણ હતું, પરંતુ તેમનામાં સહૃદયતા ને બદલે કઠોરતા અને જુલ્મીપણું વધારે હતું, તેથી અન્નપૂર્ણાની લાખ વખત ના કહેવા છતાં પણ બધાએ રાજમંત્રીના પુત્ર સાથે લગ્ન નક્કી કરી દીધા. તિથિ પણ નક્કી થઈ ગઈ.

પેલી બાજુ અન્નપૂર્ણાની સ્થિતિ ખરાબ હતી. તે રાતદિવસ રડતી રડતી ભગવાનને પ્રાર્થના કરતી રહી કે ગમે તે રીતે આની જાણકારી રઘુનાથને મળી જાય અને તેઓ અહીંયા આવી જાય. બરાબર તે સમયે તેના થોડાક પાડોશીઓ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પુરીની યાત્રા પર જઈ રહ્યા હતા. અન્નપૂર્ણાએ તેમને એક પત્ર આપ્યો જેમાં પૂરી પરિસ્થિતિનું વિસ્તૃત વર્ણન આપીને તેમને અહીંયા હાજર થવાની વિનંતી કરવામાં આવી હતી અને સાથે પોતાનો મત બતાવતાં એમ પણ લખ્યું હતું કે આપ આવશો કે નહીં, પરંતુ તે બીજું લગ્ન કોઈપણ કિંમતે નહીં કરી શકે. મજબૂર કરવામાં આવશે તો પ્રાણત્યાગી દેશે.

પત્ર મળતાં રઘુનાથ વ્યાકુળ થઈ ગયા. તેમની બેચેનીનું મુખ્ય કારણ એ હતું કે પુરીથી સાસરી સુધીનો માર્ગ એક મહિનાનો હતો અને લગ્ન થવામાં માત્ર પંદર દિવસ જ બચ્યા હતા. તે કેવી રીતે ત્યાં પહોંચે ? કાંઈપણ સમજમાં ન આવતાં ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા અને લગભગ આખી રાત પ્રાર્થના કરતાં જ રહ્યા. પ્રાતઃકાળે થોડી ઊંઘ આવી ગઈ. આંખો જ્યારે ખુલી, તો સામે ભગવાન જગન્નાથનું મંદિર ન જોતાં થોડાક ચોંકી ઉઠયા. ચારેય બાજુ દૃષ્ટિ દોડાવી તો તે એકદમ અપરિચિત જેવું સ્થાન લાગ્યું. મંદિરને બદલે હવે તેઓ એક હવેલીની સામે હતા. રસ્તે જનારાઓને જ્યારે તે સ્થળ અને મકાનનો પરિચય પૂછયો તો જાણવા મળ્યું કે તેઓ પોતાની જ સાસરીના મકાન સામે ઊભા હતા. ઊંઘમાંને ઊંઘમાં તેઓ અહીંયા કેવી રીતે પહોંચી ગયા ? આ વાત સમજવામાં તેમને જરાપણ તકલીફ ન પડી. એ સારી રીતે જાણી ચૂકયા હતા કે આ ભગવાનની અસીમ કૃપાથી જ શકય બન્યું છે. ત્યારપછી તેઓ પોતાની પત્ની અન્નપૂર્ણાને સાથે લઈને પુરી ચાલ્યા ગયા અને આજીવન ત્યાં જ રહ્યા.

બંગાળના પ્રસિદ્ધ સંત રામપ્રસાદના જીવનનો પણ એક આવો જ અદ્ભુત પ્રસંગ છે. તેઓ કાળીના ભક્ત હતા, પરંતુ ન જાણે કેમ હિમાલયદર્શનની તીવ્ર અભિલાષા તેમને રહી-રહીને બેચેન કરતી હતી. તેઓ એટલા નિર્ધન હતા કે પોતાના બળે ત્યાં પહોંચી શકે તેમ ન હતા. આવકનું કોઈ સાધન હતું નહીં. જે કાંઈ થોડાક પૈસા કારકુનીથી મળી જતા હતા, તે નોકરી પણ તેમણે ભક્તિના આવેશમાં છોડી દીધી હતી. પછી હિમાલય-દર્શનની ઇચ્છા કેવી રીતે પૂરી થાય ? તેઓ કાંઈ સમજી શકતા ન હતા. ઇચ્છાની ઉપેક્ષા પણ કરી શકતા ન હતા, કારણ કે તે એટલી પ્રબળ અને આવેગપૂર્ણ હતી કે તેમને આકુળ-વ્યાકુળ બનાવી દેતી હતી. હારીને જગતજનની કાળીને એની કોઈ પ્રકારે વ્યવસ્થા કરી દેવાનું કહેવા લાગ્યા. કેટલાય દિવસની વિનંતીઓની કોઈ અસર ન થઈ તો અન્ન-જળ ત્યાગી દીધાં. એક દિવસ અને એક રાત નિરાહાર વીતી ગયાં. બીજો દિવસ અને બીજી રાત પણ આમ જ પસાર થઈ ગઈ. એમની અકળામણ વધવા લાગી. તેઓ દુઃખી અંતઃકરણથી કાળીને બોલાવવા લાગ્યા. આંખોમાંથી નિરંતર આંસૂની ધારાઓ વહેતી હતી. આજનો દિવસ પણ ખાધા વગર પસાર થઈ ગયો. રાત પડી. તેમની બેચેની વધતી જ જતી હતી. કાળીના ચિત્ર પાસે માથું ટેકવ્યું અને ભાવ-વિભોર અંતરથી રડવા લાગ્યા. સ્થળ અશ્રુપાતથી પૂર્ણ રીતે ભીનું થઈ ગયું. વ્યાકુળતા એટલી હતી કે બેભાન થઈ ગયા. થોડા સમય પછી ઠંડી લાગવાની અનુભૂતિ થઈ તો ઉઠીને બેઠા. પોતાને એક શિલાખંડ પર જોઈને હેરાન થઈ ગયા. સામે ગીચ જંગલ હતું. કોઈ જળધારાનો કલ-કલ અવાજ પણ સ્પષ્ટ રીતે કાને અથડાતો હતો. થોડેક દૂર કાંઈક સળગતું દેખાતું હતું, કદાચ કોઈ સાધુની ધૂણી હશે. સંત રામપ્રસાદે એટલું તો અનુમાન લગાવી લીધું કે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આ ઉત્તરાખંડનો જ કોઈ ભાગ હોવો જોઈએ, પરંતુ અનુમાનને પાકું કરવા માટે તેઓ ધૂણી તરફ વધ્યા. સાધુની સામે આવીને તેમણે પોતાની જીજ્ઞાસા પ્રગટ કરી તો જવાબ મળ્યો કે આ 'ઉત્તરકાશી' છે. સૂર્યોદય થતાં સુધી તેઓ ત્યાં જ ઠંડી ઉડાડતાં રહ્યાં. ત્યારબાદ દૈનિક ક્રિયાથી નિવૃત્ત થઈને હિમાલય-દર્શન માટે નીકળી પડયા. એ વિસ્તારમાં બે દિવસ હર્યા-ફર્યા પછી તેમનો મનોરથ પૂરો થઈ ગયો. હવે તેઓ થોડીક મુશ્કેલી પણ અનુભવવા લાગ્યા હતા. ફરીથી એ જ શિલાખંડ પર ત્રીજા દિવસે બેઠાં-બેઠાં કાળીની કૃપાનું સ્મરણ કરીને તન્મય થઈ ગાવા લાગ્યા-

**એમન દિન કિ હબે તારા**
**જબે તારા-તારા-તારા બલે**
**તારા બયે પડબે ધારા,**
**હૃદિ પદ્મ ઉઠબે ફુટે, મને આંધાર જાબે છુટે....**

ગીતની સમાપ્તિની સાથે જ તન્મયતા તૂટી ગઈ. આંખો ખુલી તો સામે કાળીનું ચિત્ર દેખાતું હતું. તેમણે પોતાને પોતાની જ પૂજાની ઓરડીમાં બેઠેલા જોયાં. આ દૃશ્યથી એક વાર ફરીથી એમના નેત્ર ઝૂકી પડયાં. ભાવ-વિભોરતાના કારણે જળધારાઓ ફરીથી વહેવા લાગી.

આ ગૂઢવિજ્ઞાનના પ્રસંગો છે. સર્વસાધારણને આ આશ્ચર્યજનક એટલા માટે લાગે છે કે સામાન્ય દૃશ્ય અને સામાન્ય પ્રસંગની માફક તે સહજ નથી હોતા. જો આવું થઈ જાય તો પછી એમની અદ્‌ભુતતા સમાપ્ત થઈ જશે અને મનુષ્યને પછીથી તે વિલક્ષણ લાગશે નહીં. વિલક્ષણતાના બધા જ માપદંડ અહીં સુધી સીમિત છે. જો આ વિસ્તારમાંથી બહાર નીકળીને વિચારી શકીએ, તો આપણે જોઈશું કે ઇશ્વરની આ સૃષ્ટિમાં અદ્‌ભુતતાથી વિશેષ બીજું કાંઈ છે જ નહીં. એ તો પોતપોતાની દૃષ્ટિ છે કે કોણ, કોને કયા રૂપમાં ગ્રહણ કરે છે, સ્વીકારે છે અને તેની વ્યાખ્યા-વિવેચન કરે છે. જોનારા સારાશમાં પણ ખરાબી જોઈ લે છે અને શ્રેષ્ઠતામાં કનિષ્ઠતા શોધી કાઢે છે, પરંતુ સતોગુણીની દૃષ્ટિ એ જ હોય છે કે તે વિષમાં પણ અમૃતની શોધ કરે. આ તે જ પ્રક્રિયા છે, જેના દ્વારા સંસારના રચયિતા સુધી સરળતાપૂર્વક પહોંચી શકાય છે અને તેને સારી રીતે સમજી શકાય છે. આ સર્વોપરિ અચંબાને સમજી લીધા પછી બાકીનાને સમજવું મુશ્કેલ નથી રહેતું, એવો ગૂઢ વિદ્યાના વિશારદોનો સુનિશ્ચિત મત છે.

એક દિવસ સમુદ્રએ નદીને પૂછ્યું - "મારી પાસે કોઈ ફરકતું પણ નથી, આદર પણ કરતું નથી, વધુમાં મારું પાણી પણ કોઈ પીવાનું પસંદ કરતું નથી."

નદીએ કહ્યું, "જે માત્ર લેવાનું જ જાણે છે અને સંઘરાખોરી કરે છે, તેની આ જ ગતિ થાય છે. આપ ફિટકાર અને તપાવ્યા સિવાય ક્યાં આપો છો. મને લોકો એટલા માટે પ્રેમ કરે છે કે જે મળે છે તેને ઉદારતાથી વહેંચવામાં મારો વિશ્વાસ છે.

* * *

**પતિતોને ઊંચે ઉઠાવવાનો વિરોધ કરવો એ ખરેખર અસુરતા છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## પુરુષાર્થ ચારનો વર્ગ (સમૂહ) : ધર્મ, અર્થ, કામ અને મોક્ષ

આપણા મનીષીઓએ ઉત્તમ, ચારિત્ર્યવાન, સુસંસ્કારવાન અને શુદ્ધ માણસોથી સજ્જ સમાજનું નિર્માણ કરવા માટે ધર્મ, અર્થ, કામ અને મોક્ષની નિસરણી આપણને સોંપી હતી. ધર્મ એનું પહેલું પગથિયું છે, પછી અર્થ અને કામ છે અને ત્યારે અંતમાં મોક્ષની પ્રાપ્તિ થાય છે. આજે આપણે ધર્મને તિલાંજલિ આપીને, અર્થ અને કામમાં ડૂબી જઈને, મોક્ષની શોધમાં ભટકી રહ્યાં છીએ. તો પછી સનાતન સુખની પ્રાપ્તિ કેવી રીતે થશે ? આવી સ્થિતિમાં તો માત્ર અશાંતિ અને બેચેની જ હાથમાં આવશે.

ધર્મ કોઈ ઉપાસના પદ્ધતિ નથી. એ તો એક વિશાળ અને વિલક્ષણ જીવન પદ્ધતિ છે. ઋષિ પરંપરા દ્વારા સિંચિત, અવતારો અને મહાપુરુષો દ્વારા સુરક્ષિત હિંદુ ધર્મનું વટ વૃક્ષ સનાતન કાળથી વિકસિત અને પુષ્પિત થતું આવી રહ્યું છે. આ જીવન પદ્ધતિમાં 'સ્વ'નો સ્વાર્થ નથી. એની છત્રછાયામાં સમગ્ર વિશ્વ 'જીવેત એવમ્ જીવયેત્' (જીવો અને જીવવા દો)ના સિદ્ધાંતનું પાલન કરીને સુખ અને શાંતિપૂર્વક જીવન વિતાવવાનો આનંદ ભોગવે છે. દેશવિદેશમાં ફેલાયેલાં અનેક પ્રકારના મતમતાંતરો અને ઉપાસના પદ્ધતિઓના સહઅસ્તિત્ત્વની સાથે આપણા સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યોમાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરવી હિંદુ ધર્મનો ઉદ્દેશ છે. ધર્મ જ માનવીના સમગ્ર કામકાજનું સંચાલન કરીને તંદુરસ્ત સમાજ રચનાનો આધાર પૂરો પાડે છે. માનવી, કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર જ્યારે ધર્મથી વિમુખ થઈને અધર્મના કાર્યોમાં જોડાઈ જાય છે ત્યારે તે પોતાના પગ પર જ ઘા કરે છે.

ધર્મ પછીનું બીજું સ્થાન અર્થનું છે. અર્થ વિના, ધન વિના સંસારનું કાર્ય ચાલી શકતું નથી. જીવનની પ્રગતિનો મૂળ આધાર ધન છે. ઉદ્યોગ-ધંધા, વેપાર, ખેતી વગેરે બધાં કાર્યો માટે ધનની જરૂરિયાત પડે છે. એટલું જ નહીં ધાર્મિક કાર્યો, તેનો પ્રચાર, અનુષ્ઠાન વગેરે બધું જ ધનબળ દ્વારા જ ચાલે છે. અર્થની કમાણી કરવી તે મનુષ્યનું પવિત્ર કર્તવ્ય છે. એના દ્વારા તે પ્રકૃતિની વિપુલ સંપત્તિનો પોતાના માટે અને સમગ્ર સમાજના માટે ઉપયોગ પણ કરી શકે છે અને એમાં વધારો પણ કરી શકે છે. પરંતુ તેના માટે ધર્માચરણનો નક્કર આધાર અનિવાર્ય બને છે. ધર્મથી વિમુખ થઈને અર્થની કમાણીમાં ડૂબેલો મનુષ્ય એક બાજુથી તો પ્રાકૃતિક સંપત્તિનો વિવેક ગુમાવીને સંગ્રહ કરીને સંસારના પર્યાવરણનું સમતોલન નષ્ટ કરે છે અને બીજી તરફ પોતાના ક્ષણિક લાભમાં દિશાચૂક બનીને પોતાને અને સમાજને માટે અનેક પ્રકારના રોગો અને દુ:ખોને જન્મ આપે છે. ધર્મએ આપણને એ માર્ગ બતાવ્યો છે કે અર્થની કમાણી કરતાં રહીને પ્રકૃતિ પાસેથી અને સમાજ પાસેથી આપણે જેટલું મેળવ્યું છે તેનાથી વિશેષ તેને પરત કરવાનો હંમેશાં પ્રયત્ન કરતાં રહેવું. આપણી યજ્ઞ પરંપરા પણ આ જ શ્રેષ્ઠ ભાવના પર આધારિત છે.

ધર્મ અને અર્થ પછી કામને ત્રીજું સ્થાન આપવામાં આવ્યું છે. કામનો ધર્મ અને અર્થ પર આશરો હોવો જોઈએ. કામ તો જીવનની પ્રાણશક્તિ છે. મનુષ્યમાં જો કોઈ ઇચ્છા ન હોય



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને કંઈ કરવાની તેમજ પ્રાપ્ત કરવાની તમન્ના ન રહે તો તે મૃતપ્રાય જ બની જશે. પ્રગતિનું ચક્ર અટકી જશે. કામની ઇચ્છાથી પ્રેરિત થઈને જ મનુષ્ય જાતજાતની શોધખોળો કરે છે, ભૌતિક સુખના સાધનો તૈયાર કરે છે અને એનાથી જ ચારે દિશામાં પ્રગતિના દર્શન થાય છે. પરંતુ આપણા ધર્મગ્રંથોએ 'તેન ત્યકેન્ ભુંજીથા'નો મંત્ર આપ્યો છે. ત્યાગની ભાવનાથી ઉપભોગ કરો. સંસારમાં જે કંઈ પણ છે તે સમાજના માટે છે અને ધર્માનુસાર, વિવેકપૂર્ણ ચિંતનના આધાર પર જ તેનો ઉપભોગ કરો. પહેલા ત્યાગ કરો, અન્ય બધાને ધ્યાનમાં રાખો અને પછી સ્વયં ઉપભોગ કરો. બીજાઓને જમાડયા પછી જમો. કામને, પોતાની ઇચ્છાઓ અને તમન્નાઓને સમાજથી ઉપર સમજીને તેમના ભારથી સમાજને નષ્ટભ્રષ્ટ ન કરો, નહીં તો છેવટે એ તમારા જ વિનાશનું કારણ બનશે.

મોક્ષનું સ્થાન છેવટનું ગણાય છે. એ આપણને ત્યારે પ્રાપ્ત થઈ શકશે જ્યારે આપણો અર્થ અને કામ બંનેય ધર્મથી સંચાલિત થશે. ત્યાર પછી ચારે તરફ શાશ્વત સુખ અને શાંતિનું સામ્રાજ્ય બનશે. ધર્માનુસાર આચરણ ન કરવા છતાંય આપણે અર્થનું સુખ તો મેળવી શકીશું, પરંતુ મનનો ક્લેશ અને અશાંતિના અતિરેકમાં મોક્ષ ક્યાં મળશે ? આપણે બાહ્ય દૃષ્ટિથી ભલે ધન-ધાન્ય, વૈભવ અને સમૃદ્ધિથી પરિપૂર્ણ દેખાઈએ, પરંતુ અણઘડ, અસભ્ય અને અસંસ્કૃત હોવાથી આપણે આર્થિક દૃષ્ટિએ પણ ઘણા જ નુકસાનમાં રહીએ છીએ. દરિદ્ર, પ્રમાદી, દુર્ગુણી, દુર્વ્યસની મનુષ્યો કાં તો યોગ્ય અર્થની કમાણી કરી શકતાં નથી અને જો કંઈ કમાય છે, તો તેને નશાબાજી અને અન્ય ખોટા ખર્ચાઓમાં નષ્ટ કરી દે છે. તેમની તમન્નાઓ, અંધવિશ્વાસ, કુરિવાજો, દુર્વ્યસનો સ્વયં તેને ખાવા લાગે છે. દરેક સમયે મનમાં અશાંતિ અને ભય છવાયેલો રહે છે. આવા વાતાવરણમાં મોક્ષની કલ્પના કરવી તે રાત્રિમાં સૂર્યની શોધ કરવા બરાબર છે.

આજે મનુષ્યને માનસિક ઉદ્વેગ તથા સમાજમાં ફેલાયેલી અનેક પ્રકારની બુરાઈઓ અને રોગોનું મૂળ કારણ જ એ છે કે આપણે 'પુરુષાર્થ ચારનો વર્ગ'ની પવિત્ર નિસરણીને ખંડિત કરી દીધી છે. ધર્મના વાસ્તવિક શાશ્વત સ્વરૂપને તિલાંજલિ આપી દીધી છે. ધર્મથી વિમુખ થવાથી આપણા બધા કામકાજે આપણને પતનના ખાડામાં ધકેલી દીધા છે. સ્વસ્થ, સમૃદ્ધ અને સમરસ સમાજની પુનર્સ્થાપના કરવા માટે આપણે ધર્મનો મજબૂત આધાર જ સ્વીકારવો પડશે. એના દ્વારા જ સમાજનું અને આપણું કલ્યાણ શક્ય બનશે.

❑

અકબરે દરબારીઓની બુદ્ધિ ચકાસવા માટે એક ચાદર મંગાવી, જે તેમની લંબાઈ કરતાં ટૂંકી હતી. બધાને એવો પ્રશ્ન પૂછવામાં આવતો હતો, કે ચાદરને કાપ્યા કે વધાર્યા સિવાય તેમનું શરીર કેવી રીતે ઢાંકી શકાય ?

અન્ય કોઈ ઉત્તર ન આપી ન શકતાં બીરબલે કહ્યું, "હજુર, આપના પગ સંકોચી લો તો મજાથી તે જ ચાદરમાં શરીર ઢાંકીને સૂઈ શકો."

બુદ્ધિમાનીની વાત બધાને પસંદ પડી. સાધનોને વધાર્યા સિવાય પણ જરૂરિયાતો ઘટાડીને પણ ગુજરાન થઈ શકે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# એકવીસમી સદી - નારી શતાબ્દી

એકવીસમી સદી મહાન પરિવર્તનની વેળા છે. એની પહેલાંના બાર વર્ષ યુગસંધિના નામથી બતાવવામાં આવ્યા છે. આ ગાળામાં સૂક્ષ્મ જગતની કાર્યવ્યવસ્થા ઘણા મોટા પરિવર્તનોની રૂપરેખા બનાવી રહી છે અને મહત્ત્વાકાંક્ષી યોજનાઓનું નિર્માણ કરી રહેલ છે. તેનું લક્ષ્ય સતયુગનું પુનરાગમન કરવાનું છે. આવનાર દિવસોમાં ઋષિ પરંપરાઓ, દેવ પરંપરાઓ અને મહામાનવો દ્વારા અપનાવાયેલ દૃષ્ટિકોણ, રીત-રિવાજો અને નિર્ધારણો અમલમાં આવનાર છે. લાંબી નિશાકાળથી સર્વત્ર વ્યાપેલો અંધકાર હવે દૂર થવાની ખૂબ નજીક છે. ઉષાકાળનો ઉદ્‌ભવ થઈ રહ્યો છે અને અરૂણોદયનો પરિચય થઈ રહ્યાં છે. આ પ્રભાતના પર્વમાં ઘણું બધું બદલાનાર, સુધરનાર અને નવા સ્વરૂપથી નવનિર્માણ થનાર છે. આ જ સંદર્ભમાં એક મોટી યોજના નારીનુ ગુમાવેલું વર્ચસ્વ નવા સ્વરૂપથી પરિપૂર્ણ કરનાર છે. તે પોતે જાગશે, અનિચ્છનીય બંધનોથી મુક્ત થશે અને એવું કંઈ કરી શકવામાં સમર્થ બનશે કે જેનાથી તેનો પોતાનો સમુદાય, જન સમુદાય અને સમગ્ર સંસારને ન્યાય મળવાની શક્યતા જન્મશે તેમજ ઉજ્જવળ ભવિષ્યની પ્રવૃત્તિઓને યોગ્ય પ્રોત્સાહન મળશે. એકવીસમી સદી - નારી શતાબ્દીના નામથી પ્રખ્યાત બનનાર છે.

## નવી શતાબ્દી - નારી શતાબ્દી

અંધકાર યુગમાંથી બહાર આવીને અનેક સત્પ્રવૃત્તિઓની માફક નારી પણ નવા સ્વરૂપથી અનેક વર્ચસ્વનો પરિચય કરાવવા માટે આગળ વધી રહી છે. એને કલ્પના કે શક્યતા નહીં, બલ્કે સુનિશ્ચિત ભવિષ્ય જ સમજવું જોઈએ.

આ ક્રમ વિદેશોમાં તો ક્યારથીયે શરૂ થઈ ગયો છે. સમુન્નત દેશોમાં જે ક્ષેત્રોમાં પુરુષો પોતાના પુરુષાર્થનો પરિચય આપી રહ્યાં છે, તે બધા ક્ષેત્રોમાં નારીનો પ્રવેશ થઈ ગયો છે. અમેરિકા, જાપાન, જર્મની, રશિયા વગેરે દેશોની મહિલાઓ રાજનીતિથી લઈને વૈજ્ઞાનિક અને આર્થિક ક્ષેત્રોમાં ક્રાંતિકારી કાર્ય કરી રહી છે. એમની સમાજસેવા પણ એવી છે કે જેના માટે મુક્ત કંઠથી પ્રશંસા કરી શકાય છે. મોન્ટેસરીની શિક્ષણક્રાંતિ, ફ્લોરેન્સ નાઈટિંગલનું રેડક્રોસ આંદોલન, મેડમ ક્યુરીની વૈજ્ઞાનિક શોધખોળ, મધર ટેરેસાની દરિદ્રો પ્રત્યેની કરૂણા, મેરી સ્ટોપનો કુટુંબ નિયોજન કાર્યક્રમ વગેરે એવી સિદ્ધિઓ છે, જે શાશ્વત કાળ સુધી ભાવભરી યાદગાર બની રહેશે. રાજનીતિના ક્ષેત્રમાં ઈન્દિરા ગાંધી ગોલ્ડામેયર, માર્ગરેટ થેચર, બંદારનાયક, કોરા એક્વિનો વગેરેનાં નામ હરકોઈને યાદ છે. જાપાનમાં તો કમાલ થઈ છે. ત્યાં એક મહિલા ટાકોકા ડોઈ જનમાનસ પર એટલી બધી છવાઈ ગઈ કે પહેલાં ટોકિયો એસેમ્બલીની ચૂંટણીમાં તથા તેના પછી સમગ્ર જાપાનની ચૂંટણીમાં મહિલા પ્રજાતાંત્રિક પાર્ટીને બહુમત અપાવી શકી. દુનિયાભરમાં મહિલાઓ પોતાના વર્ચસ્વનું પ્રમાણપત્ર આપી રહી છે, જેને જોઈને તેમના પર પછાતપણાનો આરોપ મૂકી શકાતો નથી.

આ બધું આજકાલના દિવસોમાં આ જ શતાબ્દીમાં શક્ય બન્યું છે. હવે આ પ્રગતિમાં કંઈ વિશેષ પૂર આવવાની પૂરેપૂરી શક્યતા છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એના લક્ષણો પણ ડગલે ને પગલે પૂરાવાઓની સાથે સામે જણાઈ રહ્યાં છે. ઉદાહરણ તરીકે ભારતના એક નાના રાજ્ય કેરાલાને લઈ શકાય છે. ત્યાંની છોકરીઓએ શિક્ષણના ક્ષેત્રમાં અગ્રેસર બનીને ભારતના બીજા બધાં ક્ષેત્રોને પાછળ મૂકી દીધાં છે. સ્કૂલમાં પ્રવેશ મેળવ્યા પછી કોઈ છોકરી ગ્રેજ્યુએટ થયાં પહેલાં અભ્યાસ છોડતી નથી, બલ્કે આગળના વિવિધ ક્ષેત્રોમાં યોગ્યતા વધારવાનો ક્રમ યથાવત જાળવી રાખે છે. મહિલાઓએ આગ્રહપૂર્વક સરકાર દ્વારા એ કાયદો પસાર કરાવ્યો છે કે ૨૬-૨૭ વર્ષથી નાની મહિલા અને ૨૯ વર્ષથી નાની ઉંમરનો કોઈ પુરુષ લગ્ન ન કરી શકે. આ પ્રયાસોના ત્રણ સત્પરિણામ જોવાં મળ્યાં છે. એક એ છે કે પ્રગતિના માર્ગમાં ડગલે ને પગલે બાધારૂપ બનનારી વસતીનો વૃદ્ધિ દરમાં સંતોષકારક ઘટાડો થયો છે. બીજું પરિણામ એ છે કે ત્યાંના શિક્ષિતોએ દેશ-વિદેશોમાં આજીવિકા મેળવવામાં આશ્ચર્યકારક સફળતા મેળવી છે. ત્રીજું એ છે કે તે પ્રદેશની સમૃદ્ધિમાં સંતોષકારક અભિવૃદ્ધિ થઈ છે. પરિણામ સ્વરૂપે સરકારે પ્રજાની ખાદ્ય વસ્તુઓની કિંમતમાં અસાધારણ ઘટાડો કર્યો છે. ગુનાઓની સંખ્યા નગણ્ય રહી છે. આ બધી વાતોમાં નારી સમાજના સ્વયંના ઉત્સાહે મુખ્ય ફાળો આપ્યો છે. આમેય પુરુષોએ તેમના માર્ગમાં કોઈ અડચણ ઊભી કરી નથી. કેરાલાની એક મહિલા તો અમેરિકાના નૌકાદળમાં ઘણા ઊંચા હોદ્દા પર બિરાજમાન છે.

આ તો આજકાલ ચાલી રહેલી નારી પ્રગતિની એક માત્ર હળવી ઝાંખી છે. જો વિશ્વભરમાં ફરીને જોઈએ તો ખાતરી થશે કે અનેક દેશો કે ક્ષેત્રોમાં આ સંદર્ભમાં ઉત્સાહ ઉમટયો છે અને નારીની પ્રગતિને જોતાં તારણ નીકળે છે કે આ હવા આગળ પણ રોકાનાર નથી અને તે લક્ષ્ય પૂરું થઈને રહેશે, જેમાં "નર ઔર નારી એક સમાન"નો નારો લગાવવામાં આવ્યો છે.

## ભારત અગ્રેસર હતું - અગ્રેસર રહેશે

ભારતે આ દિશામાં હજુ ઘણું બધું કરવાનું છે. જે દેશની સંઘમિત્રા અને આમ્રપાલી જેવી નારીઓ પોતાના સુખ-સગવડોના સાધનોને ત્યાગીને વિશ્વ કલ્યાણ માટે નીકળી પડી હતી અને દુનિયાભરમાં બૌદ્ધ મઠોની સ્થાપના અને સંગઠનમાં અસાધારણ રીતે સફળ થઈ હતી, તે જ દેશમાં આજકાલ નારીનું પછાતપણું હજુ પણ ખરાબ રીતે છવાયેલું છે. ગ્રામ્ય પ્રદેશોમાં તો તેનું શિક્ષણ અને સામાજિક સ્થિતિ દયાજનક સ્તરની જોવા મળે છે. છતાંય સમયનું પરિવર્તન આ પછાત વિસ્તારોમાં પણ ચમત્કાર રજૂ કરવા માટે કટિબદ્ધ થઈ રહેલ છે અને પ્રગતિશીલતાનો નવો ઉત્સાહ ઉમટી રહ્યો છે.

ભારતમાં પંચાયતી રાજ્યની સ્થાપના થઈ ગઈ છે. વધુમાં પંચાયતોની ચૂંટણીમાં નારીઓને ત્રીસ ટકા જગ્યાઓ આપવાની જાહેરાત પણ થઈ છે. આશા છે કે આ ટકાવારી રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે પણ ઊંચી જશે. જન જાતિઓની અનામતની માફક અન્ય મહત્ત્વપૂર્ણ વિભાગો અને પદો માટે પણ તેનું યોગ્ય ધ્યાન આપવામાં આવશે. સમયની આ માંગનો કોઈ પણ ઈન્કાર કરી શકશે નહીં.

શાસન ક્ષેત્રોમાં નારીનો પ્રવેશ થવાની વાત ભલે શરૂ થઈ છે, પરંતુ તે પ્રગતિનો ક્રમ તેટલા નાના ક્ષેત્ર પૂરતો મર્યાદિત બનીને રહેશે નહીં. આ પ્રતીક માત્ર છે કે તેમની ઉપયોગિતા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સમજાવવા લાગી છે અને યોગ્ય સન્માન મળવાથી પ્રથા શરૂ થઈ છે. અનેક ક્ષેત્રોમાં પરિવર્તનની જરૂરિયાત છે. તેમને સુવ્યવસ્થિત કરવાની જવાબદારી નારીઓના ખભા પર અનાયાસ વધતી જઈ રહી છે. સહકારનું મહત્ત્વ સમજાઈ રહ્યું છે અને પગ પકડીને પાછળ પાડી દેવાની ભ્રષ્ટ રમત હરકોઈને માટે હરકોઈ દૃષ્ટિથી નુકસાનકારક અને દુઃખદાયક જ હોઈ શકે છે એનો અનુભવ થઈ રહ્યો છે.

આગામી દિવસોમાં નારી સ્વાભાવિક રૂપથી વિશેષ સમર્થ, કુશળ અને સુસંસ્કૃત બની રહી છે. આ તેના નવજીવનનો સોનેરી સમય છે. વર્ષાઋતુ શરૂ થાય અને લીલોતરીની શોભા ન દેખાય એ તો બની શકે જ નહીં. વસંતનું આગમન થાય અને વૃક્ષ-છોડ પર રંગબેરંગી ફૂલો ન ખીલે, એ તો હોઈ શકે જ નહીં. પ્રભાતનો ઉદય થાય અને અંધકારની સ્થિતિ જળવાઈ રહે એ તો ન બનવા કાળ છે. યુગની અધિષ્ઠાત્રી, ધરતીની દેવી સમાન નારી પોતાનું ગૌરવ દબાવી અને સમેટીને બેસી રહે એ વિકટ ભરી સ્થિતિ કેમ, કેવી રીતે અને ક્યાં સુધી ચાલુ રહી શકે છે ? સમર્થતાની સાથે સમજદારી પણ વધે છે અને તે અદૃશ્ય સત્તાના માર્ગદર્શનમાં વિકાસની દિશામાં આગળ વધે, તો તેના દ્વારા સર્જાનારા ચમત્કારોથી વંચિત રહેવાનું કેવી રીતે શક્ય બની શકશે ?

નારીની સહાય ક્યારેય નિમ્ન સ્તરની હોતી નથી. તેણે ધરતીની, શક્તિની, વર્ષાની, પ્રાણવાયુની માફક પોતાની વિભૂતિની વર્ષાથી સંસારના કણેકણને સરસ, સુંદર અને શ્રેષ્ઠ બનાવ્યો છે. કરૂણા, દયા, સેવા તેનું સમર્પણ અને કૃપા જ છે, જે આ સંસારને સુરમ્ય અને સુસંસ્કૃત બનાવી રહેલ છે. આગામી દિવસોમાં તો તેણે પોતાના મહત્ત્વ વિશેનો પરિચય આ જ કરતાંય વિશેષ માત્રામાં કરાવવાનો છે. પ્રતિકૂળતાઓને અનુકૂળતામાં, પતનને પ્રગતિમાં અને સમસ્યાઓનો ઉકેલ રજૂ કરવામાં આગામી દિવસોમાં તેનું અગ્રગણ્ય યોગદાન હશે.

આ બધું કંઈ અચાનક નહીં બની જાય. કુદરત ગમે તે ઇચ્છતી હોય, પરંતુ તેના માટે પુરુષાર્થ તો કરવો જ પડે છે. બુદ્ધ, ગાંધી જેવા દેવાત્માઓ વિશ્વ કલ્યાણને માટે અવતર્યા હતાં. પરંતુ એ લક્ષ્ય એકાએક જ પૂરું થયું નહીં. તેમણે પોતાને તથા તેમના સાથીદારોને નિશ્ચિત લક્ષ્ય સુધી પહોંચવા માટે ત્યાગ અને સાહસભર્યા પ્રયત્નો કરવા પડયાં હતાં. હનુમાન અને અર્જુન મહાપ્રતાપી બનવા માટે જન્મ્યાં હતાં. તેઓને દૈવી કૃપા પણ વિપુલ માત્રામાં પ્રાપ્ત થઈ હતી. પરંતુ એ ભૂલવું ન જોઈએ કે તેમણે પોતાના સાથીદારોની સાથે અસાધારણ પુરુષાર્થ બતાવવો પડયો હતો. થાળીમાં પીરસેલું ભોજન આપોઆપ મોઢામાં પ્રવેશીને ભૂખનું નિવારણ કરતું નથી. તો પછી યુગ અવતરણ માટે નારીના અભ્યુદયની શક્યતા પોતાનું યોગ્ય વળતર માગે તો તેમાં શું આશ્ચર્ય છે ?

પ્રત્યક્ષ રીતે તો શિક્ષણ સ્વાવલંબન, કુટુંબનું પોષણ, કળા-કૌશલ્ય જેવાં ક્ષેત્રોમાં નારીનો સહયોગ મળવાથી કામ તો થાય છે. આ બધા કામોમાં વિચારશીલોથી લઈને સરકાર સુધીનો સહકાર મળી રહ્યો છે. તેઓ નોકરીઓ મેળવી રહી છે. આ લક્ષ્યોને પ્રગતિનું નામ અપાઈ રહ્યું છે. આટલું હોવા છતાંય એક મોટી મુશ્કેલી હજુ પણ જણાય છે. આ મુશ્કેલી માન્યતાઓ અને પ્રથાઓના રૂપમાં અદૃશ્ય હોવા છતાંય એટલું નુકસાન કરી રહી છે કે જેથી દેખાતા વિકાસ કાર્યોથી થનારા લાભોને નગણ્ય જ કહી શકાય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## આ બંધનો હવે તૂટવાં જ જોઈએ

પ્રજાના મનમાં નારી વિશેની એટલી બધી ભ્રમણાઓ અને મૂઢ માન્યતાઓ રૂઢ થઈ ગઈ છે કે તેને માયાનો પ્રકોપ કહી શકાય છે, જેથી તેનો તાત્કાલિક નિર્ણય થતો નથી. દુર્બુદ્ધિ સમજદારી જેવી જણાય છે. આ ક્ષેત્રમાં પરિવર્તન લાવવું જરૂરી છે. માન્યતાઓને અનુરૂપ વિચાર પ્રવાહ ચાલતો હોય છે. તેને અનુરૂપ કામકાજ અને વ્યવહારનો ક્રમ આપોઆપ ચાલતાં હોય છે. જે દિવસોમાં નારીની શ્રેષ્ઠતા સ્વીકારવામાં આવતી હતી અને તેને મનુષ્યના રૂપમાં દેવીની માન્યતા અપાતી હતી, ત્યારે તે પોતાની ક્ષમતાઓને પ્રગટાવવામાં અને સમગ્ર માનવ જાતિનું અનેક પ્રકારનું હિત સાધવામાં સમર્થ રહેતી હતી. કુટુંબોને નર રત્નોની ખાણ બનાવવાનું શ્રેય તેના ખભા પર આવતું હતું. પરંતુ જ્યારથી તેને તે ઉચ્ચપદ પરથી હટાવીને માત્ર પાલતુ પશુની સમાન સમજાવા લાગ્યું ત્યારથી તે સ્વાભાવિક રીતે અશક્ત, અસુરક્ષિત અને ગુલામીના ખાડામાં વધુને વધુ ઊંડે સુધી ગબડતી થઈ.

આજકાલ નારી પ્રત્યેનો જે દૃષ્ટિકોણ છે, તેમાં વડીલો તેને પારકા ઘરનો કચરો માનીને અવગણના કરે છે અને છોકરાઓની સરખામણીમાં ક્યાંય નીચલી કક્ષાનો પક્ષપાત્ર કરતાં હોય છે. પતિની નજરોમાં તે વાસનાની આગ સંતોષવાનું એક માધ્યમ છે. તેને કામિની, રમણી અને ભોગ્યાના રૂપમાં જ જોવામાં અને સમજવામાં આવે છે અને તેને બાળકોને અસહ્ય બોજ ઉઠાવવા માટે લાચાર કરવામાં આવે છે. સાસરી પક્ષમાં તે બધાની નજરમાં એક દાસી, છે, જેણે દિવસ-રાત કામમાં ગૂંથાયેલા રહેવું પડે છે, અને બદલામાં કોઈ અધિકાર કે સન્માન મેળવવા માટે અનાધિકારી માની લેવામાં આવે છે. આવી પરિસ્થિતિમા રહેનાર કોઈ પણ માનવી મૌલિક પ્રતિભાઓને ગુમાવતો રહેશે એ વાત સ્પષ્ટ છે. આજકાલ આવી જ તેની પ્રકૃતિ બની ગઈ છે. નિમ્ન માનસિકતાએ તેની શ્રેષ્ઠતાનું અપહરણ કર્યું છે અને છતાંય એવું ન કરવા માટે માગણી કરવાની બાબતમાં અસહાય અને અસમર્થ બનાવી દીધી છે. આવી સ્થિતિમાં તેની ઉપયોગિતા અને પ્રતિભામાં ઘટાડો થતો જાય તે સ્વાભાવિક જ છે. અડધી વસતીને આવી દયાજનક સ્થિતિમાં મૂકી રાખવામાં પુરુષ પણ માત્ર નુકસાનમાં જ રહે છે. સમગ્ર સંસારને તેના ગૌરવજન્ય વિવિધ લાભોથી દૂર રહેવું પડે છે. વિશેષ કરીને ભારત જેવા પછાત દેશના લોકોને માટે તો આ સતત નુકસાનનો ધંધો છે.

ન્યાય અને અધિકારની પ્રાપ્તિ માટેની માંગ માટે જ્યારે સંઘર્ષો થતાં હોય તેવા યુગમાં નારીની પહેલાના જેવી સ્થિતિ જળવાઈ રહે એ તો અશક્ય બાબત છે. સમય બદલાતાં અનેક પ્રસંગોમાં અનેક સ્તરનું પરિવર્તન લાવવા માટે માનવીને ફરજ પડી છે. તે બદલાતો પ્રવાહ નારીની સ્થિતિ યથાવત પડી રહેવા દેશે નહીં. આવું પરિવર્તન અને પ્રગતિની એક નાની સરખી ઝાંખી રૂપનું દર્શન નારીના અધિકારોને કાયદાની સ્થિતિ મળવાથી શરૂ થયું છે અને તેને લીધે સામાજિક ક્ષેત્રોમાં યોગ્ય ન્યાય મળવાની શક્યતાનો સંકેત મળ્યો છે. પંચાયતની ચૂંટણીમાં તેમના માટે ૩૦ ટકા જગ્યાઓ અનામત કરવામાં આવી છે. આ અધિકાર રાજ્યની અને કેન્દ્રની શાસન સભાઓમાં પણ મળશે. આ આધાર પર પ્રગટેલા ઉત્સાહે નર અને નારી બંનેને પ્રભાવિત કર્યાં છે. નારી વિચારે છે કે તેણે પ્રત્યેક દૃષ્ટિથી શાસન નીચે રહેવાની લાચારી શા માટે ઉઠાવવી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જોઈએ ? જ્યારે તેને શાસનમાં ભાગીદાર બનવાની તક મળી છે ત્યારે તે શા માટે ગુમાવી દે ? અને ભવિષ્યમાં પોતાના વર્ગને ઉચ્ચ અધિકારો અપાવવાનું અને સ્વાગત કરવાનું માનસ કેમ ન બનાવે ? કુટુંબના પુરુષો પણ વિચારે છે કે આપણો કોઈ સભ્ય જો શાસનમાં ભાગીદાર બને છે તો તે આધાર પર સમગ્ર કુટુંબનું સન્માન અને અધિકાર વધશે જ. એટલે જ્યાં સન્માનના લાભનો પ્રસંગ આવે છે ત્યાં સહજ સંમતિ થઈ જાય છે. વર્તમાનમાં થયેલા સુધારાનો સર્વત્ર સ્વીકાર થયો છે અને તેને માટે નારીઓને વધુ સુયોગ્ય બનાવવાના પ્રયત્નો શરૂ થઈ ગયા છે કે જેથી તેઓ પ્રજાની સામાન્ય દૃષ્ટિમાં મહત્ત્વપૂર્ણ માનવામાં આવે અને તેમને મતદાનમાં પણ સફળતા મળે.

## સમયની નાડને ઓળખવામાં આવે

વાસ્તવમાં મહાકાલનું આ પહેલું આશ્વાસન છે, જેના દ્વારા પછાતને ઊંચા ઉઠાવીને સમાનતાના સ્તર પર લાવવા દૈવી શક્તિઓનો વચનબદ્ધ રહેવાનો વિશ્વાસ છે. લોકમાનસ પણ સમયની પ્રચંડ ધારાની વિરુદ્ધ રહેવા માટે લાંબા સમય સુધી દુરાગ્રહ કરી શકતું નથી. મજબૂત વૃક્ષોને તોફાન ઉખાડીને ફેંકી દે છે. મૂશળધાર વરસાદમાં મકાનના છાપરા અને વૃક્ષો પણ ઉખડીને વહી જતાં હોય છે. પાણીનું ભારે દબાણ મોટા મોટા બંધોમાં પણ તીરાડ પાડી દેવામાં અને તોડીને તાણી જવાના દૃશ્યો રજૂ કરે છે. આ મહાકાલનો પોકાર જ છે, જેણે નારીને પછાત ક્ષેત્રમાંથી હાથ પકડીને આગળ વધારવા માટે ખેંચી છે. હવે એ નિશ્ચિત છે કે નારી શિક્ષણનો તેજ ગતિથી વિસ્તાર થશે. શિક્ષણ અને વહીવટમાં પુરુષનો એકલાનો અધિકાર રહેશે નહીં. નારી શિક્ષણની કુટુંબના વિસ્તારોથી લઈને શાસકીય શિક્ષણ વિભાગ સુધીની યોગ્ય વ્યવસ્થા કરવી પડશે. નારીનું શિક્ષણ માત્ર નોકરી અપાવવા સુધી મર્યાદિત ન રહેતાં તેને સમાનતા અને એકતાના પ્રત્યેક ક્ષેત્રમાં સમાન તક પૂરી પાડવાની કાર્ય-વ્યવસ્થામાં કામ લાગશે. નારી પોતાનું મહત્ત્વ, મૂલ્ય, અધિકાર અને ભવિષ્ય સમજે એનું કાર્ય શિક્ષક અને શિક્ષિકાઓ કરે, નહીંતર પ્રત્યેક દિશામાં પ્રગટ થતી પ્રગતિશીલતા એ કરાવીને રહેશે. અનીતિસર્જક બંધનોને તોડીએ અને એ સ્વતંત્ર વાતાવરણમાં શ્વાસ લેવાની તક મળે તેવી સ્થિતિમાં રહીએ. એ કહેવાની જરૂર નહીં પડે કે આ જ લક્ષ્ય યુગ ચેતનાએ સ્વીકાર્યું છે તથા નર અને નારી એક સમાનનો નારો સમગ્ર આકાશમાં ગુંજતો કર્યો છે.

❑

અંગ્રેજો તો એ જ ઈચ્છતા હતા કે કંઈ એવું કરતા જાઓ કે ભારતીયો પોતાની સમૃદ્ધ સંસ્કૃતિ અને સભ્યતાને ભૂલી જાય, પોતાની વિશિષ્ટ ઓળખાણને ભૂલી જાય. આ બાબતમાં તેઓ પૂરી રીતે સફળ થઈ ગયા છે.

આજે જે બાળકો માતા-પિતા કહેવામાં શરમ અનુભવે છે, તેઓ કાલે ભારત માતાને માતા કેવી રીતે કહી શકશે ?

● ● ● ●



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# રામકથાની પ્રબળ પ્રેરણા
## જ્યાં પ્રેમ - ત્યાં પરમાત્મા

(ગાયત્રી તપોભૂમિ, મથુરામાં ૯ સપ્ટેમ્બર, ૧૯૬૮ના પ્રાતઃકાળે આપેલું પ્રવચન)

**દેવીઓ અને ભાઈઓ !**

માનવજીવનમાં સુખ-શાંતિ પોતાના આચરણ અને કર્મ અનુસાર જ આવે છે. મનુષ્ય કુમાર્ગગામી બને છે તો મુશ્કેલીઓ આવે છે. મનુષ્ય સન્માર્ગગામી બને છે તો સુખ મળે છે. સુખ-દુઃખની જવાબદારી પોતાની જ હોય છે. રામાયણ જેવાં શાસ્ત્ર એટલા માટે લખવામાં આવ્યાં છે, કે સાંભળનાર, વાંચનાર પર કર્તવ્યપાલનનો પ્રભાવ પડે. તેઓ કર્તવ્યપાલન કરવાનું શીખે. જેઓ કર્તવ્યનું પાલન કરે છે, તેમની પર ભગવાનની કૃપા હોય છે. દુષ્કર્મ, કુકર્મ આપણી અંદર ભર્યા પડયાં હોય ત્યારે દેવતા આપણી સહાયતા ક્યાંથી કરે ? આપણા પાપ આપણને લઈ ડૂબશે. બધા વેદોનું તત્ત્વદર્શન એક જ છે. પોતાના કર્તવ્યોનું પાલન કરો. બાકીનું સંભાળવાનું કામ ભગવાનનું છે. જો પોતાના કર્તવ્યનું પાલન કરવામાં ન આવ્યું હોય તો ભગવાન પાસેથી કોઈપણ પ્રકારની આશા રાખવી ન જોઈએ. જે વ્યક્તિ એક રૂપિયાનો પ્રસાદ ચઢાવે છે અને દિવસભર કુકર્મ કરે છે, તેની સહાયતા ભગવાન શું કામ કરે ? દેવતાઓ એવા નથી, જે મીઠાઈ ધરાવવાથી, માળા ફેરવવાથી, જપ કરવાથી ખુશ થઈ જાય. દેવતા તો દૂરદર્શી છે. દેવતાઓ સારી રીતે જાણે છે કે કૃપા કોની પર કરવી જોઈએ. રામાયણ કથા એટલા માટે નથી સંભળાવવામાં આવતી કે સાંભળનારાં સ્વર્ગમાં પહોંચી જાય. રામાયણને જે આચરણમાં ઉતારશે, સ્વર્ગ તેને જ મળશે. ભગવાન રામે જન્મ લીધો. પોતાનું ચરિત્ર દર્શાવી રસ્તો બતાવ્યો. તેમણે ચરિત્ર દ્વારા શિક્ષણ આપ્યું. ભાઈનો ભાઈ પ્રત્યે કેવો પ્રેમ હોવો જોઈએ એ આપણને શીખવ્યું. ભગવાન રામ અને ભરત બંને રાજગાદીને દડાની જેમ રમતા રહ્યા. બંનેનો કેટલો ત્યાગ હતો ? ભાઈનો અર્થ એ નથી કે પેટના ભાઈ સાથે પ્રેમ કરો અને બીજાની જમીન છીનવી લો. આવું ન હોવું જોઈએ. મનુષ્ય માત્રને પ્રેમ કરવો જોઈએ.

મનુષ્યને પોતાના જીવનમાં એક સહયોગી, એક મિત્રની આવશ્યકતા હોય છે. ભગવાને બે મિત્ર બનાવ્યા છે. જેમાં એકને મૂછ હોય છે. બીજાને મૂછ હોતી નથી. ભગવાને બે સાથીદાર અલગ અલગ બનાવ્યા છે. દાળ અને રોટલી અલગ અલગ બનાવ્યાં છે. દાળથી દાળ ન ખાઈ શકાય. દાળની સાથે રોટલી જોઈએ. હાથ બે હોય છે. એકથી ઢાલ ઉઠાંવવામાં આવે છે બીજાથી તલવાર. એવી રીતે પતિ-પત્ની મળીને એક અને એક અગિયાર થાય છે. બંનેનો સહયોગ રહે તો ઘરમાં સ્વર્ગ રહે છે. પરંતુ તેમ છતાં પત્નીનો સ્વભાવ જો કર્કસ હોય તો પણ પતિ સમજદાર હોય તો નિભાવી શકે છે.

દાર્શનિક સુકરાતની પત્ની પણ કર્કશ સ્વભાવની હતી. તેમના ઘેર સત્સંગ, માર્ગદર્શન માટે લોકો આવતા રહેતા હતા. પણ તેમની પત્નીને ગમતું ન હતું. એક દિવસ સત્સંગ મોડે સુધી ચાલી રહ્યો હતો. તે ખીજાઈ ગઈ અને કહ્યું - 'બધા લોકો જતા રહો. આવેલા દાર્શનિકોને ગાળો પણ દેવા લાગી, પરંતુ સુકરાતના ઈશારાથી તે લોકો બેસી રહ્યા અને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સત્સંગ પણ ચાલતો રહ્યો. તેથી પત્નીએ વાસણ માંજેલું ગંદુ પાણી તે લોકો પર નાખવાનું શરૂ કરી દીધું અને ગાળો દેવાની પણ ચાલુ રાખી. દાર્શનિક સુકરાતે પોતાનો વિવેક ન ગુમાવ્યો અને હસતાં હસતાં એટલું જ બોલ્યા કે જુઓ, અત્યાર સુધી તો આપણે વાદળ ગરજતા જ જોયા હતા, આજે તો વાદળ ગરજી પણ રહ્યા છે અને વરસી પણ રહ્યા છે. સૌ લોકો હસી પડયા. આવી રીતે પતિ જો બરાબર હોય તો કર્કશ સ્વભાવની પત્નીને પણ નિભાવી શકે છે.

સીતાજી વાલ્મીકિ ઋષિના આશ્રમમાં હતાં. ત્યારે અશ્વમેધ યજ્ઞનો ઘોડો લવ-કુશે પકડયો, તથા યુદ્ધમાં પરાજીત કરી હનુમાનજી તથા લક્ષ્મણને પકડી માતા સીતા પાસે લઈ ગયા. જ્યારે સીતા માતાને ખબર પડી તો તેમણે પોતાના બાળકોને સમજાવ્યા કે આ તમારા પિતાજીના ભાઈ છે. હનુમાનજી તો પરમ ભક્ત છે. આ રીતે બાળકોને સંસ્કારી બનાવવાની જવાબદારી દરેક માતાની છે. જો તમારે દાંપત્યજીવનમાં આગ લગાવવી હોય તો પત્નીને મારપીટ કરો. બની શકે કે મારપીટથી તે શાંત થઈ જાય, પરંતુ તેની અંદર તો આગ લાગેલી જ રહેશે. તે પતિ પ્રત્યે ઘૃણા કરતી રહેશે તથા બાળકો પર પણ તેની એવી જ અસર પડશે. જો પતિ કડવું બોલે તો પત્નીએ પણ કડવું ન બોલવું જોઈએ.

કદાચ પતિ ભૂલ કરે તો પત્નીએ ભૂલ ન કરવી જોઈએ. એક બાજુથી પણ કર્તવ્યપાલન કરી શકાય છે. આપણે ભગવાનને પથ્થરના બનાવી લઈએ છીએ. રોજ હાથ જોડીએ છીએ, થાળ ધરાવીએ છીએ, આરતી ઉતારીએ છીએ પરંતુ ભગવાન ચૂપ બેસી રહે છે. આપણે આપણું કર્તવ્ય પૂરું કરીએ છીએ. બીજાએ આપણી સાથે કેવો વ્યવહાર કર્યો એ ન જુઓ. આપણે આપણું કર્તવ્ય નિભાવ્યું કે નહીં એ જુઓ. આપણે આપણા કર્તવ્યોનું પાલન કરતા રહેવું જોઈએ.

જ્યારે ભગવાન રામચંદ્રજી વનવાસ જવા માટે તૈયાર થઈ ગયા ત્યારે રામચંદ્રજીની ઇચ્છા હતી કે સીતાજી ઘેર જ રહે. વનમાં તેમને કષ્ટ ઉઠાવવું પડશે. સીતાજીએ કહ્યું - 'તમે અહીં રહો.' સીતાજીએ કહ્યું - 'જે પતિ સાથે પરણીને આવી છું તેની સાથે વનમાં રહેવાનું પણ પસંદ કરીશ. પતિ વનમાં જાય, કષ્ટો સહે અને હું અહીં સુખ ભોગવું, એ ન બને, મારે વનમાં જઈને પતિની સેવા કરવી જોઈએ. પતિ પ્રત્યે સીતાજીની અગાધ શ્રદ્ધા હતી. સાસુ પાસે માથું નમાવીને બેઠા છે અને વિચારી રહ્યા છે કે સ્વામી સાથે વનમાં જાઉં તો મારા પુણ્યનો ઉદય થઈ જાય, મને વનવાસ જવાનો મોકો મળી જાય. શ્રીરામચંદ્રજીએ કહ્યું, વનમાં બહુ જ કષ્ટ છે. તો સીતાજી કહે છે. 'હે પ્રાણનાથ ! કરુણા સિંધુ ! તમારા વગર દેવતાઓની કૃપા અને વૈકુંઠ પણ નરક સમાન છે. તમે કહો છો કે અયોધ્યામાં દૂધ છે, ઘી છે, મોટર છે, કૂલર છે, પંખા છે, આ બધું આપના વગર નકામું છે. હે ભગવાન ! હે પતિદેવ ! જે રીતે આત્મા વગર શરીર નિષ્પ્રાણ હોય છે તેવી જ રીતે પતિ વગર સ્ત્રી. વનમાં જેટલાં પણ કષ્ટો હશે એ બધાં આપની સાથે સુખમાં બદલાઈ જશે. હું સુખમાં પણ આપની સાથે રહી છું અને દુ:ખમાં પણ આપની સાથે જ રહેવા માગું છું. તમારી સાથે રહીને-

**ખગ મૃગ પરિજન નગર બન, બલકલ વિમલ દુકૂલ ।**
**નાથ સાથ સુર સદન સમ, પરનસાલ સુખ મૂલ ॥**

'જંગલમાં જે પક્ષીઓ - હરણાં છે તે બધા કુટુંબી સમાન બની જશે. ભીલ-ભીલડીને પણ સાસુ-સસરા માનીશ. બધા નગરવાસીઓને પોતાના પરિજન માનીશ. વન જ નગર બની જશે. આપે વનનાં કષ્ટો જણાવ્યા. પરંતુ સ્વામી ! આપની પાસે ન રહેવાથી અધિક કષ્ટ થશે. ૧૪ વર્ષ સુધી અયોધ્યામાં રહું તો આ પ્રાણ રહેશે કે નહીં, કહી પણ નથી શકતી !' સાસુ મનાઈ કરી રહ્યા છે. ત્યારે સીતાજી કહે છે - 'માતાજી મને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જવા દો, હું થાકીશ નહીં, સેવા કરીશ. તમે કહો છો કે સાથે ચાલવાથી થાકી જઈશ, હું તો ભગવાનના ચરણ જોઈને પુલકિત થઈ જઈશ, થાકીશ નહીં. તેમને ભગવાનની મૂર્તિના રૂપમાં જોઈશ. માતાજી ! આપ કહો છો કે ત્યાં ખરાબ માણસો છે, શું સિંહની પત્નીને શિયાળ, લોંકડી ખરાબ નજરથી જોઈ શકે છે. ના ! મને શ્રીરામચંદ્રજીની સાથે રહેવામાં કોઈ ભય નથી. પતિદેવ આપ જંગલમાં તપ કરો અને હું ઘરમાં ભોગવિલાસ કરું ? તમે તપ કરશો તો પણ હું પણ એવી રીતે જ રહીશ. તમારી દરેક પ્રકારે સેવા કરીશ.' કહી સીતાજી વ્યાકુળ થઈ ગયાં. સીતાજી પોતાના ચરિત્ર દ્વારા પ્રત્યેક નારીને શીખવી રહ્યા છે કે દરેક સ્ત્રીએ કેવો વ્યવહાર કરવો જોઈએ. દરેક સ્ત્રીને કહી રહ્યાં છે - 'જે ઘરોમાં નારી આવી મનોભૂમિ બનાવી શકે તે ઘરોમાં સ્વર્ગ આવી જશે.'

જ્યારે વનવાસ જવા માટે સુમંત્ર રથમાં બેસાડીને લઈ ગયા ત્યારે સુમંત્રને સીતાજી કહે છે - 'સાસુ સસરાને કહી દેજો કે પિતાના ઘેર બધું જ હતું પરંતુ પતિ વગર જીવન ભારરૂપ લાગત. મારા સસરાજી ચક્રવર્તી રાજા છે, સાસુ દેવીઓ જેવી છે, કેટલું સુખ હતું. હું જાણું છું કે જંગલમાં દુઃખ જ દુઃખ છે પરંતુ મને પતિ સાથે સુખ જ સુખ છે.' સુમંત્રને કહ્યું - 'તમે જઈ રહ્યા છો, મારા સાસુ-સસરાને ચરણ સ્પર્શ કહેજો અને કહેજો કે મારા વિષયમાં વિચારીને દુઃખી ન થાય. હું પતિ સાથે સુખી રહીશ.' પ્રત્યેક સ્ત્રીનો આજ ભાવ હોવો જોઈએ. ભલે ગમે તેટલા દુઃખ કષ્ટ હોય, કર્તવ્યપાલનમાં કદી પાછળ ન રહેવું જોઈએ. ત્યારે પરિવારમાં સ્વર્ગ બનશે, બધી મુશ્કેલીઓ દૂર થશે. આ રામાયણ શીખવે છે.

કેવટે પોતાની નાવથી શ્રીરામચંદ્રજી, લક્ષ્મણજી અને સીતાજીને ગંગા પાર કરાવ્યા. જ્યારે નાવમાંથી ભગવાન ઉતર્યા તો ભગવાને વિચાર્યું કે મારી પાસે તો કોઈ પૈસા નથી. વિચાર્યું કે સ્ત્રીઓ કંઈક પૈસા બચાવીને રાખે છે, તેઓ સીતાજી તરફ જુએ છે કે સીતાજી પાસે કંઈક પૈસા હશે. સીતાજીએ જોયું કે મારી પાસે કશું નથી. એક વીંટી છે, તે ઉતારીને આપી દેવી જોઈએ. સીતાજીએ તરત જ ભગવાન શ્રીરામચંદ્રજીને વીંટી ઉતારીને આપી દીધી. પતિ પ્રત્યે સીતાજીનું મન કેટલું ઉદાર છે. આવો હતો પત્નીનો પતિ પ્રત્યેનો પ્રેમ. રાવણ સીતાને ઉપાડી લઈ જાય છે. સીતાજી અશોક વાટિકામાં બેઠાં છે. હનુમાનજી સીતાજીને ઝાડ પર બેસી સંતાઈને જોઈ રહ્યા છે. સીતાજી દુર્બળ થઈ ગયા છે. પતિના ગુણોના વખાણ કરી રહ્યાં છે. પતિના કાન, નાક, મુખ કેવા હતા તેનું વર્ણન કરી રહ્યાં છે. શ્રીરામચંદ્રજી કેવા છે - માતા-પિતાના આજ્ઞાંકિત પુત્ર. ભાઈનો ભાઈ પ્રત્યેનો પ્રેમ કેવો છે, તે યાદ કરી રહી છે. તેવું યાદ નથી કરી રહ્યા કે શ્રીરામજી સાડી લાવતા હતા. સિનેમા દેખાડતા હતા, મીઠાઈ ખવડાવતા હતા. તેને યાદ નહોતા કરી રહ્યાં. ગુણોને યાદ કરી રહ્યા હતાં. જાનકીજીને દીન-દુઃખી જોઈને હનુમાનજીને ખૂબ દુઃખ થયું.

સંસારમાં ઘણા બધા કુમાર્ગીઓ હોય છે, જે પ્રલોભન આપીને અથવા ભય બતાવીને ઘણી બધી સ્ત્રીઓને દુરાચારી બનાવે છે. સ્ત્રી ડરી જાય છે, લપસી જાય છે. રાવણ સીતાજીને કહે છે - 'મારી સામું તો જો ! હું મંદોદરીને તારી દાસી બનાવી દઈશ.' આવા પ્રલોભનો આપીને રાવણ પણ સીતાજીને મનાવી રહ્યો છે. સામ, દામ, દંડ, ભેદથી કામ લઈ રહ્યો છે. આવી ઘટના કોઈપણ સ્ત્રીના જીવનમાં આવી શકે છે. એવા સમયે શું કરવું જોઈએ ? જ્યારે આવો માણસ મળી જાય તો શું જવાબ આપવો જોઈએ ? સીતાજીનો જવાબ સાંભળો. જો કોઈ દુષ્ટ કોઈ મહિલાને કહે તો શું કહેવું જોઈએ ? શું આગિયો કમળને ખીલવી શકે ? આગિયાના પ્રકાશથી કમળ નથી ખીલી શકતું. તું તારા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભવિષ્યની વાત વિચાર. ગળામાં આ ભૂજાઓને નહીં નાખી શકે, તલવાર ભલે નાખી શકે. આ આશ્વાસનની એટલી જ કિંમત છે કે જેટલી આગિયાના પ્રકાશની. સીતાજી વનવાસથી આવી ગયા. મહેલોમાં રહેવા લાગ્યાં. સમગ્ર જીવન પોતાના પતિની સેવા કરવામાં લગાવી દીધું. ઘરમાં રહેતાં તે સમયની વાતો સાંભળો. પોતાના હાથથી સીતાજી બધુ કામ કરતાં હતાં. એવું નહીં કે નોકર પાસે બધુ કામ કરાવતા હોય. પોતાના પતિને જેનાથી સુખ મળે, એવા બધાં કામો કરતાં હતાં. સાસુ-દિયરની બધાની સેવા કરતાં. એવું નહીં કે પતિની જ સેવા અને સાસુને અંગુઠો બતાવે.

તુલસીદાસજીએ સીતાની વંદના કરી છે. તેમના ગુણોની પ્રશંસા કરી છે, ચહેરાની નહીં. આજકાલ તો લોકો ચહેરાની પૂજા કરે છે. આજે લોકો ચીકણી માટીની જેમ લપસી પડે છે. પોતાના હાથ-પગ ભાંગે છે. તુલસીદાસજીએ હાથ, પગ, મુખની પ્રશંસા નથી કરી, ગુણોની વંદના કરી છે. સીતાજીના ગુણોનું જ ફક્ત નહીં, અન્ય પતિવ્રતાઓનું પણ વર્ણન કર્યું છે. પાર્વતીજી શંકરજીની સાથે પાવડર લગાવીને નથી નીકળ્યાં. પોતાની જાતને શંકરજી જેવા તપસ્વી જીવનમાં ઢાળીને એવું જ જીવન વીતાવી રહ્યાં છે. જેવી રીતે શંકરજી રહે છે, ખાય છે એવી જ રીતે પતિને અનુરૂપ તપ કરવા લાગે છે. સંભવ છે શંકરજી સમાધિ લગાવે અને આટો ન લાવે તો પાંદડાં ખાઈને પણ રહી લઈશ. તેમની સાથે લગ્ન કરવા છે, તો તેમને અનુરૂપ બનવાનું શરૂ કરી દીધું. પતિને અનુરૂપ સ્વભાવ બનાવી લેવો જોઈએ. "વશીકરણ એક મંત્ર છે, તજી દો વચન કઠોર."

વીરપુર ગુજરાતમાં એક જલારામ બાપા નામે સંત થયા. તેમના ઘેર જ કોઈ આવે તે ભૂખ્યો ન જાય. તેને કંઈક ને કંઈક ખાવું જ પડતું હતું. તેમના ઘેર એક વૃદ્ધ સાધુ આવ્યો, યાચના કરવા લાગ્યો કે મને ચારે ધામની યાત્રા કરાવો. એ ઘરડાં સંતની સેવા માટે સંત જલારામની પત્ની તૈયાર થઈ ગઈ. હું સેવા કરીશ. હું સાથે ચાલીશ. એ સંત તેમના ઘેર એક ઝોળી લટકાવીને ચાલ્યા ગયા. એ ઝોળી આજ સુધી ત્યાં છે, જેમાં સદાવ્રત ભોજનાલય માટે લોકો ભેટ ચઢાવે છે. દરેક સ્ત્રીએ આવી પ્રેરણા લેવી જોઈએ.

પાર્વતીજી તપ કરી રહ્યાં હતાં. સાત ઋષિઓ પરીક્ષા લેવા આવ્યા. પાર્વતીજી તૈયારી કરી રહ્યાં હતાં. એવી તૈયારી કરીને લગ્ન કરવા જોઈએ. ત્યાં ગમે તેવા સુખ-દુઃખ હોય સહી લઈશ. એવું ક્યારેય નહીં કહું કે મારાથી સરસવનું તેલ નથી નાખી શકાતું. પીયરથી ખુશબુદાર તેલ મંગાવી લઈશ. લગ્ન કરવા હોય તો ત્યાંને અનુરૂપ પોતાને બનાવવા પડશે. ત્યાંના વાતાવરણમાં પોતાને ખપાવી દેવા પડશે. ત્યાં જ લગ્ન કરો નહીં તો લગ્ન ન કરો. એક પ્રસંગ આવે છે. રામને વનવાસ થઈ ગયો અને રાજા દશરથ વ્યાકુળ થઈ ગયા. બીમાર છે, ત્યારે કૌશલ્યા માતા કેવી સેવા કરે છે. આજે તો પતિને ન્યુમોનિયા થયો હોય અને પત્નીના પિયરમાં ભાઈના લગ્ન હોય તો પત્ની પતિને છોડીને ભાઈના લગ્નમાં જાય છે. માતા કૌશલ્યાના દિકરા-વહુને વનવાસ થયો છે, બીજી સ્ત્રી હોત તો કહેત, તેં મારા બેટા, વહુને કાઢી મૂક્યા, મરી જા. જેવી રીતે માછલી પાણી વગર તરફડે છે એવી જ રીતે રાજા દશરથ તડપી રહ્યા છે. ત્યારે માતા કૌશલ્યા કહે છે - 'પતિદેવ ! આપ આપના જીવનને સંભાળો. તમે તમારા શરીરને સંભાળી લેશો તો ચૌદ વર્ષ બાદ ફરી રામ આવીશ જશે. પત્નીને પતિ ત્યાં સુધી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વહાલા હોય છે, જ્યાં સુધી સંતાન ન થઈ જાય. બાળક પેદા થયા પછી પતિ પ્રત્યે પ્રેમ રહેતો નથી. પરંતુ કૌશલ્યા હૈયાધારણ આપે છે. પત્નીઓની ફરજ છે કે જ્યારે પતિ પર મુસિબતના દિવસો આવે તો તેને હિંમત આપે. પરંતુ પતિ દારૂ પીવે છે, દગાબાજી કરે છે, સીગારેટ પીવે છે, દુરાચાર કરે છે, તો પતિને ખરાબ માર્ગે જતો, કુકર્મ રોકવાનું કામ પણ પતિવ્રતાનું છે. મંદોદરી રાવણને સમજાવી રહી છે. સીતાને પાછી સોંપી દો - એમાં જ તમારું ભલું છે. જ્યારે હનુમાનજીએ લંકા સળગાવી દીધી, અંગદે પગ જમાવ્યો, ત્યારે પણ મંદોદરી પતિને આ જ સમજાવી રહી છે. આવી વાતોને કેવી રીતે સમજાવવી જોઈએ ? જુઓ ! હાથ પકડી લીધો. ઘરમાં એકાંતમાં પ્રેમપૂર્વક મીઠા વચન બોલીને સમજાવી રહી છે. ઝઘડો કરીને બધાની સામે નથી સમજાવી રહી. પુત્રો-બાળકો, વહુને, મિત્રને સમજાવવા હોય તો અલગ જઈને સમજાવવા જોઈએ. ચાલ, તું નકામો ગુસ્સે થાય છે, ચાલ ! ઘેર ખાવાનું ખા. તું તો મારો જૂનો મિત્ર છે. સમજાવવાની આ રીત છે. વિદ્રોહી બનાવવો હોય તો ગાળો આપો. અપમાનથી વ્યક્તિ કેવી રીતે વિદ્રોહી બની જાય છે. સમજાવવાનું આવડતું નથી, જ્યારે જુઓ ત્યારે કડવી ભાષા બોલતા હોય છે. મંદોદરીએ પતિના ચરણમાં માથું નમાવ્યું અને ખોળો પાથરી પછી કહેવા લાગી 'પતિદેવ ! ગુસ્સે ન થતા.' આ રીતે દરેક પત્નીએ પતિને સમજાવવો જોઈએ. ભૂમિકા બનાવી મંદોદરી કહે છે. 'ખોટું ના લગાડતા' સીધુ સમજાવશો તો ગુસ્સો ઠંડો નહીં થાય. આથી મંદોદરી કહે છે, 'હવે તો પતિદેવ, જાનકીને રામજીને સોંપી દો અને મોટા પુત્રને રાજ આપી દો. ચાલો ભજન કરીશું. હરિદ્વાર ચાલો, અને સમજાવી રહી છે કે 'પતિદેવ ! ઋષિઓ પણ કહે છે ઘડપણમાં વનવાસ ચાલ્યા જવું જોઈએ. મારું કહ્યું માનશો તો કલ્યાણ જ કલ્યાણ થશે.' એવું નહીં કે કોઈ ભજન કરવા જાય, સમાજ સેવા કરે તો લડવા તૈયાર થઈ જાય. નીતિથી ભરેલું શિક્ષણ આપવું જોઈએ. અનીતિથી ભરેલી વાતો ન કરવી જોઈએ. ઊલટી વાતોને કોણ માનશે ! સીતાજી, અનસુયા માતાના પગે પડયાં તો ઋષિ પત્નીએ પાસે બેસાડયા અને પતિવ્રત ધર્મનો ઉપદેશ આપી રહ્યા છે. આવી રીતે સ્ત્રીઓએ શિક્ષણ ગ્રહણ કરવું જોઈએ. સારી વાતો શીખવી જોઈએ.

ભાઈ ભાડું બધા સુખ આપનારા છે. પરંતુ પતિ સૌથી વધુ સુખ આપનાર હોય છે. નિર્ધન, વૃદ્ધ, રોગી, બહેરો, આંધળો, પતિ પણ કેમ ન હોય તેનું અપમાન ન કરવું જોઈએ. એવો જ પુરુષોનો કાનુન છે. ભલે સ્ત્રી ગમે તેવી પણ હોય, સંતાન વગરની હોય અથવા મુંગી, બહેરી, હોય પણ એવું ન કહેવું જોઈએ કે બીજા લગ્ન કરી લઈશ. બંને માટે એક જ નિયમ છે. બંનેએ તેનું પાલન કરવું જોઈએ. અનુસાયા માતાએ પતિવ્રતાના લક્ષણ સમજાવ્યા. ઉત્તમ, મધ્યમ, નીચના લક્ષણ બતાવ્યાં. આજ વાત પતિઓ માટે પણ છે. કાનુન બંને માટે એક જ છે. રામાયણ દ્વારા તુલસીદાસજીએ સમજાવ્યું છે, કે કઈ રીતે પતિ-પત્નીએ પોતાના કર્તવ્ય પૂરાં કરવાં જોઈએ ? ત્યારે જ આપણા ઘરોમાં સ્વર્ગ આવશે. જે ઘરોમાં ક્લેશ થાય છે ત્યાં ભુત-પિશાચ પેદા થાય છે. જ્યાં પ્રેમ હોય છે લડાઈ થતી નથી, ત્યાં સારા બાળકો પેદા થાય છે. આ રામાયણ શીખવે છે.

❑


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આત્મા વટેમાર્ગુ - શરીર ધર્મશાળા

શૂરસેન રાજ્યની સીમાઓ ખૂબ દૂરના ક્ષેત્રો સુધી ફેલાયેલી હતી. તે રાજ્યના સ્વામી સમ્રાટ ચિત્રકેતુ હતા. તેઓ સંત સાધુ જેવા સ્વભાવની સાથોસાથ પરાક્રમી પણ હતા. તેમને કોઈ વાતનો અભાવ ન હતો. ચિંતા હતી તો એક જ વાતની કે તેમના પછી આ સામ્રાજ્યનું શું થશે ? કેમ કે તેમને કોઈ સંતાન ન હતું. એક દિવસ મહર્ષિ અંગિરા ચિત્રકેતુ પાસે રાજભવનમાં આવ્યા.

રાજાની ચિંતા વ્યથા જોઈને મહર્ષિનું મન કરૂણાથી ભરાઈ આવ્યું. તેમણે મહારાજને પુત્રેષ્ટિયજ્ઞ કરાવવાની સલાહ આપી. પુત્રેષ્ટિયજ્ઞની તૈયારીઓ થવા લાગી. દેશ- દેશાંતરના પુત્રેષ્ટિયજ્ઞના કર્મકાંડ વિશેષજ્ઞો, આચાર્યગણ તથા તપમગ્ન મહર્ષિઓને આમંત્રણ આપવા મુખ્ય અમાત્ય જાતે ગયા.

ધામધૂમ સાથે યજ્ઞ પરિપૂર્ણ થયો. મહર્ષિ અંગિરાએ યજ્ઞમાં બચેલ હવિષ્યાન્ન રાજરાણી કૃતદ્યુતિને આપી દીધું. જતાં જતાં મહર્ષિ કહેતાં ગયા, "રાજન ! આપને એક પુત્ર તો થશે પરંતુ તે આપના હર્ષ તથા શોક બંનેનું કારણ બનશે." મહર્ષિનું કથન અણઉકલેલા ઉખાણા જેવું હતું. મહારાજ ચિત્રકેતુ તથા મહારાણી કૃતદ્યુતિ થોડીક પળો સુધી વિચારતાં રહ્યાં, પરંતુ રહસ્ય સમજી ન શક્યા. પરંતુ મહર્ષિએ પુત્ર થવાનું આશ્વાસન તો આપી જ દીધું છે એમ વિચારીને પ્રસન્ન થઈ ગયાં.

મહારાણી કૃતદ્યુતિ ગર્ભવતી થઈ. સમય થતાં તેમણે એક પુત્રને જન્મ આપ્યો. માતા-પિતા બંને પુત્રનું મોં જોઈને થોડી ક્ષણો માટે એકીટસે જોતાં જ રહી ગયાં. જેને પોતાની આ આંખોમાં બાંધી લેવા માટે બંનેય વારંવાર તડપતાં રહ્યાં હતાં એ જ આજે પુત્રના રૂપમાં સુંદરતાનું બંધન લઈને આવ્યો છે અને તે પણ તેમનાં જ રક્ત-માંસના બંધનો વડે રચાયો છે. બંનેએ વારંવાર બાળકને પોતાના હાથમાં લઈ ચૂમી લીધો.

વારસદારની ચિંતા દૂર થઈ અને એના સંબંધમાં સમગ્ર રાજ્યમાં ઉત્સવ હર્ષોલ્લાસ સાથે મનાવવામાં આવ્યો. વર્ષો સુધી રાજ્ય કરતા રહીને હવે ઘડપને આરે જતાં ચિત્રકેતુને ત્યાં સંતાનનો જન્મ થયો હતો તેથી તેમના હર્ષને કોઈ સીમા ન રહી. પુત્રના સ્નેહવશ બંધનમાં તેઓ લગભગ મહારાણી કૃતદ્યુતિના આવાસમાં વધારે પડતો સમય વિતાવવા લાગ્યાં. પુત્રવતી મહારાણી પ્રત્યે તેમનો એકાંત પ્રેમ વધી ગયો હતો. આને પરિણામે બીજી રાણીઓ ઈર્ષ્યા કરવા લાગી.

પતિની ઉપેક્ષાથી ઉત્પન્ન થયેલા ક્ષોભે દ્વેષનું રૂપ ધારણ કરી લીધું. તેમણે વિચાર્યું કે રાજા કૃતદ્યુતિ પર વિશેષ સ્નેહ એટલા માટે રાખે છે કે તેણે સંતાનને જન્મ આપ્યો છે. આ નવજાત શિશુ જ તેમની ઉપેક્ષાનું કારણ છે. અંતે બધાએ ભેગા મળીને તે અબોધ શિશુને ઝેર આપી દીધું અને તે બાળક મૃત્યુનો કોળિયો બની ગયો.

મહારાણી કૃતદ્યુતિ અને સમ્રાટ ચિત્રકેતુ માટે તો આ અસહ્ય વજ્રપાત હતો. તેઓ બાળકના શબની પાસે જ કપાયેલાં વૃક્ષની માફક પડી ગયાં. સંપૂર્ણ રાજભવન કરૂણ રૂદનની ચિત્કારીઓથી ગૂંજવા લાગ્યું. ચિત્રકેતુએ પોતાના પુત્રના અંતિમ સંસ્કાર પણ કરાવ્યા ન હતા. તે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સમયે મહર્ષિ અંગરિા અને મહર્ષિ નારદ આવ્યાં. અંગિરાએ સમજાવ્યું કે આ દેહમાં હવે શું કામ આસક્તિ રાખવી, એની અંત્યેષ્ટિ કરી નાંખો. રાજન ! જે ભાગ્યમાં નથી હોતું તેને બચાવી શકાતું નથી.

ચિત્રકેતુએ કહ્યું, "ના મહાત્મા ! આમ ન કહો. આપ જેવા તપસ્વી માટે બધું જ શક્ય છે. ભલા એવું કયું કામ છે જે તપોનિષ્ઠ મહર્ષિ ન કરી શકે. હું મારા પ્રિય પુત્રને પ્રાણ આપીને પણ પ્રાપ્ત કરવા ઇચ્છું છું. આપ એને ફરીથી જીવતો કરી દો."

મહર્ષિ અંગિરા તથા દેવર્ષિ નારદે અનેક પ્રકારે મહારાજ ચિત્રકેતુ તથા મહારાણી કૃતદ્યુતિને સમજાવ્યાં, પરંતુ તેઓ કોઈ રીતે ન માન્યાં. આવી દશામાં મહર્ષિ અંગિરાએ ધ્યાનસ્થ થઈને એ બાળકના આત્માને આમંત્રિત કર્યો. થોડીક જ વારમાં બાળક જીવતો થઈ ગયો, પરંતુ હવે તે કિલકારિઓ તથા તોફાન-મસ્તી કરવાવાળો શિશુ ન હતો. તેના મુખમંડળ પર એક સ્વર્ગીય તેજ હતું. તે આસ-પાસના વાતાવરણથી મુંઝવણ અનુભવતો હતો.

પોતાના પુત્રને જીવિત જોઈને રાજા અને રાણી તેને પોતાની બાહુઓમાં લેવા માટે આતુર થઈ ગયા. "મારા લાલ ! " કહીને તેમણે જેવી તેને ઉઠાવવાની ચેષ્ટાકરી, કે તે બોલી ઉઠયો, "કોણ પુત્ર ! દેવર્ષિ ! આ લોકો કોણ છે ? " બાળકે નારદને પૂછયું.

"આ તારા માતા-પિતા છે." નારદ બોલ્યા.

ત્યારે બાળકે કહ્યું, "ના, હું તો જીવાત્મા છું શરીર જ પુત્ર હોઈ શકે છે. બધા સંબંધ શરીરના જ છે. જ્યાં શરીરથી સંબંધ છૂટયો, ત્યાં બધા સંબંધ છૂટી જાય છે. વર્તમાન જીવન તો જીવાત્માની વિકાસ યાત્રાનું એક સોપાન છે. હું હવે મારી વિકાસયાત્રાના આગળના તબક્કા તરફ વધવા માગું છું. મને રોકશો નહીં." આમ કહીને શરીર ફરીથી નિષ્પ્રાણ થઈ ગયું. ચિત્રકેતુનું સમગ્ર મોહ રૂપી આવરણ નાશ થઈ ગયું. તેઓ પુત્રના શબના અંતિમ સંસ્કાર કરીને પાછા આવ્યા તો દેવર્ષિ નારદે કહ્યું, "આત્મા વિનાની વસ્તુમાં આસક્તિ રાખવી જ શોકનું કારણ છે, આથી કોઈના માટે આસક્તિ ન રાખતાં પોતાના કર્મોને સારી રીતે પૂરા કરીને ચાલવું જ સંસારમાં સુખી રહેવાનું સર્વોત્તમ સાધન છે." રાજાને જીવનદર્શન સમજમાં આવ્યું તથા અનાસક્ત થઈ તેઓ રાજકાર્યમાં ફરીથી પ્રવૃત્ત થઈ ગયાં.

❑

આજે સંસારમાં અન્યાય, અત્યાચાર અને અધાર્મિકતાનું જ સામ્રાજ્ય ચારે તરફ ફેલાયેલું છે. આ બધું જ્યાં સુધી નષ્ટ થશે નહીં ત્યાં સુધી કેટલાય જપ-તપ કરવામાં આવે તો પણ મોક્ષનો અધિકાર આપણને પ્રાપ્ત થઈ શકતો નથી. આપણી શક્તિ આધ્યાત્મિક શક્તિ છે, જે પવિત્ર અને મંગળદાયક છે. આપણે હિંસા કરવા માટે બળવાન બનવું નથી, છતાંય જગતમાં વ્યાપેલી હિંસા અને અત્યાચારને સંપૂર્ણપણે નષ્ટ કરવા માટે સામર્થ્યવાન બનવાનું છે.

- ડૉ. હેડગેવર

* * *

**જે મધુરતા અપનાવે છે એમના માટે સૌ પોતાનાં બની જાય છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મંત્ર સાધના : આધાર અને ચમત્કાર

મંત્ર સાધનાની સફળતા માટે સાધકના વ્યક્તિત્વનું યોગ્ય નિર્માણ કરવા પર વિશેષ ધ્યાન આપવામાં આવે, તો તે ઉત્તમ કાર્ય ગણાય છે. શરીરના કામકાજ એવાં હોય કે જેનાથી ઈન્દ્રિય શક્તિ દુષિત તથા વિકૃત ન થતી હોય. આ દૃષ્ટિએ ઈન્દ્રિય સંયમ અને સદાચાર પર વિશેષ ભાર આપવો જોઈએ. સાથે જ ભાવનાઓની શ્રેષ્ઠતા મંત્રશક્તિમાં પ્રાણ રેડે છે એ વાતનું પણ ધ્યાન રાખવામાં આવે. સાધનાનું લક્ષ્ય તથા સાધન વિધાનની યથાર્થતા તથા સફળતાની બાબતમાં મન સુનિશ્ચિત અને સંશયરહિત રહેવું જોઈએ. આ માટે સતત પ્રયત્નશીલ રહેવું અને તત્કાળ ફળ પ્રાપ્તિ માટે ઉતાવળ ન કરવાની ધીરજ હોવી પણ જરૂરી છે.

આ ઉપરાંત વ્યક્તિગત જીવનની રીતિ-નીતિ તથા લોકવ્યવહારમાં સૌમ્ય, ઉચ્ચ અને નિર્મળ દૃષ્ટિકોણ રહેવો જોઈએ. સ્નેહ, સદ્ભાવના, સજ્જનતા, કરૂણા તથા ઉદારતાનો અંતઃકરણમાં જેટલો વધારે સમાવેશ થશે તેટલા જ પ્રમાણમાં સાધનાની સફળતા માટે યોગ્ય મનોભૂમિ બનશે. આ પ્રકારનું શારીરિક અને માનસિક નિર્માણ આધ્યાત્મિક પ્રગતિની ચાવી સમજવી જોઈએ. સાધકની સફળતાનું પોણા ભાગનું શ્રેય આ હકીકત પર જ આધાર રાખે છે. વિધિવિધાનને તો એક ચતુર્થાંશ જ મહત્ત્વ આપી શકાય છે. વર્તમાનમાં સાધના માર્ગના પથિકોને જે અસફળતાજન્ય નિરાશા જ લાગે છે તેનું એક મોટું કારણ જીવનસાધનાની ઉપેક્ષા અને વિધિ-વિધાનને જ બધું જ માની લેવાની ભૂલ છે. જો આ ભૂલ સુધારી લેવામાં આવે અને સાધનાના રાજમાર્ગ પર ચાલવાની સર્વાંગપૂર્ણ તૈયારી કરવામાં આવે તો તેની સફળતા પણ એટલી જ નિશ્ચિત છે જેટલી સાચી પદ્ધતિથી કરવામાં આવેલ ભૌતિક વિજ્ઞાન સંબંધી કામકાજની હોય છે.

સાધના વિધાનના અન્ય માધ્યમો પણ છે, પરંતુ મંત્રસાધના સર્વત્ર અનિવાર્ય છે, કારણ કે આના વડે સંકલ્પશક્તિ જાગૃત તથા નિયંત્રિત થાય છે, સાથે જ શબ્દવિજ્ઞાનનો એવો સુંદર સુયોગ પણ જોડાય છે જે સાધકની પ્રસુપ્ત પરંતુ અતિ અદ્ભુત શક્તિઓને જાગૃત કરીને તેને આત્મબળયુક્ત બનાવે છે અને બાહ્ય જગતને પ્રભાવિત કરવાની રહસ્યમય હલચલોનું સર્જન કરે છે.

મંત્ર શું છે એની બાબતમાં આજના સંજોગોમાં સાર્વભૌમિક અને સાર્વજનિક દૃષ્ટિએ કાંઈ કહી શકવું મુશ્કેલ છે, કારણ કે આજકાલ સાંપ્રદાયિક પક્ષપાત અને પૂર્વગ્રહોની બોલબાલા છે. દરેક સંપ્રદાય પોતાની પરંપરાને પ્રાધાન્ય આપે છે. અન્ય મતવાળાઓની વાત તેમના ગળે નથી ઉતરતી. કોઈ પ્રકારે સમજાવવામાં પણ આવે તો શ્રદ્ધા નથી બેસતી. આવી દશામાં પ્રાસંગિક સ્થિતિને ધ્યાનમાં રાખીને એ જ કહેવું યોગ્ય હશે કે સાધક પોતાની માન્યતાઓના આધાર પર કોઈ મંત્ર અપનાવી લે અને એના પર જ શ્રદ્ધા કેન્દ્રિત કરે તથા એને જ સાધનાનું માધ્યમ બનાવે. આવી દશામાં વિધિ-વિધાન પણ પોતપોતાની પરંપરાઓ પ્રમાણે અપનાવવાં પડશે. આમ આ માર્ગ પણ વહેલાં-મોડાં લક્ષ્ય સુધી પહોંચાડી જ દેશે અને અશ્રદ્ધા, કુશંકા તથા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આશંકાના વાતાવરણમાં કરવામાં આવેલ યોગ્ય મંત્રની સરખામણીમાં વધારે સારું રહેશે પરંતુ આ કામચલાઉ સમજૂતિ છે, હકીકત નથી. જો લેખકને હિન્દુ ધર્માનુયાયી હોવાના અને એક મંત્ર વિશેષ પર તેમનો પક્ષપાત હોવાના દોષથી મુક્ત કરી શકાય તો તેને એ કહેવામાં કોઈ સંકોચ નહીં હોય કે ગાયત્રીમંત્રની શબ્દ સંરચના અનુપમ અને અદ્‌ભુત છે. આગમ અને નિગમનું સમસ્ત ભારતીય અધ્યાત્મ આ જ પૃષ્ઠભૂમિ પર ઊભું થયેલું છે. મંત્ર અને તંત્રની અગણિત શાખા પ્રશાખાઓ આનો જ વિસ્તૃત પરિવાર છે. અન્ય ધર્માવલંબીઓના અન્ય મંત્ર હોઈ શકે છે, પરંતુ જ્યારે કોઈ સાર્વભૌમિક તથા સાર્વજનિક મંત્રની શોધ પૂર્વગ્રહોને બાજુ પર રાખીને નિષ્પક્ષ ભાવથી તેની પોતાની મહત્તાના આધાર પર કરવામાં આવશે તો તેનો નિષ્કર્ષ ગાયત્રી મંત્ર જ નીકળશે, પરંતુ વર્તમાનમાં તેના માટે આગ્રહ રાખવો સાધનાના ક્ષેત્રમાં વિક્ષેપ ઉત્પન્ન કરવા બરાબર હશે. અત્યારે તો સરળ પ્રતિપાદન એ જ છે કે પોતાની શ્રદ્ધાને અનુરૂપ મંત્ર અને પરંપરા અનુસાર વિધિ-વિધાન અપનાવી લેવામાં આવે. આ પદ્ધતિ પણ ખરાબ નથી. પ્રગતિ ધીમી જ ભલે રહે, પરંતુ પ્રગતિ લક્ષ્યની જ તરફ થતી રહેશે.

શ્રદ્ધા અને એકાગ્રતાયુક્ત મનોભૂમિમમાં સ્વચ્છ શરીર, મન, વસ્ત્ર, સ્થાન અને સાધનોને ધ્યાનમાં રાખીને કરેલા જપ તરત સ્ફૂર્તિ પેદા કરે છે અને જેવી રીતે ચા વગેરે ઉત્તેજક પીણાં પીવાથી તત્કાળ સ્ફૂર્તિ દેખાઈ આવે છે, એવો જ અનુભવ સાધનાકાળ તથા તેના પછી થાય છે. કોઈક વધારાની અને મહત્ત્વપૂર્ણ શક્તિ ક્યાકંથી મળતી હોય તેવું જણાય છે અને તે અપેક્ષા પ્રમાણે અધિક આત્મબળયુક્ત બનેલ છે. હર્ષ, સંતોષ અને પ્રકાશના રૂપમાં મંત્રની સિદ્ધિને સહજ જ પારખી શકાય છે. એનો લાભ પોતાના સુધી જ સીમિત નથા રહેતો એમ કહેવું પડશે નહીં. એનો પ્રભાવ બાહ્ય જગત પર પણ પડે છે. કોઈ વ્યક્તિ, વસ્તુ કે પરિસ્થિતિને આ સિદ્ધિથી પ્રભાવિત અને પરિવર્તિત કરી શકાય છે. સિદ્ધિ આનું નામ છે.

સ્વામી રામતીર્થે એક વખત કહ્યું હતું - ઈશ્વર બની શકાય છે, તેને જોઈ કે બતાવી શકાતો નથી. સૂક્ષ્મ તત્ત્વની બાબતમાં પણ આ જ વાત છે. ઈથર તત્ત્વમાં શબ્દપ્રવાહના સંચારને રેડિયોનું યંત્ર અનુભવ કરાવી શકે છે, પરંતુ ઈથરને તેના અસલી રૂપમાં જોઈ શકવાનું શક્ય નથી. ગરમી, ઠંડી, સુખ, દુ:ખની અનુભૂતિ થાય છે, તેમને પદાર્થની માફક પ્રત્યક્ષ જોઈ શકાતા નથી. મંત્રમાં ઉચ્ચારિત શબ્દાવલી મંત્રની મૂળશક્તિ નહીં, પરંતુ એને જગાડવાનું સાધન છે. કોઈ સૂઈ ગયેલાને ઢંઢોળીને જગાડી શકાય છે, પરંતુ એ હાથ 'જાગૃતિ' નથી. વધારેમાં વધારે તેને જાગૃતિનું નિમિત્ત હોવાનું શ્રેય જ મળી શકે છે. મંત્રોચ્ચાર પણ અંતરંગમાં અને અંતરિક્ષમાં ભરાઈને પડેલી અગણિત ચેતન શક્તિઓમાંથી કેટલીકને જાગૃત કરવાનું એક નિમિત્ત કારણ માત્ર છે.

કયા મંત્રથી કઈ શક્તિ કયા આધાર પર જગાડવામાં આવે એનો સંકેત દરેક મંત્ર સાથે જોડાયેલા વિનિયોગમાં બતાવવામાં આવે છે. વૈદિક અને તાંત્રિક બધા મંત્રોનો વિનિયોગ હોય છે. આગમ અને નિગમ શાસ્ત્રોમાં મંત્રવિધાનની સાથે જ એનો ઉલ્લેખ રહે છે. જપ તો મૂળ મંત્રનો જ કરવામાં આવે છે, પરંતુ તેને શરૂ કરતી વખતે વિનિયોગને વાંચી જવો અથવા સ્મરણ કરી લેવો જરૂરી છે. એનાથી મંત્રના સ્વરૂપ અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લક્ષ્ય પ્રત્યે સાધનાકાળમાં જાગૃતિ જળવાઈ રહે છે અને પગલાં સાચી દિશામાં વધતાં રહે છે.

મંત્ર વિનિયોગના પાંચ અંગ છે. (૧) ઋષિ (૨) છંદ (૩) દેવતા (૪) બીજ (૫) તત્ત્વ. આ બધા મળીને મંત્રશક્તિ સર્વાંગપૂર્ણ બને છે. પાંચ તત્ત્વોના સંમિશ્રણથી વિવિધ શરીર અને પદાર્થ બને છે. એ રીતે વિનિયોગના પાંચ અંગ તેને પ્રત્યક્ષ અને સજીવ બનાવવાવાળા આધાર માનવામાં આવે છે. આપણા સૂક્ષ્મ શરીરના પાંચ પડ છે તેને આવરણ કે કોશ પણ કહે છે. ડુંગળીમાં જેવી રીતે પડની અંદર પડ હોય છે તેવી રીતે આપણી અંતઃચેતનામાં પણ પડ છે જેને (૧) અન્નમય કોશ (૨) પ્રાણમય કોશ (૩) મનોમય કોશ (૪) વિજ્ઞાનમય કોશ અને (૫) આનંદમય કોશ કહે છે. તેને પાંચ શક્તિ ભંડાર પણ કહી શકાય છે. પૃથ્વી પર જેવી રીતે પાંચ મહાદ્વિપ છે તેવી રીતે ચેતનસત્તાને સ્થૂળ તથા સૂક્ષ્મ પ્રકૃતિની મનુષ્ય કાયામાં આ પાંચ માધ્યમોથી જોઈ અને સમજી શકાય છે. મંત્ર વિનિયોગમાં પાંચયે અંગ ઋષિ, છંદ, દેવતા, બીજ અને તત્ત્વ એ પાંચ આધારોને પ્રસ્ફુરિત, પ્રદિપ્ત તથા ઉપયોગી કેવી રીતે કરી શકાય એનું પથ પ્રદર્શન કરે છે. આથી કોઈ મંત્રની સાધના કરતી વખતે તેના વિનિયોગ ભાગને પણ જાણવો, સમજવો અને અપનાવવો જરૂરી છે.

'ઋષિ' તત્ત્વનો સંકેત છે માર્ગદર્શક ગુરુ. ગુરુ એવા છે કે જેણે તે મંત્રમાં પારંગતતા પ્રાપ્ત કરી હોય છે. સર્જરી અને સંગીત જેવા કાર્યો અનુભવી શિક્ષક જ શિખવાડી શકે છે. પુસ્તકીય જ્ઞાનથી નૌકાવિહાર નથી શીખી શકાતું. એના માટે કોઈ હોડીવાળાનું પ્રત્યક્ષ માર્ગદર્શન જોઈએ. ચિકિત્સાગ્રંથ અને ઔષધિ ભંડાર પ્રાપ્ય રહેવા છતાં પણ ચિકિત્સકની જરૂરિયાત રહે છે. વિવિધ મનોભૂમિઓના કારણે સાધના કરનારાઓના માર્ગમાં પણ કેટલાય પ્રકારના ઉતાર-ચઢાણ આવે છે. તેવી સ્થિતિમાં સાચું નિર્દેશન અને સમસ્યાઓનું સમાધાન ફક્ત તે જ કરી શકે છે જે તે વિષયમાં પારંગત હોય. ગુરુનું એ કર્તવ્ય પણ બની જાય છે કે શિષ્યને ન ફક્ત માર્ગદર્શન કરે, પરંતુ તેને પોતાની શક્તિનો એક અંશ અનુદાનમાં આપીને પ્રગતિપથને સરળ પણ બનાવે. આથી ઋષિનો આશ્રય મંત્રસાધનાનું પ્રથમ પગથિયું બતાવવામાં આવ્યું છે.

છંદનો અર્થ છે લય. કાવ્યમાં ઉપયોગમાં આવનારી પિંગળ પ્રક્રિયાના આધાર પર પણ છંદોનું વર્ગીકરણ થાય છે. અહીંયા એનો કોઈ ઉપયોગ મંત્રરચના અને કાવ્યપ્રક્રિયાથી અનિવાર્ય નથી. તેમ છતાં હોય તો પણ તેના જાણવા, ન જાણવાથી કાંઈ ફરક નથી પડતો. અહીંયા લયને જ છંદ સમજવો જોઈએ. ક્યા સ્વરમાં, ક્યા ક્રમમાં, કેવા ઉતાર-ચઢાણ વડે મંત્રોચ્ચારણ કરવામાં આવે તે એક સ્વતંત્ર શાસ્ત્ર છે. સિતારમાં તાર તો એટલા જ હોય છે, આંગળીઓ ચલાવવાનો ક્રમ પણ દરેક વાદનમાં ચાલે છે, પરંતુ વગાડવાવાળાની કુશળતા તારો પર આઘાત કરવાના ક્રમમાં હેર-ફેર કરીને વિવિધ રાગ-રાગિણીઓનો ધ્વનિપ્રવાહ ઉત્પન્ન કરે છે. માનસિક, વાચિક, ઉપાંશુ, ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત જ નહીં મંત્રોચ્ચારના બીજા પણે ભેદ-વિભેદ છે જેના આધાર પર એ જ મંત્ર દ્વારા અનેક પ્રકારની પ્રતિક્રિયાઓ ઉત્પન્ન કરી શકાય છે.

ધ્વનિ તરંગોમાં કંપન આ લય પર જ નિર્ભર છે. સાધનાવિજ્ઞાનમાં તેને યતિ કહેવામાં આવે છે. મંત્રોની એક યતિ બધા માટે ઉચિત નથી. માણસની સ્થિતિ અને તેની આકાંક્ષાઓને ધ્યાનમાં રાખીને યતિનું-લયનું નિર્ધારણ કરવામાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આવે છે. સાધક માટે એ યોગ્ય છે કે મંત્રસાધનામાં પ્રવૃત્ત થતાં પહેલાં પોતાને માટે યોગ્ય છંદના લયનું નિર્ધારણ કરી લે.

વિનિયોગનું ત્રીજું ચરણ છે દેવતા. દેવતાનો અર્થ છે ચેતના સાગરમાંથી પોતાની ઇચ્છિત શક્તિ પ્રવાહની પસંદગી. આકાશમાં એક જ સમયે અનેક રેડિયો સ્ટેશન બોલતાં રહે છે, પરંતુ દરેકની ફ્રિકવન્સી (તરંગલંબાઈ) અલગ હોય છે. આવું ન હોત તો બ્રોડકાસ્ટ કરેલા બધા શબ્દ મળીને એક થઈ જાત. શબ્દધારાઓની અલગતા અને તેમની સાથે સંબંધ સ્થાપિત કરવાના જુદા જુદા માધ્યમોનો ઉપયોગ કરીને જ કોઈ રેડિયો સેટ માટે એ શક્ય થઈ જાય છે કે તે પોતાની પસંદનો રેડિયો પ્રોગ્રામ સાંભળે અને બીજા બધા ચાલી રહેલા પ્રોગ્રામોને બોલવામાંથી રોકી દે. સમગ્ર બ્રહ્માંડમાં બ્રહ્મચેતનાની અનેક ધારાઓ સમુદ્રીય લહેરોની માફક પોતાનું અલગ અસ્તિત્વ લઈને પણ ચાલે છે. ભૂમિ એક હોવા છતાં પણ તેમાં પડ જુદા-જુદા પ્રકારના નીકળે છે. સમુદ્રીય અગાધ જળમાં પાણીના મોજાં તથા અસીમ આકાશમાં વાયુથી લઈને કિરણો સુધીમાં અનેક પડ હોય છે. એ રીતે જ બ્રહ્મચેતનાના અનેક પ્રયોજનો માટે ઉત્પન્ન થયેલ અનેક શક્તિ તરંગો સમગ્ર બ્રહ્માંડમાં પ્રવાહિત થતાં રહે છે. એના સ્વરૂપ અને પ્રયોજનોને ધ્યાનમાં રાખીને પણ તેમને દેવતા કહેવામાં આવે છે. સાકાર ઉપાસના પક્ષ એની અલંકારિક પ્રતિમા પણ બનાવી લે છે અને નિરાકાર પક્ષ પ્રકાશ કિરણોના રૂપમાં તેને પકડે છે. સૂર્યના સાતરંગના કિરણોમાંથી આપણે જે ઈચ્છીએ તેને રંગીન કાચ વડે ઉપલબ્ધ કરી શકીએ છીએ. એક્સ-રે મશીન, અલ્ટ્રાવાયોલેટ ઉપકરણ આકાશમાંથી પોતાને જરૂરી કિરણોને જ કામમાં લે છે. હંસ દૂધ પીએ છે, પાણી છોડી દે છે તેવી જ રીતે કયા મંત્ર માટે બ્રહ્મચેતનાના કયા દિવ્યતરંગોનો પ્રયોગ કરવામાં આવે તેના માટે વિધાન નિર્ધારિત છે. સ્થાપન, પૂજન, સ્તવન વગેરે પ્રક્રિયાઓ આ પ્રયોજનો માટે હોય છે. નિરાકારમાં માનનારા સાધકો ધ્યાન દ્વારા તે શક્તિને પોતાના અંગ-ઉપાંગોમાં તથા નજીકના વાતાવરણમાં ઓત-પ્રોત થવાની ભાવના કરે છે. કોના માટે દેવ સંપર્કનો કેવો પ્રકાર બરાબર રહેશે તે નક્કી કરીને જ મંત્ર-સાધકે પ્રગતિપથ પર આગળ વધવાનું હોય છે.

બીજનો અર્થ છે - ઉદ્દગમ. માનવીય કાયા-ક્લેવરમાં વિવિધ શક્તિઓ માટે વિવિધ સ્થાન નિર્ધારિત છે. ષટ્ચક્રો, ૧૦૮ ઉપત્યિકાઓ, સહસ્ત્ર શક્તિ નદીઓનું નિર્ધારિત સ્થાન છે. તે સ્થાનોને શક્તિ સંપર્ક માટેના સ્વિચ બોર્ડ કહી શકાય છે. સ્વિચ દબાવવાથી બલ્બ સળગવા લાગે છે. કોઈ મંત્રના દેવતાનું શરીરમાં સંપર્કસ્થાન ક્યાં છે અને તેને કઈ વિધિથી પ્રભાવિત કરવામાં આવે તે જાણકારીને બીજવિજ્ઞાન કહે છે. હ્રીં, શ્રીં, ક્લીં, ઐં, હું, યં, વં, રં, લં વગેરે બીજ અક્ષર પણ છે જેને કોઈ મંત્રમાં વધારાની શક્તિ ભરવાના સૂક્ષ્મ ઈંજેક્શન કહી શકાય છે. જરૂરિયાત પ્રમાણે મંત્રોની સાથે આ વધારાના બીજોને પણ જોડવામાં આવે છે. ગાયત્રીમંત્ર અને મૃત્યુંજયમંત્રમાં આ આધાર પર કેટલાય બીજ ઉલટાવી-સુલટાવીને લગાવવામાં આવે છે. જો કે તેને લગાવવા અનિવાર્ય નથી, પરંતુ મંત્રના ઉદ્દગમ સ્થાનને તો જાણવાં જ જોઈએ. ટેલીફોનના ડાયલને ફેરવીને યોગ્ય નંબર વડે વાત કરી શકાય છે. બીજ સ્થાન અને બીજ શક્તિનો પ્રયોગ કરીને મંત્રને સમર્થ બનાવવાવાળી બ્રહ્મચેતનાની સાથે સંબંધ જોડી શકાય છે અને તેનો પૂરેપૂરો લાભ ઉઠાવી શકાય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તત્ત્વને મંત્રની ચાવી કહી શકાય છે. બીજા શબ્દોમાં તેને લક્ષ્ય પણ કહી શકાય છે. સામાન્ય રીતે સાધના કરતાં પહેલાં સંકલ્પ વાંચવામાં આવે છે. તેમાં એ પ્રતિજ્ઞા રહે છે કે આ સાધનાનો ઉદ્દેશ શું છે ? એના માધ્યમથી આપણે ક્યાં જવું છે અને શું પ્રાપ્ત કરવું છે ? સ્થૂળરૂપે પાંચ તત્ત્વો તથા ત્રણ ગુણોના રૂપમાં પણ મંત્રોની પ્રવૃત્તિ મળતી રહે છે અને આ તત્ત્વના અનુરૂપ પૂજા-સાધનો એકઠાં કરીને પણ તત્ત્વ સાધના કરવામાં આવે છે.

આયુર્વેદશાસ્ત્રમાં વસ્તુઓની સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ પ્રકૃતિઓનું વર્ણન છે. સામાન્ય રીતે અન્નનો સ્થૂળ ભાગ રક્ત-માંસ બનાવે છે, સૂક્ષ્મ ભાગથી બુદ્ધિ અને મનઃચેતના વિકસિત થાય છે અને કારણના પ્રભાવથી અંતરાત્માને પોષણ મળે છે. યોગશાસ્ત્રમાં આહારનું સાત્ત્વિક, રાજસિક, તામસિક વર્ગોમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે. મનુષ્યોના ત્રણ શરીર હોય છે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ. આ રીતે દરેક વસ્તુના અંતરાળમાં ઉપરોક્ત પ્રકૃતિઓ ઓછા-વત્તા પ્રમાણમાં ભરાયેલી હોય છે. વૃક્ષોમાંથી યજ્ઞકાર્ય માટે ફક્ત તે જ ઉપયોગમાં લેવાય છે જેમની સૂક્ષ્મ અને કારણ શક્તિ ઉપકારક પ્રયોજનોમાં સહાયક હોય છે. આ આધાર પર એ નિર્માણ નિર્ધારિત કરવામાં આવે છે કે કયા મંત્રની, કયા ઉદ્દેશ માટે, કઈ સ્થિતિનો માણસ સાધના કરે તો તેને આહાર, વસ્ત્ર, રહેણીકરણી, માળા, દીપક, ધૂપ, નૈવેદ્ય વગેરેમાં કયા પ્રકારની પસંદગી કરવી જોઈએ. તત્ત્વ નિર્ધારણમાં આ જ વાતોનું ધ્યાન રાખવામાં આવે છે.

દબાઈને પડેલી સુષુપ્ત ક્ષમતાને પ્રખર કરવા માટે ઉર્જાની જરૂર પડે છે. યંત્રોને ચલાવવા માટે ઈંધણ જોઈએ. હાથ કે પગથી ચાલવાવાળા યંત્રો માટે નહીં, પરંતુ તેને ચલાવવાવાળા હાથપગને કામ કરતા રહેવા માટે ઉર્જાની જરૂર રહે છે. આ શક્તિ મેળવ્યા પછી જ યંત્રો કામ કરે છે. મંત્રોની સફળતા પણ આ જ ઉર્જા ઉત્પાદન પર નિર્ભર છે. સાધના વિધાનનું સમગ્ર માળખું આ આધાર પર ઊભું કરવામાં આવેલ છે. આયુર્વેદમાં પણ નાડીશોધન માટે વમન, વિરેચન, સ્નેહન, સ્વેદન નસ્વ આ પંચકર્મ શરીર શુદ્ધિ માટે છે. મંત્ર સાધનામાં વ્યક્તિત્વના શુદ્ધિકરણ ઉપરાંત પાંચ આધાર ઋષિ, છન્દ, દેવતા, બીજ અને તત્ત્વ છે. જે આ બધા સાધનોને ભેગાં કરીને મંત્રસાધના કરી શકે તેને અપેક્ષિત હેતુની પ્રાપ્તિ થઈને જ રહે છે.

❑

પિતાએ પોતેજ બાળકના યથોપવીત સંસ્કાર કરાવ્યા. વિદ્વાન પિતાના વિવેકી પુત્રએ પૂછયું કે પિતાજી આ દોરા ગળામાં નાખવાનો શો અર્થ છે. પિતા બોલ્યા, "મનુષ્ય જીવનને વિવેકથી જોડીને રાખવામાં આવે કે જેથી મનુષ્ય સાંસારિક આકર્ષણોમાં જ ફસાઈને ન રહી જાય, પરંતુ પોતાનું પારમાર્થિક લક્ષ્ય પણ પૂરું કરવા માટે સજાગ રહે."

બાળકના મનમાં પિતાએ આપેલું શિક્ષણ એવું ગાઢ સ્થિર થઈ ગયું કે આગળ જતાં આ જ બાળક વિશ્વના પ્રખ્યાત જગદ્‌ગુરુ શંકરાચાર્યના નામે પ્રખ્યાત થયો.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સ્વર્ગ અને મુક્તિનો આનંદ આ જીવનમાં જ મેળવો

સ્વર્ગ અને મુક્તિ અધ્યાત્મ જગતના બે મોટા પુણ્ય ફળ માનવામાં આવે છે. એને મેળવવા માટે લોકો ઘણા પ્રકારના ધર્મ કાર્યો કરતાં રહે છે. આ બંને શું છે ? એમનું સ્વરૂપ કેવું છે ? આ બાબતમાં લોકોની કલ્પનાઓ તથા માન્યતાઓ યોગ્ય નથી. એવી કલ્પના કરવામાં આવે છે કે સ્વર્ગ પૃથ્વી જેવું લોક છે. ત્યાં ખાવા-પીવાના, સૂવાના, મનોરંજનના, આરામના તથા વાસનાના ભોગનાં વિપુલ સાધન-સગવડો છે. ત્યાં પહોંચવાથી મનુષ્ય તે સગવડોનો લાભ લઈને આરામ અને આનંદના દિવસો ગુજારે છે. આ રીતે મુક્તિની બાબતમાં વિચારવામાં આવે છે કે ભગવાન લોકમાં પહોંચીને જીવ ઝંઝટોમાંથી મુક્તિ મેળવે છે. જીવ તેમના જેવો બનીને રહે છે અને તેમનામાં જ મગ્ન બની જાય છે.

ઉપર્યુક્ત માન્યતાઓ સાચી નથી, કારણ કે ગ્રહનક્ષત્રોમાં હજુ સુધી કોઈ એવા ગ્રહનો પત્તો લાગ્યો નથી કે જેના પર મનુષ્ય સ્તરના પ્રાણીઓના નિવાસની વાત વિચારી શકાય. છતાંય પ્રત્યેક ગ્રહ-નક્ષત્રના જીવોની સ્થિતિ-સગવડ, જરૂરિયાત, પ્રકૃતિ તથા રચના આપણા ગ્રહ પર રહેવા યોગ્ય બનેલી હોય છે. આવી દશામાં સ્વર્ગલોકની વાત કોઈ રીતે માનવા યોગ્ય નથી. છતાંય જે સગવડોનું વર્ણન કરવામાં આવે છે, તેનો ઉપયોગ આ સ્થૂળ શરીરથી જ કરી શકાય છે. મૃત્યુ પછી સૂક્ષ્મ શરીર રહી જાય છે, જેનાથી ભાવનાત્મક અનુભૂતિઓ તો થઈ શકે છે, પરંતુ ઈંદ્રિયો ન રહેવાથી ઈંદ્રિય સુખ કેવી રીતે મળશે ? ત્યાં જીવ ખાવાપીવા જેવાં સાધનો-સગવડોનો લાભ કેવી રીતે લઈ શકશે ? આ રીતે જો બધી ઝંઝટોથી મુક્તિ મેળવવી હોય અને બધા લાભોથી અલગ થઈ જવું જ મુક્તિ હોય તો સામાજિક પ્રકૃતિના સમૂહમાં રહેનારા મનુષ્યને માટે તે એથીય વધુ કષ્ટદાયક હશે. એકાંત જેલની ઓરડીમાં થોડા દિવસ રહેનાર કેદી શારીરિક દૃષ્ટિથી ઢીલો અને માનસિક દૃષ્ટિથી ઉદ્વિગ્ન બનીને બહાર આવે છે. એકલા માટે સમય વિતાવવો મુશ્કેલ થઈ જાય છે. મુક્તિ મેળવ્યા પછી કોઈ લોકમાં એકલા જ રહેવું પડે તો તે સુનસાનમાં શું સુખ મળશે ? ભગવાન તો ઘણા જ વ્યસ્ત છે, તેમની પાસે રહેવામાં પણ શો લાભ ? જો તેમનામાં ભળી જઈએ તો ભગવાનનું વજન ભલે રાઈના ભાર જેટલું વધી જાય, પરંતુ આપણું અસ્તિત્વ પૂરું થઈ જાય. આવો આત્માનો નાશ જ જો મુક્તિ કહેવાતી હોય તો તેને કોઈ કેમ ઇચ્છશે ? એનાથી કોઈને શું મળશે ?

સ્વર્ગ અને મુક્તિની ઉપર્યુક્ત માન્યતાઓ પૌરાણિક યુગની અલંકારિક માન્યતાઓ છે. વાસ્તવમાં સ્વર્ગ આત્મસંતોષને કહેવાય છે, કારણ કે સંસારમાં તે જ સૌથી મોટી શાંતિદાયક સ્થિતિ છે. ધન-દોલત, એશઆરામ તો ભાવનાઓમાં જ હોય છે અને જ્યારે મનુષ્યનો દૃષ્ટિકોણ શુદ્ધ અને કામકાજ આદર્શવાદી માન્યતાઓને અનુરૂપ બની શકે ત્યારે તે સ્તરની અનુભૂતિ થઈ શકે છે. આત્માનો સંતોષ આ જ સ્થિતિમાં થાય છે, કારણ કે તે ઈશ્વરનો અવિનાશી અંશ હોવાને લીધે સદ્‌ઉદ્દેશને માટે ધરતી પર આવેલ છે. જે રીતે માછલી પાણીમાં ચેનથી જીવી શકે છે તે રીતે ઈશ્વરીય સ્તરની ઉચ્ચ ભૂમિકામાં બિરાજમાન આત્માને ચેન મળે છે. આ ભૂમિકા ઉચ્ચ વિચારણા અને શ્રેષ્ઠ કાર્ય પદ્ધતિ પર નિર્ભર છે. જેઓની વિચારણા અને કામકાજ ભૌતિક સ્વાર્થપરાયણતા પર આધારિત છે, તેઓને સંપત્તિ, સગવડ કે પ્રસિદ્ધિ કેટલીયે કેમ ન મળી જાય, છતાંય કદી આંતરિક શાંતિ મળશે નહીં.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મશાંતિનો સંતોષ ફક્ત તેઓના જ ભાગમાં આવ્યો છે કે જેઓએ પોતાના વિચાર ક્ષેત્રને ઉચ્ચ શ્રેષ્ઠ માન્યતાઓને અનુરૂપ વિચારવા માટે ટેવાયેલું બનાવ્યું છે અને તેના પર એટલો ગાઢ વિશ્વાસ જમાવી લીધો છે કે શરીર તે વિચારધારાથી વિપરિત એક કદમ પણ ન ઉપાડે. જેને પોતાના વિચારો અને કાર્યોની શ્રેષ્ઠતાનો સંતોષ જેટલો વિશેષ પ્રમાણમાં મળતો હોય છે, તો સમજવું જોઈએ કે તે તેટલા જ ઊંચા સ્વર્ગલોકમાં નિવાસ કરી રહ્યો છે.

નરક પણ કોઈ લોક નથી. નરકનું જે વર્ણન કરવામાં આવે છે, તે શરીરધારીના માટે શક્ય છે. મૃત્યુ પછી જીવ જ્યારે હવા જેવી સૂક્ષ્મ વસ્તુમાં રહી જાય તો તેને ઘાણીમાં પીસી દેવો, ચાબૂકથી મારવો કેવી રીતે શક્ય બને ? વાસ્તવમાં નરક ભોગવવા માટે આપણે કોઈ ખાસ લોકમાં જવાની કે બીજાઓ દ્વારા કષ્ટ મળવાની જરૂરિયાત નથી. આ હેતુ તો આપણી દુર્બુદ્ધિ અને દુષ્પ્રવૃત્તિ દરેક પળે પૂર્ણ કરી શકે છે. કુસંસ્કારી અને દુર્ગુણી મનુષ્યો ઊલટી વિચાર પદ્ધતિની આગમાં પોતે જ દરેક પળે બળતાં રહે છે. ચિંતા, ભય, ક્રોધ, અસંતોષ, ઈર્ષા, દ્વેષ, શોષણ, બદલો, દુર્ગુણો કષ્ટદાયક પ્રવૃત્તિઓ તરફ પ્રેરે છે અને અંતઃકરણ પ્રત્યેક પળે એટલું વિક્ષુબ્ધ અને દુઃખી રહે છે કે જીવન નીરસ જ નહીં, પરંતુ બોજારૂપ જણાવવાં લાગે છે. આત્માને છેતરતો માણસ નશાબાજીને શરણે જઈને શોક દૂર કરવાનો, વૈરાગી બનીને દોડવાનો કે આત્મહત્યા જેવા દુષ્કૃત્યો કરતો જોવા મળે છે. આ નરકની જ અનુભૂતિઓ છે. દુષ્ટ માણસો કે જેમના ઉપર નફરત વરસતી હોય છે તેઓને એક પ્રકારથી નરકના કીડા જ ગણી શકાય છે. દુષ્કર્મ કરતી વેળાએ આત્મા કંપે છે અને આત્મ ધિક્કારનો શોક નિરંતર પશ્ચાતાપની અગ્નિમાં સળગાવે છે. એને નરક જ કહેવામાં આવશે. કુકર્મો તો થોડીવારમાં પૂરા કરી લેવામાં આવે છે, પરંતુ તેને કરવાથી જે પતન થયું અને ભવિષ્યમાં ઈશ્વરના દંડની શક્યતા થઈ, તેને યાદ કરીને માણસ અંદરને અંદર જ ખરાબ રીતે બળતો રહે છે. વાસ્તવમાં આ જ નરક છે, જે કોઈપણ કુમાર્ગ પર ચાલનારને ખાઈ જઈને, ખોખલો બનાવી દઈને પશ્ચાતાપથી બળે છે.

આ સંસારમાં શારીરિક દુઃખો પણ ઓછાં નથી. તેના માટે કોઈ અન્ય લોકમાં જવાની જરૂરિયાત પડતી નથી. કષ્ટથી પીડાતા રોગીઓને વ્યથાથી સતત બૂમો પાડતા ક્યાંય પણ જોઈ શકાય છે. આંધળા, કોડવાળા, અપંગ, અસહાય લોકોને શું કઈ ઓછાં દુઃખ સહન કરવા પડે છે ? પ્રિયજનોનું મૃત્યુ, નિષ્ફળતા, અપમાન, ધનહાનિ, આક્રમણ, જેવા પીડાદાયક પ્રસંગો પર પણ શું કંઈ ઓછું દુઃખ થાય છે ? શારીરિક અને માનસિક દુઃખો આ સંસારમાં પણ ઓછાં નથી. કર્મફળ મુજબ જો કોઈ તકલીફ પડે છે તો તે બધાં અહીં જ ભરેલાં છે. એટલા માટે નરકની કલ્પના અન્ય લોકની સાથે જોડવી યોગ્ય નથી. દુષ્કર્મ કરવાથી તેના ફળસ્વરૂપમાં મળનારા સામાજિક અને ઈશ્વરીય દંડનો નારકીય અનુભવ કોઈ પણ કુમાર્ગ પર ચાલનારને અહીં આ લોકમાં મળી શકે છે.

મુક્તિનો અર્થ છે બંધનોથી મુક્ત થવું. આપણે કયા બંધનોથી બંધાયા છીએ તેનો વિચાર કરવાનો છે. શરીરને તો કોઈએ દોરીથી જકડી રાખ્યું નથી. નિવાસ પણ કેદખાનામાં કરતાં નથી. કોઈ પણ જગ્યાએ સ્વેચ્છાથી આવજા કરી શકીએ છીએ. જો સંસારને ભવબંધન કહીશું તો તે પણ યોગ્ય નહીં ગણાય, કારણ કે આ વિશ્વ ભગવાનનું વિરાટ રૂપ છે. જ્યાં કણેકણમાં ભગવાન સમાયેલાં હોય ત્યાં બંધન કેવું ? જે જગ્યા પર જન્મ લેવા ભગવાન તડપતાં હોય, જ્યાં અવતારો, ઋષિઓ અને ધર્માત્માઓનો નિરંતર પ્રવાહ વહેતો હોય, જ્યાં ગંગા-યમુના જેવી નદીઓ, હિમાલય જેવો પર્વત અને પ્રાકૃતિક


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સૌંદર્યનું સ્વર્ગ પથરાયેલું હોય, ત્યાં જન્મ લેવો અને જીવતાં રહેવું એક સૌભાગ્ય જ છે. તેને ભવબંધન કેમ કહી શકાય ? જ્યાં પ્રેમાળ પરિજનોની સતત સહાય મળતી હોય અને કૃતજ્ઞતામાં ડૂબાડી દેતાં હોય ત્યાં બંધન કેવું કે જેનાથી છુટકારો મેળવવા મુક્તિની કલ્પનામા ફરતા રહેવામાં આવે ? જન્મ અને મરણ તો એક સરખી પરિસ્થિાતેની નીરસતામાંથી નવીનતાના ઉલ્લાસમાં બદલાઈ જવાનું મનોરંજન માત્ર છે. તેમાં અનિચ્છનીય, અયોગ્ય, અશોભનીય કે આનંદ વગરનું શું છે કે જેનાથી છુટી જવાની વાત વિચારવામાં આવે ?

મુક્તિ વાસ્તવમાં આપણા દોષ-દુર્ગુણોથી, સ્વાર્થની સંકુચિતતાથી, ક્રોધ-અભિમાનથી, લોભ-મોહથી, પાપ-અવિવેકથી મેળવવી જોઈએ. આ બધા તે શત્રુઓ છે જે ડગલે ને પગલે દુઃખ આપે છે. આત્મગ્લાનિ અને આત્મપ્રવંચનાની અગ્નિમાં બાળનારા પોતાના મનોવિકારો જ છે, જે સન્માર્ગ પર ચાલતાં રોકવામાં જંજીરનું કામ કરે છે. આપણી પાસે સમય, સામર્થ્ય, સાધન અને સગવડો હોવાં છતાંય પરમાર્થના હેતુઓ માટે કંઈ વિચારી અને કરી શકતાં નથી, આ અંતરંગની દુર્બળતાનું સૌથી મોટું બંધન છે. તેને તોડીને ફેંકી શકાતું હોય અને ઉચ્ચ વિચારણાને અનુરૂપ આદર્શવાદી, પરમાર્થપરાયણ જીવન જીવી શકાતું હોય, તો સમજવું જોઈએ કે મુક્તિ મળી ગઈ છે. આપણા દૃષ્ટિકોણને શુદ્ધ કરીને આ જીવનમાં જ સ્વર્ગ અને મુક્તિ મેળવી શકીએ છીએ. એના માટે મૃત્યુકાળ સુધીની રાહ જોવાની શી જરૂરિયાત છે ?

ગ્લેડ્સ્સટન ઈંગ્લેન્ડના પ્રધાનમંત્રી હતા. સંસારના સુપ્રસિદ્ધ રાજનીતિજ્ઞોમાં તેમની ગણના કરવામાં આવે છે.

એક દિવસ તેઓ ફરવા નીકળ્યા, ત્યારે એક ગાડીવાળા સાથે તેમનો ભેટો થયો. ગાડીવાળાએ ગાડીમાં લોખંડનો સામાન ભરેલો હતો. ગ્લેડસ્ટને ગાડીવાળાને લોખંડ ભરીને લાવવાથી મળનારા ભાડા અંગેની પૂછપરછ કરી. એટલામાં રસ્તામાં એક ટેકરો આવ્યો. ઘોડાને ગાડી ખેંચવામાં તકલીફ થવા લાગી. આ જોઈને ગ્લેડ્સ્ટને ગાડીવાળાને પૂછ્યું કે, "હવે તું શું કરીશ ? "

ગાડીવાળાએ કહ્યું, "બીજું શું કરી શકાય છે, ખેંચવામાં ખભો લગાવી મદદ કરવી પડશે."

ગ્લેડ્સ્ટન બોલ્યાં, "સારું ! ચાલો, હું પણ ખેંચવા લાગું છું." આમ કહીને ગ્લેડ્સ્ટને ગાડીવાળા સાથે ગાડી ખેંચવા લાગ્યા. થોડીવારમાં ગાડી ટેકરો ચઢી ગઈ. ગાડીવાળાએ ગ્લેડ્સ્ટેનનો આભાર માન્યો અને ગ્લેડ્સ્ટન પોતાના રસ્તે ચાલ્યા ગયાં.

આગળ જતાં એક માણસે ગાડીવાળાને કહ્યું, "તું જાણે છે એ વ્યક્તિ કોણ હતી ? " ગાડીવાળાએ કહ્યું, "ના, હું શું કામ જાણું ? " એ વ્યક્તિએ કહ્યું, "અરે ! એ તો ગ્લેડસ્ટ્ન હતા - આપણા દેશના પ્રધાનમંત્રી." નાદાન ગાડીવાળો આશ્ચર્યચકિત થઈને બોલ્યો, "કોણ, ગ્લેડ્સ્ટન ?"

આવી હતી તે રાષ્ટ્રના અધ્યક્ષની સાદગી અને સરળતા.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ભોજનના પોષક તત્ત્વોનો આપણે નાશ કરીએ છીએ

પાકશાસ્ત્રની વિધિના આધુનિકીકરણમાં જ્યાં એક બાજુ ખાદ્ય પદાર્થોની સુંદરતા ઉપર ધ્યાન રાખવામાં આવે છે જ્યારે બીજી બાજુ તે ખાદ્ય પદાર્થોની અંદર રહેલ પૌષ્ટિક સામગ્રીની તરફ ઉપેક્ષાભર્યું વર્તન કરવામાં આવે છે. આ કારણથી પાકવિદ્યા તો સરળ બનતી જાય છે, પરંતુ ખાવા લાયક પદાર્થોના પૌષ્ટિક તત્ત્વોમાં ખોટ આવતી જાય છે. ફલસ્વરૂપે મોંઘાદાટ ભોજન કરનારાઓ પણ પૂરતા પ્રમાણમાં પૌષ્ટિક હોય તેવા પદાર્થોથી વંચિત રહી જાય છે.

છાલનું મહત્ત્વ બધા જ જાણે છે. પોષક તત્ત્વો બીજ, પાંદડાં અને શાકભાજીનાં છોડામાં રહેલાં છે. સફાઈની પ્રક્રિયામાં આ બહુમૂલ્ય પદાર્થ નાશ પામે છે. ચોખા રાંધતી વેળાએ ઓસામણ કાઢી નાખ્યા બાદ વધેલા ચોખા માત્ર કાર્બોહાઈડ્રેટથી જ પરિપૂર્ણ હોય છે. મહત્ત્વપૂર્ણ વિટામીનો તેમજ એન્ટીગૈસ્ટ્રિક પદાર્થ સંપૂર્ણપણે ઓસામણની સાથે નીકળી જાય છે. આ જ કારણથી આવા ચોખાથી રાંધેલાં ભાત જમનાર લોકો એસીટીડીના શિકાર થતા જોવામાં આવે છે. પ્રાકૃતિક આહારમાં ચળામણવાળા લોટને મહત્ત્વપૂર્ણ સ્થાન આપવું જોઈએ કારણ કે સંપૂર્ણ વિટામીન તેમજ ખનિજ તત્ત્વો તેમાં જ ભળેલાં હોય છે. આ જાણવા છતાં પણ આપણે લોટમાંથી ચળામણ કાઢીને તેને બહાર ફેંકી દઈએ છીએ.

ચોખા રાંધતાં પહેલાં ત્રણ ચાર વાર ધોવાથી 'બી' ગ્રુપનાં વિટામીનો નાશ પામે છે. મગ, અડદ, ચોળા, તુવેર વિ. દાળોને પણ વધારે પાણીમાં રાખીને રાંધવાથી તેમજ તે પાણીને ફેંકી દેવાથી - તેમાં રહેલ પૌષ્ટિક્તા નાશ પામે છે. તે પાણીનો ઉપયોગ શાકના રસા માટે યા લોટ બાંધવામાં કરી શકાય છે.

શાકભાજીને છોલવા એ એસકાર્બિક એસિડ અને વિટામીન 'સી'ને બહાર ફેંકી દેવા સમાન છે. ગાજરના છોતરાંમાં 'બો કોમ્પલેક્ષ' થિયોમિન - રિબોફલેવિન વિ. વિટામીનો પૂરતી માત્રામાં મળી આવે છે. સલાડના પાંદડાંના બહારના ભાગમાં વિટામીન બી અને સી પૂરતી માત્રામાં હોય છે. અંદરના પાંદડાંને બદલે બહારનાં પાંદડાંમાં આ તત્ત્વો વધારે પ્રમાણમાં મળી આવે છે. તેથી તેને છોલવું તે બિલકુલ ઉચિત નથી. સફરજનના છોતરાંમાં એસકાર્બિક એસિડ (વિટામીન બી)ની માત્રા સફરજનના અંદરના ગર્ભના કરતાં ૩ થી ૧૦ ગણી વધારે હોય છે. સાથે સાથે છોતરામાં નિયાસીન અને રિબોફ્લેબિનની માત્રા પણ અંદરના ગર્ભ કરતાં વધારે હોય છે. એસેકોર્બિક એસિડ ટામેટા અને બીજા ફળોમાં બિલકુલ નીચેના પડમાં સામાન્ય રીતે વધારે હોય છે. તેથી જેને છોલવાનું જરૂરી ના હોય તેનો છોલ્યા વિના જ ઉપયોગ લેવામાં આવે તે સારું છે. કંદમૂળ પ્રકારનાં શાકભાજીને ઘણા સમય સુધી પાણીમાં પલાળી રાખવી પણ સારી નથી. શક્કરીયાને ૫ કલાક પાણીમાં પલાળી રાખવાથી તેનું મહત્ત્વપૂર્ણ થિયામીન તત્ત્વ નાશ પામે છે.

એસ્કાર્બિક એસિડ (વિટામીન સી) શરીર માટે લાભપ્રદ તત્ત્વ છે તેમજ સંવેદનશીલ પણ છે. કેટલીક શાકભાજીને ઉકાળતી વખતે આનો નાશ ઘણી ઝડપથી થાય છે. બંધ ઢાંકણવાળા વાસણમાં ઉકાળવાથી માત્ર ૧૩ ટકા એસ્કાર્બિક એસિડ રહી જાય છે. એવું જોવામાં આવ્યું છે કે થોડા પ્રમાણમાં પાણી નાંખી અને ઢાંકીને રાંધવાને બદલે વધારે માત્રામાં પાણી નાંખી ઢાંક્યા વગર રાંધવાથી ૨૦ ટકા કેલ્શિયમને નુકસાન થાય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આ દૃષ્ટિથી પ્રેસર કુકરમાં ભોજન બનાવવું ઘણું લાભદાયક જણાયું છે. આમાં વરાળ દ્વારા ભોજન રાંધવામાં આવે છે. જેના કારણે બંધ ઢાંકણવાળા વાસણમાં ૬૭ ટકા એસકાર્બિક એસિડ, ૮૮ ટકા થિયામીન અને ૧૦૦ ટકા રિબોફ્લેવિન જેવું છે તેવું મેળવી શકાય છે. વરાળ દ્વારા રાંધવામાં આવતી શાકભાજીમાંથી પોષક તત્ત્વોના નાશ પામવાની શક્યતા ઘણી ઓછી હોય છે.

ફ્રીજ તેમજ ઠંડા વાતાવરણમાં ખાદ્ય પદાર્થ ઘણા સમય સુધી સુરક્ષિત તો રહે છે, પરંતુ તેમાં રહેલાં પોષક તત્ત્વો નાશ પામે છે. એક દિવસ માટે રાંધવામાં આવેલા શાકભાજીનાં પૌષ્ટિક તત્ત્વો પર્યાપ્ત માત્રામાં નષ્ટ થઈ જાય છે. જ્યારે સાચવી રાખવામાં આવેલી શાકભાજી ફરીથી ગરમ કરવામાં આવે છે તો તેની પૌષ્ટિકતા પાછી ઘણી ઓછી થઈ જાય છે. ખાવાનું તેલ વારંવાર ગરમ કરવાથી તેની પૌષ્ટિકતા ઉપર પણ અસર પડે છે.

તેથી જ પૌષ્ટિક તત્ત્વોનો નાશ થતો અટકાવવા માટે ખાવાનું પહોળા વાસણમાં રાંધવામાં આવે. તે ઘણા ઓછા સમયમાં તૈયાર કરવામાં આવે અને ધીમા તાપે વરાળના માધ્યમથી રાંધવામાં આવે. ખાદ્ય ચીજોને વધારે વખત ધોવાની અને ઉકાળવાની પદ્ધતિઓ છોડવામાં આવે તો સસ્તી ખાદ્ય ચીજોમાંથી પૂરતા પ્રમાણમાં પૌષ્ટિક્તા મેળવી શકાય છે.

હિરણ્યકશ્યપ નામના રાક્ષસનો જન્મ થયો ત્યારે ભગવાને નૃસિંહ અવતાર લઈને તેનો નાશ કરી દીધો અને પરત ચાલી ગયા. અહંકારી બલિનું અભિમાન નષ્ટ કરવા ભગવાન વામનના રૂપમાં અવતર્યાં. રાવણના અત્યાચારોથી દુઃખી ઋષિ-મુનીઓનો ઉદ્ધાર કરવા માટે ભગવાન રામના રૂપમાં આવ્યા અને રાવણની સાથે યુદ્ધ કરવું પડ્યું. આતંકવાદી કંસ, ચાણુર અને કૌરવની સામે ટક્કર લેવા અને તેમનો વિનાશ કરવામાં શ્રીકૃષ્ણ ભગવાનનું જીવન વીતી ગયું.

કહેવાય છે કે આ બધી મારામારીથી દુઃખી થઈને ભગવાન પીપળાના વૃક્ષની નીચે સૂઈને ચિંતન કરતા હતા ત્યારે કોઈ શિકારીએ તીર છોડી દીધું, જેનાથી તેમને પ્રાણ છોડવાની ફરજ પડી.

તે સમયે તેમની પાસે એક સારથી ઊભો હતો. ભગવાનનો અંતિમ સમય જાણીને સારથીએ પૂછ્યું, "પ્રભુ ! કોઈ અંતિમ સંદેશો કે ઉપદેશ હોય તો કહેતાં જાઓ. હવે પછીના નવા જન્મમાં કયા રૂપમાં પ્રગટ થશો." ભગવાન બોલ્યા, "હું વારંવાર પૃથ્વી ઉપર આવીને મનુષ્યની સહાયતા કરતાં-કરતાં થાકી ગયો છું. આ રીતની પ્રત્યક્ષ સહાયતાથી મનુષ્યમાં પરાવલંબીપણું જ વધ્યું છે. હવે પછી હું અવતાર લેવા ઈચ્છતો નથી." સારથી બોલ્યો, "પરંતુ દેવ ! અમો મનુષ્યોનો ઉદ્ધાર કેવી રીતે થશે અને કોણ કરશો ?" ભગવાન બોલ્યા, "મેં ગીતામાં ઉપાય બતાવી દીધો છે. "ઉદ્ધરેદાત્મનાત્માનમ્". મનુષ્ય પોતાનો ઉદ્ધાર કરવામાં પોતે જ સમર્થ છે. તે પુરુષ છે. પુરુષાર્થનું સામર્થ્ય તેને પરમપિતા પરમાત્મા પાસેથી વારસામાં મળ્યું છે. દેવી-દેવતાઓની સામે આજીજી કરવામાં તેની શોભા નથી." સારથી બોલ્યો, "છતાં પણ આપની સહાયતા જરૂરી છે." ભગવાન બોલ્યા, "ઠીક છે, હવે પછીથી પુરુષાર્થ તો પુરુષાર્થી પુરુષે જ કરવો પડશે. હું માર્ગદર્શન આપવા અને સંગઠિત કરવા કોઈને કોઈ રૂપમાં આવતો રહીશ. ત્યારથી બુદ્ધ, મહાવીર, નાનક, કબીર, સમર્થ રામદાસ, રામકૃષ્ણ, ઈસુ, મૂસાના રૂપમાં અનેક વખત ભગવાન આવતાં રહ્યાં છે અને પોતાનું કામ કરીને ચાલી જાય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી

## વસંત પર્વની વેળામાં ગુરુવરનો વાસંતી સંદેશ

(આ અંકમાં તા ૧૫-૨-૭૮ ના રોજ શાંતિકુંજમાં પરમપૂજ્ય ગુરુદેવે આપેલ પ્રવચન પૈકીનો પહેલો ભાગ વાચકોને અમૃતવાણીના સ્વરૂપે વાંચવા મળશે. એ વેળા ત્યાં ગાયત્રી નગરનું નિર્માણ થઈ રહ્યું હતું. આ પહેલા ભાગમાં તે સ્થાપનાઓની ચર્ચા કરવામાં આવેલી છે કે જેણે આજે સમગ્ર વિશ્વમાં ધૂમ મચાવી છે અને તેની ભાવી ફળશ્રુતિઓનું વર્ણન છે.)

અમારી સાથોસાથ ગાયત્રી મંત્ર બોલો.

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।**

દેવીઓ અને ભાઈઓ !

આ વસંત પર્વના સમય પર જેના ઉદ્‌ઘાટન અર્થે આપણી શિબિર શ્રૃંખલા ચાલી રહી છે અને તેમાં જોડાવવા માટે આપ સૌને દૂર-દૂરથી બોલાવીને કેમ કષ્ટ આપવામાં આવ્યું છે, તેના વિશે હવે થોડો વિચાર કરીએ. આ સમયે અહીં ત્રણ કાર્યો ચાલી રહ્યાં છે, જેમાં જોડાવવા માટે આપ લોકોને બોલાવવામાં આવ્યા છે આ ત્રણ કાર્યો છે -

(૧) બ્રહ્મવર્ચસનું ઉદ્‌ઘાટન (૨) પ્રજ્ઞા મંદિરનું ઉદ્‌ઘાટન અને (૩) ગાયત્રી નગરનું ઉદ્‌ઘાટન. આંખોથી જોતાં બાહ્ય દૃષ્ટિએ આ ત્રણેય વસ્તુઓ ઘણી જ નાની જણાય છે, પરંતુ તેને વિવેકની આંખથી જોવામાં આવે તો એમાં કાયાકલ્પ કરનારા, યુગ અને માનવીને બદલી દેનારા બધા જ તત્ત્વો સંપૂર્ણતયા મોજૂદ છે. એમાંથી એક બ્રહ્મવર્ચસ આશ્રમનું નિર્માણ છે, જે બાહ્ય દૃષ્ટિથી એક મંદિર જેવી વસ્તુ છે. એને એક સામાન્ય સદીનું નિર્માણ કહી શકાય છે, પરંતુ આંતરિક દૃષ્ટિથી આ ઘણી મોટી અને અભૂતપૂર્વ વાત છે. આ એક એવું પ્રતીક છે કે નજીકના સમયમાં ઉથલ-પાથલ કરનારી કોઈ ઘણી મોટી વસ્તુ આવનારી છે. મનુષ્યોને દિશા આપનારી કોઈ નવી વસ્તુ ઉત્પન્ન થનારી છે, એનું આ પ્રતીક છે.

પ્રતીક કોને કહેવાય છે ? બેટા એના વિશેની બચપણની એક વાત યાદ આવે છે કે સમ્રાટ જ્યોર્જ પંચમ જ્યારે ઈંગ્લેન્ડની ગાદી પર બેઠાં હતાં ત્યારે તેમના હાથમાં એક ચાંદીની છડી કે દંડો રહેતો હતો. લોકોએ જ્યારે તેમને પૂછ્યું કે આ ડંડો શા કામમાં આવે છે, તો તેમણે કહ્યું કે આ રાજસત્તાનું પ્રતીક છે. અમે સંપૂર્ણ રાષ્ટ્રમંડળના બાદશાહ છીએ. તેનો આ રોલ-પ્રતીક છે. રોલ લીધા વિના તેઓ ગાદી પર બેસી શકતા નથી. આ રીતે હિન્દુસ્તાનની રાજસત્તા જ્યારે બદલાઈ હતી અને અંગ્રેજ સરકાર પોતાની સત્તા હિન્દુસ્તાનની સરકારને આપીને ગઈ હતી તો કઈ વસ્તુઓ આપીને ગઈ હતી ? ફાઈલો ? ના. તે વેળાએ લોર્ડ માઉન્ટબેટને રાજગોપાલાચાર્યને ગર્વનર બનાવ્યાં હતાં અને તેમના હાથમાં એક રોલ સોંપયો હતો. આ રોલ કે ડંડો શું છે ? આ હિન્દુસ્તાનના શાસનનું સુકાનનું પ્રતીક છે, ચિહ્ન છે.. તે ચિહ્ન આપણને સોંપી દીધું અને કિલ્લા પરથી યુનિયન જેક ઉતારી દીધો અને તેની જગ્યાએ ત્રિરંગો ઝંડો ફરકાવી દીધો. ઝંડો પણ એક પ્રતીક છે, તે પછી ત્રિરંગો હોય કે યુનિયન જેક હોય. યુનિયન જેક પર જે ત્રાંસી લીલી અને લાલ લકીરો (લીટીઓ) હતી તે અંગ્રેજી શાસનની પ્રતીક હતી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને ત્રિરંગો હિન્દુસ્તાનના શાસનનું પ્રતીક છે, જેમાં ત્રણ પટ્ટીઓ લગાવેલી છે એમાં એક પટ્ટી શૌર્ય અને સાહસનું પ્રતીક છે, બીજી સાદાઈનું અને ત્રીજી શ્રમનું-સમૃદ્ધિનું પ્રતીક છે. ત્રણે પ્રતીકોથી ત્રિરંગો ઝંડો બનાવવામાં આવ્યો છે. બધી જગ્યાએ પ્રતીકોને માનવામાં આવે છે અને જ્યાં સુધી દુનિયા છે ત્યાં સુધી પ્રતીક પૂજા પણ કાયમ થતી રહેશે. મુસલમાન લોકો પ્રતીક પૂજાને માનતા નથી. પરંતુ કાબા શરીફમાં એક કાળા રંગનો પથ્થર જે "સંગે અવસદ" નામે રાખવામાં આવેલો છે, ત્યાં હજ યાત્રાએ જનારા મુસલમાનો જ્યારે જાય છે ત્યારે તેમને તે કાળા પથ્થરનું ચુંબન કરવું પડે છે, 'બોસા' લેવા પડે છે કે જેના પર મહંમદ સાહેબ બેસતાં હતાં. જે તેના બોસા લેતો નથી તે માણસની જિયારત (હજ) કબૂલ જણાતી નથી. આ શું છે ? પ્રતીક છે.

ચાલો, આપણે બધા હવે તે ત્રણ પ્રતીકોનું ઊંડાણમાં ચિંતન કરીએ કે જેના માટે અગાઉ જણાવેલાં પ્રતીકો બનાવવામાં આવ્યા છે. જીવનના અંતિમ દિવસોમાં ભગવાને, મહાકાળે, ત્રિપદા ગાયત્રીએ ત્રણ મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ પ્રતીકના રૂપમાં અમારા ખભા પર નાખી છે. અમે આપને એટલા માટે બોલાવ્યા છે, કે ચાલો, આ સેતુબંધને બાંધવામાં આપણે બધા હળીમળીને કામ કરીએ, ગોવર્ધન પર્વતને સાથે મળીને ઉપાડીએ. આના માટે આપને આ ઉદ્ઘાટન શિબિરમાં બોલાવવામાં આવ્યા છે. બેટા, આ ઉદ્ઘાટન નહીં, પરંતુ એક પ્રકારની પ્રતીક પૂજા છે. આ પ્રતીક પૂજાની પાછળ જે ઉદ્દેશો અને વિચારો કામ કરે છે અને જેના માટે અમે વ્યાકુળ છીએ અને તેને પૂરા કરવામાં અમોએ સમગ્ર શ્રમ, સમગ્ર અક્કલ અને સંપૂર્ણ મનોયોગ લગાવ્યો છે, તેને પૂર્ણ કરવામાં આપને પણ મદદ કરવા આવાહન કરીએ છીએ.

બ્રહ્મવર્ચસ શી વસ્તુ છે ? બેટા, બ્રહ્મવર્ચસ એક ફેક્ટરી છે, એક કારખાનું છે, એક ભઠ્ઠી છે. આ ભઠ્ઠીમાં શું થશે ? ઓગાળવાનું અને ઢાળવાનું કામ થશે. ભઠ્ઠીઓ કેટલીય પ્રકારની હોય છે. કોઈ કાચની ભઠ્ઠી હોય છે તો કોઈ લોખંડની ભઠ્ઠી હોય છે, તો કોઈ અમુક ભઠ્ઠી હોય છે. પરંતુ અમે જે ભઠ્ઠી બનાવી છે તેમાં અમે ઓગાળવાનું અને ઢાળાવનું કામ કરીશું. આ કારખાનામાં અમે બે વસ્તુ તૈયાર કરીશું. જેના આધાર પર નવા યુગનું માળખું તૈયાર કરશે. પ્રત્યેક મશીન અને પ્રત્યેક કાર્ય કોઈને કોઈ તાકાતથી ચાલે છે. કોઈ પણ તંત્ર કોઈને કોઈ તાકાતથી ફરતું હોય છે. તાકાત ન હોય તો તે ચાલશે નહીં. 'ક્રેન' જેના આધાર પર ઉપાડી શકાનાર છે, 'ડ્રિલિંગ' મશીન જેના દ્વારા જમીનમાં છિદ્ર કરનાર છે, એ કઈ તાકાતથી ચાલશે ? બેટા, આ કઈ તાકાતથી ચાલશે ? તે 'એટમિક' તાકાત નથી, બલ્કે તે આત્મિક તાકાત છે. આત્મિક તાકાત સિવાય આપણે નવો યુગ લાવી શકીશું નહીં. નવો યુગ લાવવા માટે આપણને પૈસાની જરૂરિયાત પડશે એવી વાત અમે કરતા નથી. અમે આત્મબળની જરૂરિયાત સમજીએ છીએ. આપણી પાસે જો આત્મબળ હશે તો મનુષ્યોની ચેતનાને બદલી શકીશું.

પરિવર્તનમાં આપણે શું બદલાવાનું છે ? શું ખાવાપીવાની રીત બદલવાની છે ? ના, બેટા, ભલે નવો યુગ આવી જાય કે ન પણ આવે, તો પણ દાળ-રોટી તો બધા લોકો ખાશે. તો પછી શું બદલીશું ? અમે લોકોની વિચાર પદ્ધતિ બદલીશું, શ્રદ્ધા બદલીશું દૃષ્ટિકોણ બદલીશું અને મનુષ્યની ઈમાનદારી બદલીશું. ઈમાનદારીને બદલવા માટે કઈ તાકાતની જરૂરિયાત પડશે. બેટા, આપણે આધ્યાત્મિક તાકાતની જરૂરિયાત પડશે, કારણકે આપણે ચિંતન બદલવાનું છે નહીં કે ખાવાનું અને પહેરવાનું. માણસનું ચિંતન બદલવા માટે લાકડીની કે પૈસાની જરૂરિયાત નથી. વિચારોને બદલવા માટે આધ્યાત્મિક બળની-આત્મબળની જરૂરિયાત છે. કોઈ બીજી વસ્તુ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વિચારોને બદલી શકતી નથી. પૈસાથી વિચારો બદલી શકાતાં નથી. દુનિયાની કોઈ પણ વસ્તુ વિચારોને બદલી શકતી નથી. વિચારોને બદલવામાં જે આત્મબળની જરૂરિયાત છે તેને અમે પેદા કરીશું. યુગશકિત માત્ર આત્મબળની શકિત હશે. તમે આત્મબળની શકિત કેવી રીતે પેદા કરશો ? એના માટે અમે બ્રહ્મવર્ચસ નામની નાની સરખી ફેકટરી બનાવી છે. એમાં આત્મબળયુકત મનુષ્યોનું નિર્માણ કરવાની કોશિશ કરીશું.

ગુરુજી ! આપ મનુષ્યોનું નિર્માણ કેવી રીતે કરશો ? તેમાં કઈ વસ્તુનું નિર્માણ કરશો ? તેમને શું શીખવશો ? શું તમે તેમને એન્જિનીયરીંગ શીખવશો ? ના - એન્જિનીયરીંગ શીખવશું નહીં. અમે બે પ્રકારના માણસો બનાવીશું, એકનું નામ હશે - 'મનસ્વી' અને બીજાનું નામ હશે - 'તપસ્વી'. તો શું તમે મનસ્વી અને તપસ્વી આ જ જગ્યા પર બનાવશો કે બીજી કોઈ જગ્યા પર પણ બનાવશો ? ના બેટા. આ તો અમારી નર્સરી છે. આ નર્સરીમાં અમે નાના-નાના છોડ ઉછેરીશું અને પછી તેમને સમગ્ર સંસારમાં મોકલી આપીશું. અહીં અમે એક નમૂનાની મૉડલની વસ્તુ તૈયાર કરીશું અને પછીથી સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષિત કરવા માટે દરેક માનવીને વિચારો પહોંચાડવા માટે તેમને મોકલીશું. નવા યુગના માટે આ મૉડલોને અમે દેવતા કહ્યાં છે. દેવતાની શી શરત હોય છે ? દેવતાના બે હિસ્સા છે - એક મનસ્વી અને બીજો તપસ્વી છે. મનસ્વી પૂર્વાદ્ધ છે અને તપસ્વી ઉત્તરાર્ધ છે. મનસ્વી મેટ્રીકની હાઈસ્કૂલનો કોર્સ છે, તો તપસ્વી કોલેજનો કોર્સ છે. આગળના દિવસોમાં તપસ્વી સ્તરના મનુષ્યો પેદા કરવા પડશે કે જેઓ દેવત્વથી પૂર્ણ હશે. તેમને તૈયાર કરવા અમે શિક્ષણ આપીશું. આ બ્રહ્મવર્ચસ કે જેનું ઉદ્ઘાટન કર્યું છે એમાં તમને કયા-કયા પ્રકારનું શિક્ષણ આપીશું ? બેટા, આની પાછળ અમારા મોટાં-મોટાં સ્વપ્નો છે. જો કે અમારી કંપની નાની છે, કારખાનું નાનું સરખું છે, ઈમારત નાની સરખી છે, પરંતુ અમે જે કામ કરનારા છીએ તે માત્ર આ ઈમારત માત્ર માટે લાયક નથી, હિન્દુસ્તાનના માટે લાયક નથી, હિન્દુઓને લાયક નથી, બલ્કે સમગ્ર વિશ્વના માટે છે. આ જગ્યા અમારી બેસવા માટેની જગ્યા છે. બેસવા કે ઊભા રહેવા માટે કોઈને કોઈ જગ્યા તો જોઈએ. આ અમારી ઊભા રહેવાની જગ્યા છે, પરંતુ અમારે જે કામ કરવાનું છે તે થોડા મર્યાદિત વિસ્તાર પૂરતું નથી, બલ્કે સમગ્ર સંસારમાં કરવાનું છે. તે કામ વ્યાપક રૂપમાં અને વિસ્તૃત રૂપથી કરવાનું છે.

કયું કામ કરવાનું છે ? એક તો અમારે મનસ્વી તૈયાર કરવાનાં છે અને બીજા તપસ્વી તૈયાર કરવાનાં છે. મનસ્વી કેવાં હોય છે ? મનસ્વી એવા હોય છે જેઓ મનના ગુલામ હોતાં નથી, બલ્કે મનના સ્વામી હોય છે. મનના સ્વામીનું નામ છે - મનસ્વી. પરંતુ આજે તો સમગ્ર માનવ સમાજ જ મનનો ગુલામ છે. મનના ગુલામનો મતલબ છે લોભના ગુલામ અને મોહના ગુલામ. તેમને સિદ્ધાંતોથી કોઈ મતલબ નથી. તેમને માટે સિદ્ધાંતો સાંભળવા અને કહેવા પૂરતાં જ હોય છે. સિદ્ધાંતો તેમના જીવનમાં ખૂબ જ દૂર હોય છે. તેઓ નરવાનરો, નરપશુઓ અને નરજંતુઓની જેમ જીવતાં રહે છે. સિદ્ધાંતો તેમના માટે કોઈ વિસાતમાં નથી, તેમની વિસાતમાં લોભ અને મોહ જ હોય છે, પરંતુ ઈમાનદારી કોઈ વિસાતમાં હોતી નથી. આ પેઢીને બદલવા ઈચ્છીએ છીએ અને નવો યુગ લાવવા ઈચ્છીએ છીએ. એના માટે અમે ઓગાળવાનું અને ઢાળવાનું કામ કરીશું. ઓગાળવું અને ઢાળવું એ કઈ બાબત છે ? બેટા, જ્યારે છાપખાનાના ટાઈપ ઘસાઈ જાય છે ત્યારે તેને ઓગાળવા અને ઢાળવા માટે ફેકટરીમાં મોકલી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દેવામાં આવે છે, જ્યાં તેને ફરીથી ઢાળીને નવા બનાવાય છે. આ ગાળવાની પ્રક્રિયા છે. ફેકટરીમાં જેવાં તે ઓગળી જાય છે કે તે પછી તેને ઢાળીને નવા ટાઈપ બનાવાય છે. આ જ રીતે તૂટયાં-ફૂટયાં વાસણોને ઓગાળવા માટે ભઠ્ઠીમાં મોકલી દેવામાં આવે છે, જ્યાં તેમને ફરીથી ઢાળીને નવા વાસણો બનાવાય છે. જૂના ઓગાળીને ઢાળ્યા પછી બિલકુલ નવા બની જશે. અમે પણ નવો યુગ લવાવા માટે નવો માનવી બનાવવા ઈચ્છીએ છીએ. નવા માનવીને મનસ્વી બનાવવા ઈચ્છીએ છીએ.

મનસ્વી કેવા હોય છે ? મનસ્વી મનનો માલિક હોય છે અને પોતાના ઈશારાથી મનને ચલાવે છે અને કહે છે કે ભાઈ સાહેબ, અમે આપના ગુલામ નથી. આપણને આ શરીર અને મનની સાથે અગિયાર ઈન્દ્રિયો કામ કરવા માટે મળી છે. તે આપણા ઈશારા પર ચાલશે. ઈન્દ્રિયોએ આપણો ઈશારો માનવો પડશે. આપનો ઈશારો શો હશે અને આપ શું કરાવશો ? આપણે ભગવાનના ત્યાંથી આવીએ છીએ. ભગવાને આપણી પર સિદ્ધાંતો અને આદર્શો લાદયા છે. તે આદર્શો અને સિદ્ધાંતો પર ચાલવા માટે આપણે મનને હુકમ કરીશું કે આપે અમારો હુકમ માનવો જ પડશે. આ રીતે જે મનુષ્ય પોતાના જીવનનું સુકાન અને પોતાના જીવનની પ્રવૃત્તિઓનું સુકાન પોતાના હાથમાં સંભાળી લેશે તેનું નામ છે - મનસ્વી. હવે અમે મનસ્વી બનાવીશું. મનસ્વીથી શું બની શકશે ? બેટા, મનસ્વીથી એવું બનશે કે મનુષ્યની અંદર અમોને જે સ્વપ્નો દેખાય છે કે દેવતાનો ઉદય થવો જોઈએ તો તેની અંદર દેવત્વનો ઉદય થઈ જશે. પોતાના મનનો જે માલિક છે તે જ દેવતા હોય છે. દેવતા કેવા હોય છે ? દેવતા એવા હોય છે કે તેની સામે તેની મહત્ત્વાકાંક્ષાઓ, ઈચ્છાઓ, તેની કામનાઓ, ભાવનાઓ જે ઉઠતી હોય છે, તે એ ઉઠે છે કે આપણું જીવન આદર્શો અને સિદ્ધાંતો માટે છે. જ્યાંથી આપણે ચાલીએ છીએ ત્યાં તેના માટેનું છે.

સાથીઓ, ભગવાને મનુષ્યને જે કિંમતી જીવન આપ્યું છે તે મોજ-મજા ઉડાવવા માટે આપ્યું નથી. જો એટલા પૂરતું જ ભગવાને મનુષ્યજીવન આપ્યું છે, તો પછી ભગવાનની જેટલી ભૂલો ગણી શકાય તે કાંઈ ઓછી નથી. તો પછી ભગવાનને પક્ષપાતી અને અન્યાયી કહી શકાય. ચોર્યાસી લાખ યોનીઓમાં જે કંઈ વસ્તુઓ કોઈને પણ મળી નથી, તે માત્ર મનુષ્યને જ મળી છે. તે ચોક્કસ છે કે તે વસ્તુઓ મનુષ્યને મોજ-મજા ઉડાવવા કે સ્વાર્થ સિદ્ધિ કરવા માટે મળી નથી, પરંતુ તે એક અમાનતાના રૂપમાં આપને મળી છે. જે દિવસે મનુષ્યને ખ્યાલ આવી જશે કે આ જે અમાનત મળી છે તેનો ઉપયોગ આપણે ઈમાનદાર માનવી તરીકે કરવો જોઈએ, નહીં કે બેઈમાન કે બદમાશ માનવી તરીકે કરવો, તો સમજવું જોઈએ કે તે મનસ્વી બની ગયો છે. બેઈમાન કોણ હોય છે ? બેઈમાન તે મુનીમ કે ખજાનચીનું નામ છે કે જેના હાથમાં સોંપેલી મૂડીનો તે સરકારી કામોમાં ખર્ચ ન કરતાં પોતાના સ્વાર્થ માટે કરે છે. તે માનવી શું કહેવાય છે તે આપ સમજી શકો છો. તે માનવી એક 'ક્રિમિનીલ' (ગુનેગાર) છે. એ જ રીતે જે માનવી પોતાની અક્કલનો, મૂડીનો, પોતના પ્રમાણનો, વિશેષતાઓનો પોતાના એશઆરામમાં, પોતાના લોભ અને મોહમાં ખર્ચ કરી દે છે તે માનવી પણ 'ક્રિમિનલ' છે. એવો માનવી કાનૂનની દૃષ્ટિએ ભલે ક્રિમિનલ ન ગણાય, પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિમાં 'ક્રિમિનલ' છે. સરકારી કાયદાના આધાર પર જે કેસ ચાલે છે, તે તો ચોર અને ચાલાકો દ્વારા ચોરોના માટે બનાવવામાં આવ્યા છે. અમે સરકારી કાયદાની વાત કરતા નથી કે જેની દૃષ્ટિએ એ વાતો ગુનાઓ છે કે નહીં, પરંતુ બેટા, આધ્યાત્મિક દૃષ્ટિથી જે વાતો ગુનાઓ છે, તે વાતની તરફ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અમે તમારું ધ્યાન ખેંચીએ છીએ.

મનુષ્યની અક્કલ ભગવાનની થાપણ છે. મનુષ્યની ક્ષમતાઓ ભગવાનની થાપણ છે અને તે ફક્ત એ કામ માટે મળી છે કે તેનો ઉપયોગ ભગવાનની સુંદર દુનિયાને ખૂબસૂરત, સમૃદ્ધ અને સંસ્કારવાન બનાવવા માટે કરીએ. આ ભગવાનની સોંપેલી મનુષ્યની જવાબદારી છે. જો તમારો એવો ખ્યાલ હશે કે મૃત્યુ પછી તમોને સવાલ-જવાબ પૂછવામાં આવશે કે તમે કોઈ ભજન-પૂજન કર્યું છે કે નહીં, તો બેટા, ભગવાનને ત્યાં એવો કોઈ હિસાબ-કિતાબ નથી. ભગવાનને ત્યાં તો ફક્ત એક જ સવાલ-જવાબ થાય છે કે તમોએ મનુષ્ય તરીકે જિંદગી કયા કાર્યમાં વાપરી છે, તે બતાવો. અમે તમોને દુનિયાને સુંદર અને સમૃદ્ધ બનાવવા માટે, આગળ વધારવા માટે, આદર્શવાદી બનવા અને બનાવવા માટે અમારા સહાયક-મદદનીશના રૂપમાં મોકલ્યા હતા, તો તમોએ તે કામ કર્યા કે નહીં ? આ ધરતી પર તમારા સિવાય અન્ય કોઈને અમે આટલી સુંદર અક્કલ-મગજ, આટલા સુંદર હાથ-પગ આપ્યા નથી. તમોને અમે માત્ર પેટ ભરવા માટે અને શરીર ઢાંકવા માટે આટલી બધી વસ્તુઓ આપી ન હતી. તેને માટે તો એક કે અડધા કલાકની મહેનત જ પૂરતી હતી. બાકીનો સમય ક્ષમતા અને સંપત્તિનો તો અમારા કામમાં ઉપયોગ કરવો જરૂરી હતો. પરંતુ તમે એવું કેમ ન કર્યું ? કરી પણ શું કરતા હતા ? આ અમારું જે મન છે, એ એવું બદમાશ, બેઈમાન, દુષ્ટ, દુરાચારી, અન્યાયી, અન્યાચારી નોકર અને સાથી છે કે જે બેકાબૂ છે એ મન અમને જિંદગીની નાવ પાર કરવા માટે મળ્યું હતું. પરંતુ જેમ કોઈ-કોઈ છોકરાઓ પોતાનો પિતા વૃદ્ધ થઈ જતાં તેના પૈસા ઝૂંટવી લેવા માટે મારપીટ કરે છે અને પૈસા પડાવી લે છે તેની માફક અમે મનને બેસુમાર રીતે મારી દીધું છે. કોઈ કોઈ બદમાશો આવા હોય છે.

ગુરુજી ! આવા બદમાશો કોણ-કોણ છે તેમના નામ બતાવો. બેટા, તે બદમાશનું નામ છે - તમારું મન. જેણે તમારી ઈમાનદારીને, તમારા જીવાત્માની મારપીટ કરી છે, લાતો લગાવી છે, ગાળો દીધી છે અને જેટલી થઈ શકે તેટલી પીડાઓ આપી છે, જેટલા નીચે પાડી શકાય તેટલી કક્ષાએ ગબડાવી પણ દીધાં છે. જો આ આપણા બધાનું મન કાબૂમાં રહ્યું હોત તો આજે આપણી દશા કંઈક જુદી જ હોત. જો તમારું મન કાબૂમાં હોત તો તમારામાંથી મોટાભાગના લોકો વિવેકાનંદ હોત, કબીર હોત., રૈદાસ હોત. પરંતુ આ અમારું મન માનતું નથી અને કસાઈ-હત્યારા જેવું બનીને અમારા ઉપર દિવસ-રાત છવાયેલું રહે છે અને ભગવાનની બાબતમાં ન જાણે કેવાં-કેવાં ઊલટા-સુલટી અમને બહાના બનાવતું રહે છે. ભગવાનનું ભજન કરવાનો મતલબ એક જ છે કે આપણે આપણા મનની સફાઈ કરીએ અને યાદ રાખીએ કે ભગવાનના ત્યાંથી આપણે કયા કામ માટે આવ્યા છીએ અને કયા કામ માટે જવું જોઈએ. પરંતુ આ ચાલક અને બેઈમાન મન ન જાણે કેવી ઊલટ-સુલટ વાત ભણાવી દે છે. એ મન એમ કહે છે કે ભગવાનને અગરબત્તી અને ચોખા અર્પણ કરી દો, ફૂલમાળા ચઢાવી દો, ભગવાનને હનુમાન ચાલીસા સંભળાવી દો અને તેને ઉલ્લુ (મૂર્ખ) બનાવી દો અને પછી ભગવાન પાસે મન માન્યું કામ કઢાવી લો. આપણું મન ઘણું ચાલાક, બેઈમાન, દુષ્ટ અને જાલિમ છે, તે ન જાણે આપણને શું-શું ભણાવતું અને કરાવતું રહે છે ?

મિત્રો, અમે મનસ્વીઓની નવી પેઢી બનાવવા ઈચ્છીએ છીએ. આગળના દિવસોમાં અમે એવા મનસ્વી અને હિંમતવાળા મનુષ્યો ઘડવા માગીએ છીએ કે જેઓ સિદ્ધાંતો અને આદર્શોના માટે મનના સ્વામી હોય. સિદ્ધાંતો અને આદર્શો માટે જીવનારાઓનું સ્વરૂપ કેવું હોવું જોઈએ ? બેટા, એ મનુષ્યની અંદરની જે વાત


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હોય તેવું તેનું સ્વરૂપ હોય તો સમજવું જોઈએ કે તે મનુષ્ય મનસ્વી છે અને તે ભગવાનનું કામ કરી શકે છે. એવા જ મનુષ્યની આધ્યાત્મિક શકિતઓ વધશે અને તે દુનિયા માટેનું મહત્ત્વપૂર્ણ કાર્ય કરશે અને જીવનની નાવ પાર કરીને લઈ જશે. પરંતુ આ માટે તે વાત તેના મનમાં દૃઢ થવી જોઈએ. બતાવો તે મનસ્વીની ઓળખાણ શી છે ? મનસ્વીની એક જ ઓળખાણ છે કે તે પોતાના મનની મહત્ત્વાકાંક્ષાઓનો આધાર બદલી લે છે. હજુ તો આપણા મન પર ચોવીસે કલાક એક જ રાક્ષસ છવાયેલો રહે છે કે આપણી મહત્ત્વાકાંક્ષાઓ, આપણો અહંકાર રાવણના જેવો હોવો જોઈએ, આપણી તવંગરી હિરણ્યકશ્યપની બરાબર હોવી જોઈએ, આપણી તાકાત ભસ્માસુરની બરાબર હોવી જોઈએ. આપણી વાસના, તૃષ્ણા અને અહંકાર વધવો જોઈએ. આપણો લોભ, અહંકાર અને મોહ પૂર્ણ થવો જોઈએ. આપણે જો તેને બદલી શકીએ તો આપણી ચિંતનની દિશા જુદી જ બની જશે તો પછી હું સમજી લઈશ કે હવે તમે કલ્યાણની દિશા તરફ ચાલી ગયા છો અને તમારી પાસે ઘણી બધી વસ્તુઓ આવી ગઈ છે. કઈ-કઈ વસ્તુઓ બદલાઈ જશે ? બસ, એક જ વસ્તુ બદલી જાય અને તે એ છે કે મહત્ત્વાકાંક્ષાઓનો પોઈન્ટ ત્યારે બદલાઈ જાય છે.

આજકાલ મનુષ્યને ભૌતિક ઈચ્છાઓ ખાઈ રહી છે. તેણે તમારા શરીરને, અક્કલને, પ્રભાવને અને પ્રતિભાને ખાઈ લીધાં છે. તો શું ભૌતિક મહત્ત્વાકાંક્ષાઓ ખરાબ છે ? ના બેટા, શરીરના ગુજરાન માટે જેટલું ધન, સમય, શ્રમ જરૂરી છે તેટલો જ તેનો ઉપયોગ કરવો જોઈએ. બાકીનું બચેલું ભગવાનના કામમાં ખર્ચવું જોઈએ. મનસ્વી માનવીઓ પોતાના જીવનનું નિર્ધારણ અને દિશાધારા યોગ્ય નક્કી કરી શકે છે જેઓ પોતાના મન અને અક્કલને સલાહ આપે છે કે તમોએ શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તો તેમને હું મનસ્વી કહુ છું. મનસ્વીની ઓળખાણ એક જ છે કે તેના જીવનમાં હંમેશાં "સાદું જીવન અને ઉચ્ચ વિચાર" ના ઊંચા વિચારો આવે છે. ઊંચા વિચાર લાવવા માટે સાદું જીવન જરૂરી છે. આધ્યાત્મિક મહત્ત્વાકાંક્ષાઓને પૂરી કરવા માટે સાંસારિક મહત્ત્વાકાંક્ષાઓ ઘટાડશો નહીં તો તમોને હંમેશાં બે ફરિયાદો રહેશે, એ કદી દૂર થશે નહીં. તે કઈ કઈ છે ? પહેલી ફરિયાદ તો તમોને હંમેશાં એ રહેશે કે અમને સારા કામો માટે સમય મળતો નથી. બીજી ફરિયાદ એ રહેશે કે સારી વાતોમાં અને ભજન-પૂજનમાં અમારું મન જોડાતું નથી. પછી તમે કહેશો કે ગુરુજી મન જોડાય તે માટે કોઈ ઉપાય બતાવો. બેટા, મન જોડાય તે માટેનો ઉપાય એ છે કે જે મહત્ત્વાકાંક્ષાઓ પ્રત્યે તારું મન જોડાયેલું છે ત્યાંથી મન હટાવીને બીજા પોઈન્ટ પર તારું મન જોડી દે, પછી જોજે કે તારું મન જોડાય છે કે નહીં. એક જગ્યા પરથી મનને હટાવીને બીજી જગ્યા પર જોડવાથી સફળતા મળે છે.

અધ્યાત્મ શું છે ? અધ્યાત્મ કોઈ જાદૂ નથી. તે ભજન, પ્રાણાયામ, ધ્યાન જેવી કોઈ ક્રિયા નથી, બલ્કે જીવન જીવવાની શૈલી છે, વિચારવાની એક રીત છે અને જીવન વિતાવવાની એક પદ્ધતિ છે. પરંતુ તમે તો એને એક જાદૂગરી સમજો છો અને માનો છો કે ભગવાનને હાથ આમ જોડી દઈશું, નાકમાંથી હવા કાઢીશું, આ મુદ્રા કરીશું, હાથચાલાકી કરીશું, ચોખા-ફૂલ આપી દઈશું, હાથની જાદૂગરી અને જીભ દ્વારા અક્ષરોના ઉચ્ચારણો દ્વારા ભગવાનને કાબૂમાં રાખીશું. બેટા, અધ્યાત્મ આવું હોઈ શકે નહીં. આ સિદ્ધાંતો ખોટા છે. સાચી વાત એક જ છે કે આપણા જીવનનું સ્વરૂપ, જીવન વિતાવવાની રીત, સ્તર, પ્રકાર અને વિચારવાની પદ્ધતિ જો બદલાઈ જાય છે તો પછી આપણે ભગવાનને શોધવા પડશે નહીં. ભગવાન આપણને શોધતાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ફરે છે. અમારું જીવન આ વાતનું સાક્ષી છે. અમે ભગવાનને શોધતાં નથી, ભગવાને અમને શોધ્યા છે. ગુરુને અમે શોધ્યા નથી, ગુરુએ અમને શોધ્યા છે. ફૂલે મધમાખીની શોધ કરી નથી, મધમાખીએ જ ફૂલને શોધ્યું છે. ભમરાને બોલાવવા ફૂલ જતું નથી, ભમરો ફૂલની પાસે આવે છે. પતંગિયાની ખુશામત કરવા માટે, તેમને બોલાવવા માટે, ભેટ આપવા માટે ફૂલ ગયું ન હતું, પતંગિયા ફૂલની પાસે આવ્યાં હતાં.

સાથીઓ, હું એ કહી રહ્યો હતો કે મનસ્વી મનુષ્યો પોતાના જીવનને તે સ્તરનું બનાવે છે કે જેના અમો સ્વપ્ના જોઈએ છીએ, કલ્પના કરીએ છીએ. જેનો અમે પ્રયાસ કરીએ છીએ. બ્રહ્મવર્ચસની સ્થાપના કરીને જેનું અમે હમણાં ઉદ્‌ઘાટન કરાવ્યું છે ત્યાં નવા યુગના દેવતાઓને પેદા કરવાના છે. તેના આધાર પર અમે વિચાર કરીએ છીએ કે નવા યુગનો મનુષ્ય કેવો હશે ? મનુષ્યમાંથી દેવતાનો ઉદય થશે તો તેની એક જ વાત હશે કે મનુષ્યની મહત્ત્વાકાંક્ષાઓ બદલાઈ જશે. મનુષ્યની ખુશી શેના પર ટકેલી છે ? ખુશી ટકવાના પોઈન્ટ બદલાઈ જશે. આજે આપણી ખુશી પૈસા પર ટકેલી છે. પૈસા મેળવવા માટે આપણે હનુમાનજી, સંતોષી માતા અને સાંઈબાબાનો ઉપયોગ કરીએ છીએ, જે કોઈ પણ મનુષ્ય આવી જાય છે તેનો ઉપયોગ કરીએ છીએ. હરકોઈ પાસે માગીએ છીએ. હરકોઈને બહેકાવીએ છીએ અને માનીએ છીએ કે તે બહેકાવામાં આવી જઈને આપણી ખોટી માગણીઓ પૂરી કરી જાય. એ વાત હું સારી રીતે જાણું છું કે તમારા મનમાં શું છે. પરંતુ હું ઈચ્છું છું કે જે અધ્યાત્મથી મનસ્વી જન્મે છે કે જેમને અમે દેવતા કહીએ છીએ તેવા તમે બનો. મનુષ્યમાંથી દેવતાનો ઉદય થાય. મનુષ્યમાંથી જ્યારે દેવતા પેદા થશે ત્યારે પોતાની રીતે તે દિવ્ય હશે અને જે કોઈ પણ તેની નજીક આવશે તે પણ તેના જેવો બનતો જશે.

નવા યુગના મનુષ્યોને બનાવવા માટે અમે મનસ્વી પેદા કરીશું. મનસ્વી પેદા કરવાનો મતલબ એ છે કે તે મનુષ્ય પોતાના મનથી કહેશે કે જે દેશમાં અમે જન્મ્યા છીએ તે દેશના સામાન્ય નાગરિકના સ્તરનું જીવન વિતાવવાનો માપદંડ બનાવવો જોઈએ. ભારતનો સામાન્ય નાગરિક જે ખાય છે, તે ખાઓ. તે જે સ્તરનું જીવન વિતાવે છે તેવું તમે પણ વિતાવો. સામાન્ય સ્તરના નાગરિકની શી જરૂરિયાતો હોય છે ? તમે તે નક્કી કરીને તમારો માપદંડ બનાવો. મનસ્વી મનુષ્યો એવાં જ હોય છે અને એવાં જ હોવા જોઈએ. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની હું મનસ્વીમાં ગણતરી કરું છું. તેઓ પ્રત્યેક મહિને પાંચસો રૂપિયા કમાતા હતાં, પરંતુ ૫૦ રૂપિયામાં પોતાનું અને કુટુંબનું ખર્ચ પૂરું કરતાં હતાં. બાકીના વધેલા ૪૫૦ રૂપિયા ગરીબ વિદ્યાર્થીઓ અને મુસીબતથી પીડાતા લોકો માટે સુરક્ષિત રાખતાં અને તેમાંથી તેમની મદદ કરતાં હતાં. મનસ્વી તેને કહેવામાં નથી આવતાં કે જેઓ માત્ર પ્રાણાયામ અને અગિયાર માળા જપ કરે છે. મનસ્વી તે હોય છે જે બહાદુરો અને ઈમાનદાર મનુષ્યોની માફક પોતાનું જીવન વિતાવવાની બાબતમાં અને પોતાની જીવન પદ્ધતિના સંબંધમાં મહત્ત્વપૂર્ણ ફેંસલો કરી લે છે. જો તમે આવો ફેંસલો કરી લો તો તમારા જીવનમાં કાયાકલ્પ થઈ જશે. તે કેવી રીતે થઈ જશે ? હમણાં તો ચોવીસે કલાક તમારી અક્કલ એક જ વાતના સ્વપ્નો જોતી રહે છે કે લોભ-મોહની પૂર્તિ કેવી રીતે થાય ? સમગ્ર અક્કલ, ઈચ્છાઓ અને આકાંક્ષાઓ તેમાં જ રોકાયેલી રહે છે. શું તમે એને ખાલી કરી શકતા નથી ? અક્કલને ખાલી કરો. જો અક્કલને ખાલી કરશો તો તમે મનસ્વી કહેવાશો. ગુજરાન પર અંકુશ રાખો, સંતોષ માનો અને ત્યારે તમારું બચેલું મન જે ચોવીસે કલાક મહત્ત્વકાંક્ષાઓમાં, લાલચોમાં અને વાસનાઓથી પૂર્તિમાં જોડાયેલું


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રહે છે તે બદલાઈ જશે અને પછી બદલાયેલા મનની સામે તે સિદ્ધાંતો કામ આવશે કે જેને હું અધ્યાત્મ, ભગવાન, ઈમાનદારી અને ધર્મ કહું છું. પછી તમારી અક્કલ ધર્મના માટે, ઈમાનદારી માટે, ભગવાનના માટે કામ કરશે. તમારો શ્રમ, ક્ષમતા, કુશળતા અને સંપત્તિ ભગવાનનું કામ કરશે.

એનાથી શું થઈ જશે ? એનાથી તમે મહામાનવ બની જશો, ઋષિ થઈ જશો. ઋષિ તે મનુષ્યનું નામ છે જેને નવી વસ્તુનો સંગ્રહ કરવાની જરૂરિયાત નથી. તેને નવું ધન કે નવું બળ જોઈતું હોતું નથી. જે કંઈ વસ્તુઓ તેની પાસે છે તે એટલી વધુ છે - "ટુમચ" ઘણી બધી છે કે તમે તેનો ઉપયોગ કરતાં શીખો. હાલમાં તો તમે તેનો ખોટા કામમાં ઉપયોગ કરો છો. પરંતુ જે દિવસથી તમે યોગ્ય ઉપયોગ કરવા લાગશો, ત્યારે તમારી અંદર એટલી બધી શાંતિ, સંતોષ, ક્ષમતા અને પ્રતિભા વિકસિત થશે કે જેની કલ્પના નહીં હોય. જે દિવસે તમારી અંદર આ ક્ષમતા અને પ્રતિભા વિકસિત થશે. તે દિવસથી દેવતા તમારી સહાય કરવા માટે આવશે તેવો હું વાયદો કરું છું. દેવતા તમારી આરતી ઉતારવા માટે આવશે. મેં રામાયણમાં વાંચ્યું છે કે ઉત્તમ દિશામાં જીવન વિતાવનાર લોકો પર દેવતા ફૂલ વરસાવવા આવ્યાં હતાં. રામચંદ્રજીનો જન્મ થયો ત્યારે અને લગ્ન થયા ત્યારે દેવતાઓ વિમાનમાંથી ફૂલ વરસાવતાં હતાં. જ્યારે રામચંદ્રજીએ ધનુષ્ય તોડ્યું હતું ત્યારે સ્વર્ગલોકમાંથી દેવતાઓ ફૂલ વરસાવવા લાગ્યા હતાં. આ વાત પર હું વિચાર કરું છું કે દેવતા શું કોઈ માળી છે કે તેમની પાસે ફૂલોની દુકાન છે, જે ફૂલ વરસાવવાનું જ કામ કરે છે. ફૂલ વરસાવવાથી શો મતલબ છે તે વાત મને પાછળથી સમજાઈ હતી. ફૂલ વરસાવવાનો મતલબ થાય છે - દેવી શકિતઓ, શ્રેષ્ઠ મનુષ્યો અને આદર્શ મનુષ્યો તેમની સહાયતા કરે છે. કોની સહાયતા કરે છો ? તેમની સહાયતા કરે છે કે જેમણે પોતાના વ્યકિતત્વની ધરી બદલી દીધી છે. ચિંતનનું સ્વરૂપ બદલી લીધું છે અને આકાંક્ષાઓને બદલી નાંખી છે. જે મનુષ્ય પોતાની પસંદગીને અને ચિંતનની દિશાધારાને બદલે લે છે, તે જ દેવતા બની શકે છે.

અમે મનુષ્યમાં દેવત્વના ઉદયનું સ્વપ્ન જોયું હતું. ચાલો, તે પર વિચાર કરીએ કે આપણે તે સ્વપ્નને કેવી રીતે સાકાર કરી શકીએ છીએ ? આના સંદર્ભમાં અમે બ્રહ્મવર્ચસના માધ્યમથી એક ફિલોસોફી અને કાર્યપદ્ધતિ બનાવી છે. બ્રહ્મવર્ચસમાં શું થશે ? તાલીમ અપાશે. કેવી રીતે અપાશે. એમાં પ્રાતઃકાળમાં અઢી કલાકની સાધના છે, જેને પંચકોષી સાધના અને કુંડલિની સાધના કહેવાય છે. એમાં યોગાભ્યાસ પણ કરાવવામાં આવશે અને બપોરની વેળામાં અઢી કલાક બ્રહ્મજ્ઞાનનું શિક્ષણ અપાશે જેને આપણે આત્મજ્ઞાન કહીએ છીએ. એમાં બ્રહ્મવિદ્યાનું - ઈશ્વર, જીવન, પ્રકૃતિથી લઈને ધર્મ અને વિજ્ઞાનની બાબતમાં ઋષિઓએ કહેલી વાતો બતાવીશું. આ રીતે અમે સવારમાં તપ કરાવીશું, યોગાભ્યાસ કરાવીશું અને બપોરે શિક્ષણ આપીશું. આજની પરિસ્થિતિઓમાં આપણે લોકમંગળ માટે શું કરવું જોઈએ તેનું લોકશિક્ષણ આપીશું તેની પ્રવૃત્તિઓ, સ્વરૂપ અને કાર્યશૈલી કેવી હોય તે બતાવીશું. ઋષિઓ ફકત ભજન કરતા ન હતા, બલ્કે તેની સાથે લોકમંગળની સેવા-સાધના પણ કરતા હતા. બ્રહ્મવર્ચસમાં પણ સેવા, સ્વાધ્યાય અને સાધના તપશ્ચર્યાના ત્રણે અંશોની સમુચિત સાધના ચાલશે. અમે તપશ્ચર્યા કરાવવા ઈચ્છીએ છીએ. તપશ્ચર્યામાં સૌથી પહેલાં એક કામ કરવું પડે છે. મહાભારતની લડાઈ લડવી પડે છે. અર્જુનને શ્રીકૃષ્ણ વારંવાર એ જ કહેતા હતા કે "તતો યુદ્ધાય યુજ્જસ્વ" પરંતુ તે વારંવાર બહાના બનાવતો રહ્યો અને કહેતો રહ્યો કે હું લડીશ નહીં, પછીથી ભગવાને વારંવાર સમજાવવાથી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેણે કહ્યું "કરિષ્યે વચનં તવ" અર્થાત્ આપની આજ્ઞા માનીશ. તો તેમણે કહ્યું, તો પછી કુરુક્ષેત્રમાં ઉતરીને યુદ્ધ કર. અર્જુન લડવા લાગ્યો અને વિજયી થયો.

બેટા, અધ્યાત્મ ક્ષેત્રમાં પણ લડવું પડે છે. કોની સાથે લડવું પડે છે ? પોતાના મનથી. આપણું આ મન ઘણું નિમ્ન છે. આ લડાઈમાં જો આપણો વિજય થઈ જાય છે તો સમજવું જોઈએ કે આપણે ત્રણે લોક પર વિજય પ્રાપ્ત કરી લીધો. કહેવાયું છે, "ન મારા આપકો જો ખાક હો અકસીર બન જાતા. અગર પારે કોઈ અકસીર ગર મારા તો કયા મારા. ન અંગો આશગવાહો શેર નર મારા તો કયા મારા. ન મારા આપકો જો ખાક હો અકસીર બન જાતા. અગર પારે કો એ અકસીર ગર મારા તો કયા મારા" તાત્પર્ય એ છે કે જો આપણે સ્વયં પોતાને મારી લઈએ, પોતાના મનને કાબૂમાં કરી લઈએ, પોતના મનને આપણે પોતાની ઈચ્છાનુસાર ચલાવી લઈએ તો મજા આવી જાય. તો પછી કોણ બની જશો ? મનસ્વી બની જશો, સંત બની જશો અને દેવતાનો પૂર્વાધ પૂરો કરી લેશો. સ્વયં પોતાની સાથે લડાઈ લડવા પોતાના મન પર કંટ્રોલ કરનારને, ઈન્દ્રિયો પર કાબૂ રાખનારાને અને જન્મજન્માતરોના રાક્ષસી, કુસંસ્કારોથી પીછો છોડાવનારાઓને અમે મનસ્વી કહોએ છીએ. મનસ્વી જ પોતાના જીવનને બદલી શકશે અને સમયને અર્થાત્ યુગને બદલી શકશે. જો તેઓ મનસ્વી નહીં હોય તો ન તો પોતાની જિંદગી બદલી શકશે કે ન તો બીજાને બદલી શકશે. એટલા માટે મનસ્વી પેદા કરવાનું કામ અમારું છે.

મનસ્વી વ્યકિતત્વ પેદા કરવા માટે જ બ્રહ્મવર્ચસ સંસ્થાનની સ્થાપના કરવામાં આવી છે. અમે લોકોને અહીં બોલાવીશું અને બતાવીશું કે મનસ્વી કેવા હોવા જોઈએ. મનની સાથે કેવી રીતે લડવું જોઈએ ? મન વિકૃત થઈ જવાથી જિંદગી કેવી રીતે ખરાબ થઈ જાય છે અને મનને કાબૂમાં લાવવાથી મનુષ્ય કેવી રીતે મુકત બની જાય છે ? -"મન એવ મનુષ્યાણાં કારણં બન્ય મોક્ષયયે" આ મન જ છે કે જે આપણને બાંધે છે અને આપણને મુકત પણ બનાવી દે છે. આ મન જ છે જે આપણને રાક્ષસ બનાવી દે છે અને દેવતા બનાવી દે છે. ભલે આપણે એને વિધાતા કહીએ, કે પિશાચ કહીએ, તે એક જ છે. એને કેવી રીતે કાબૂમાં કરી શકાય છે, એ વિધિ અહીં શીખવીશું અને અહીંથી સમગ્ર સંસારમાં ફેલાવીશું. એટલા માટે બ્રહ્મવર્ચસનો પહેલો અધ્યાય, પહેલો ઉદ્દેશ અમારો એ છે કે અમે મનુષ્યોને મનસ્વી બનાવીએ. મનુષ્યને મનની સામે લડનારો, મન પર કાબૂ રાખનારો, મનને હીરો બનાવનાર બનાવીએ. મનુષ્યનું મન જ તેને આત્મહત્યા કરવા માટે પ્રેરે છે, ઊંઘ આવવા દેતુ નથી, શરાબી-નશાબાજ બનાવે છે, ડાકૂ બનાવે છે અને આ જ તે પારસ પણ છે જે આપણને ઋષિ બનાવી દે છે, સંત બનાવી દે છે, દેવતા બનાવી દે છે. એટલા માટે મનની સાથે બાથ-ભીડવી, મનને શુદ્ધ કરવું-એ એક કલા છે, ફિલોસોફી છે, એક સાયંસ છે, એક વિધિ-વિધાન છે. તેને અમે બ્રહ્મવર્ચસમાં શીખવીશું. આ એક નમૂનો છે, મૉડેલ છે, પ્રયોગશાળા છે, ફેકટરી છે, ફાર્મહાઉસ અને નર્સરી છે. જ્યાં પ્રયોગ કર્યા પછી વિશ્વભરને બતાવીશું કે મનને કાબૂમાં રાખીને મનસ્વી કેવી રીતે બની શકાય છે અને સ્વયંને તથા અન્ય બીજાઓને કેવી રીતે ઊંચે લઈ શકાય છે ? અમારી આ પ્રયોગશાળા વિશ્વમાં પોતાની રીતે એક અનોખી પ્રયોગશાળા છે. આ આશ્રમ અમારી શરૂઆતનું એક કેન્દ્ર છે જ્યાં અમે શિક્ષણ આપીશું અને નવયુગની એક હવા પેદા કરીશું. મનસ્વીઓને ઢાળવાની આ એક ઘણી મોટી ફેકટરી છે જેના પ્રત્યક્ષ પરિણામો આગળના દિવસોમાં સૌની સામે આવનારાં છે.

* * *

(ક્રમશઃ પછીના અંકમાં)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અપનોં સે અપની બાત

## રજ્ય જયંતી વર્ષમાં અનુયાજ મહાક્રાંતિનો શંખનાદ

### (મહાકાળના માળાનો પરિજનોને ભાવભર્યો સંદેશ)

વીસમી ડિસેમ્બર ૧૯૮૯ના ઠંડીના દિવસે બપોરના સમયે પરમપૂજ્ય ગુરુદેવનો જે વિભાગમાં નિવાસ છે, તેના ત્રીજા માળની છત પર તડકામાં શિષ્યગણને બેસાડીને ગુરુદેવ ભવિષ્યની બાબતમાં સૂચનો આપી રહ્યાં હતાં. અચાનક પૂજ્યવર બોલ્યા, "હવે શાંતિકુંજનું નામ ક્રાંતિકુંજ હોવું જોઈએ, કારણકે આ સ્થાન હવે સમગ્ર ધરતીના પરિવર્તનની ધરી બનનાર છે. ભલે તમે નામ ન બદલો, પરંતુ એ માનીને આવવાનું છે કે, "આ મહાકાળનો માળો છે" ભગવાનની પ્રેરણા છે કે એકવીસમી સદીના રૂપમાં ઉજ્જવળ ભવિષ્ય-સતયુગ આવશે. તેનો નિશ્ચય છે કે તે આપણા બધાની મદદથી હજારો વર્ષોનું કલંક ધોઈને સાફ કરી નાંખે. ભગવાનની આ ઈચ્છાને સુસંસ્કારિતાયુક્ત પ્રજ્ઞા પુત્રો પૂરી કરશે તથા સહાયતા માટે મહાકાળ તૈયાર રહેશે. તેનો માળો શાંતિકુંજમાં છે. સમગ્ર દુનિયાનું ચક્કર મારીને તે પાછો અહીં શાંતિકુંજમાં આવીને બેસી જાય છે." આ બધું કહેવું મહત્ત્વપૂર્ણ એટલા માટે છે કે લગભગ આ જ ચિંતન આગળ ઉપર પણ તેમની કલમ દ્વારા પ્રગટ થતું રહ્યું અને જૂન ૧૯૯૦ સુધી તેમના હાથ દ્વારા લખેલી "અપનોં સે અપની બાત" પરિજનો સુધી પહોંચતી રહી, અને તેમાં લખતાં રહ્યાં કે તેઓ પોતાની ભવિષ્યની ભૂમિકા સ્થૂળ શરીરથી મુક્ત થયા પછી પણ સૂક્ષ્મ રૂપે શાંતિકુંજમાં જ વિરાટ સ્વરૂપમાં બિરાજમાન રહીને અદા કરશે.

વસંત પર્વ પર મહાકાળનો સંદેશ (૩૧ જાન્યુઆરી ૧૯૯૦) તથા એના પછી એપ્રિલ ૧૯૯૦ની અખંડ જ્યોતિના વિશેષાંક લેખો સુધી સતત આ જ વાત લખાતી રહી કે શાંતિકુંજને એકવીસમી સદીની ગંગોત્રીના રૂપમાં માન્યતા અપાઈ રહી છે અને સમગ્ર દેવશક્તિઓ અને ઋષિ સત્તાનો અહીંથી હિમાલય રૂપી ગોમુખથી આવનારી ઉર્જા અને પ્રકાશને સમગ્ર વિશ્વમાં ફેલાવતી રહેશે. તે જ શાંતિકુંજનું ૧૯૯૬ નું વર્ષ રજત જયંતી વર્ષ છે. પરમપૂજ્ય ગુરુદેવ અને પરમવંદનીય માતાજી ૧૯૭૧ના જૂન મહિનાની વીસ તારીખે ગાયત્રી તપોભૂમિ મથુરાને કાયમ માટે છોડીને શાંતિકુંજ હરિદ્વાર આવી ગયાં હતાં. બંનેનું પ્રથમ વસંત પર્વ જે શાંતિકુંજમાં યોજાયું હતું, તે વર્ષ ૧૯૭૨નું હતું. બંનેનું પર્વ એટલા માટે ગણાયું કે તે દિવસોમાં પરમવંદનીય માતાજીને ગુરુજીથી છૂટા પડવાની વેદનાથી જન્મેલ શારીરિક કષ્ટ ચરમ સીમા પર પહોંચ્યું હતું અને પૂજ્યવર તેમની હિમાલય સાધનાના મધ્યમાં કેટલાક દિવસો માટે આવી ગયાં હતાં. ત્યાર પછી તેઓ ગુરુસત્તા (દાદા ગુરુદેવ) નો આદેશ મળવાથી ઋષિઓની આ તપોભૂમિમાં ઋષિ પરંપરાનું બીજારોપણ કરવાનો સંકલ્પ લઈને જૂન ૧૯૭૨માં અહીં શાંતિકુંજમાં કાયમ માટે આવી ગયાં હતાં અને ત્યાર પછીની પ્રવૃત્તિઓની યોજનાઓ ઘડવાનું તેમણે શરૂ કર્યું હતું. આ વસંતની પછી હવે આ પચીસમું વસંત પૂરું થનાર છે અને શાંતિકુંજ પુખ્તાવસ્થામાં પ્રવેશી કરી રહ્યું છે. શાંતિકુંજ આ વર્ષ રજત જયંતી વર્ષ મનાવી રહ્યું છે, જેનું મુખ્ય લક્ષ્ય દેવ પરિવારનું પુનર્ગઠન કરવાનું છે અને આવનારા છ વર્ષો માટે વિરાટ વ્યાપક તૈયારીના રૂપમાં એક છાવણી બનાવીને આ કેન્દ્રભૂમિને પરિપક્વ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બનાવવાની છે.

રજત જયંતી આધ્યાત્મિક લક્ષ્યને ધ્યાનમાં રાખી મનાવવામાં આવે છે ત્યારે તેનું સ્વરૂપ જ ભિન્ન હોય છે. જ્યારે એક પ્રચંડ ઉર્જા કેન્દ્ર તરીકે કર્યાકર્તાઓને ઘડવાની ટંકશાળ તરીકે અને મહાકાળના કાર્યસ્થળની જયંતી મનાવવામાં આવતી હોય ત્યારે તેની ભૂમિકા વિશેષ બને છે. સ્વયં પૂજ્યવરે પોતાના પ્રવચનોમાં (સૂક્ષ્મીકરણમાં જતાં પહેલા ૧૨-એપ્રિલ ૧૯૮૪) કહ્યું છે કે "શાંતિકુંજ ધર્મશાળા નથી આ એક વિશ્વવિદ્યાલય છે. કાયાકલ્પ માટે બનેલી એક એકેડમી છે. આપણા સતયુગી સ્વપ્નોનો મહેલ છે. તમારામાંથી જેમણે માનવી બનવું હોય કે બનાવવાં હોય તેઓને આ વિદ્યાલયની સંજીવની વિદ્યા શીખવાનું આમંત્રણ છે." (ગુરુવરની ધરોહર ભાગ ૧/૧૫) જે સ્થાનને ઘનીષ્ઠ પ્રાણ ઊર્જાનું કેન્દ્ર બનાવ્યું હોય તેને તેમણે અકારણ જ "છાવણી" અથવા કાયાકલ્પ માટે બનેલી એકેડમી નામ આપ્યું ન હતું. સ્વયં જ્યારે તેઓ શાંતિકુંજનો વિસ્તાર કર્યા પછી બ્રહ્મવર્ચસ આરણ્યક અને ગાયત્રી નગરની સ્થાપના કરી રહ્યાં હતાં ત્યારે તેમણે માર્ચ ૧૯૭૮ની અખંડ જ્યોતિમાં લખ્યું હતું, "ઉત્તરાખંડને સાધના માટેની કાયમ માટેની યોગ્ય સંસ્કારવાન દેવભૂમિ સમજવાની સાથે એને સર્જન સૈનિકોની તાલીમ માટેની પણ યોગ્ય ભૂમિ સમજવામાં આવી છે અને તેને એક છાવણીના રૂપમાં વિકસિત કરવાનો નિશ્ચય કરવામાં આવ્યો છે. અન્ય કોઈ સ્થાનોમાં જે સત્પરિણામ વ્યાપક પરિશ્રમથી પ્રાપ્ત થવા અશકય હતા, તે અહીં થોડાક પ્રયત્નોથી મળવા શકય બનશે, કારણકે અહીંના વાતાવરણમાં ચિરકાળથી છવાયેલા ઋષિઓના વિચારોના સંકલ્પનો લાભ સાધકોને મળશે." (પાન-૪૭) એ વાત જગજાહેર છે કે જ્યાં શાંતિકુંજ સ્થાપેલું છે તેની નીચે ગંગાની સાત ધારાઓમાંથી એક ધારા વહેતી હતી અને તેના ચિહ્નો હજૂ પણ થોડું ખોદાણ કરીને જોઈ શકાય છે. આ જ સ્થાન કયારેક બ્રહ્મર્ષિ વિશ્વામિત્રની તપોભૂમિ હતું, જ્યાં વિશ્વામિત્રનું પદ મેળવ્યા પછી કઠોર સાધના કરીને નૂતન સૃષ્ટિના નિર્માણનું કાર્ય પૂર્ણ કર્યું હતું. આ બધા કારણોને લીધે તે શાંતિકુંજનું મહત્ત્વ પ્રત્યેક માનવીને બતાવવાની ઈચ્છા છે, જેની રજત જયંતી આ વર્ષના વસંત પર્વથી ૧૯૯૭ના વસંત પર્વ સુધી (૧૧-ફેબ્રુઆરી) ઘણી ધામધૂમ અને ઉલ્લાસપૂર્વક નવા સંકલ્પોની સાથે મનાવવાનો અને વધુને વધુ મનુષ્યોને આ ગંગોત્રીની સાથે જોડવાનો સંકલ્પ આ વર્ષે લેવામાં આવનાર છે.

આ કેન્દ્રને-ટંકશાળને કઈ ભાવ સંવેદનાના ખાતર-પાણીથી સર્જવામાં આવ્યું છે એને પરમપૂજ્ય ગુરુદેવની માર્ચ ૧૯૭૮ની અખંડ જ્યોતિ પત્રિકામાં લખેલી નીચેની પંકિતઓને વાંચીને સમજી શકાય છે. એ પંકિતઓમાં તેમણે ભાવભર્યા હૃદયથી જેમને તેઓ પોતાના દેવ-પરિવારમાં સામેલ કરવા ઈચ્છતાં હતાં તે બધાને આમંત્રણ આપ્યું હતું. તેમણે એ જ અંકના પાન ૬૨ પર લખ્યું હતું, "જીવનના આ અંતિમ અધ્યાયમાં મિશનના મુખ્ય સંચાલકોનું મન છે કે પરિવારના જાગૃત આત્માઓને સાથે રાખવાનો અને રહેવાનો અવસર મળી શકે તો કેટલો આનંદ રહે. આ સાનિધ્ય મોહવશ નહીં, પરંતુ ઉદ્દેશોની પૂર્તિ માટે અપેક્ષિત છે. સાથે રહેવાથી અને કામ કરવાથી પ્રાણ ઊર્જાની આપલે થાય છે. જેમણે આગળ વધવું છે તેઓ સમયની આનાકાની ન કરે અને પરિસ્થિતિઓના બહાના ન બતાવે. આદર્શોને અપનાવવાનું શુભ મુહૂર્ત આજનું હોય છે"......

"જેઓ નવયુગની અવતરણની પળોમાં પોતાના ગૌરવને જીવંત રાખવા અને પ્રખર બનાવવા ઈચ્છે છે તેમને માટે શાંતિકુંજનું વાતાવરણ ભાવભર્યા હાથ અને પ્રેમભર્યો ખોળો પાથરીને આવાહન કરે છે. વસંત પર્વ પર ચારિત્ર્યવાન, ભાવનાશીલ અને કર્મનિષ્ઠ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરિજનોને પોતાની અંદર પ્રખર આદર્શવાદિતા ઉગાડવાનું યુગ આમંત્રણ આપે છે." તેમના આ આવાહન પછી વિવિધ વિશિષ્ટતાઓથી પરિપૂર્ણ કાર્યકર્તાઓ શાંતિકુંજમાં આવીને વસવા લાગ્યા અને દેવ પરિવાર વધતો ગયો. આજે જે શાંતિકુંજનું ફૂલેલું-ફાલેલું સ્વરૂપ જોવાં મળે છે તે દિવસોની યાદ છે.

હવે આ રજત જયંતી વર્ષમાં શું થશે તે વિશેનાં અનેક પ્રકારના પ્રશ્નો આ વસંતની વેળામાં અનેક લોકોના મનમાં ઉઠતાં હશે. એક વિરાટ ભવ્ય પ્રથમ પૂર્ણાહુતિ આયોજન પૂરું કર્યા પછી એક વર્ષનું પુનર્ગઠન-અનુયાજ વર્ષ જાહેર કરવામાં આવ્યું હતું ત્યારે બધાને લાગતું હતું કે આ શું કોઈ રીતનું હતોત્સાહનું ચિહ્ન છે, જેમાં એકદમ મોટા કાર્યક્રમોને અટકાવી દેવાયાં છે. ના, વાસ્તવમાં એમ વાત નથી. જે કાંઈ ઊર્જા સત્તાવીશ મોટા આશ્વમેધિક પ્રયોગોથી જન્મી છે તેનું હીરકમંડળોનું ગઠન કરવામાં અને સુવ્યવસ્થિત ગ્રામીણ વિકાસ યોજનાઓમાં તેમજ રાષ્ટ્ર અને વિશ્વવ્યાપી આધ્યાત્મિક પુનર્જાગરણમાં સુનિયોજન ન થાય અને એના માટે કાર્યકર્તાઓનો એક સુનિયોજન કાર્યપદ્ધતિ આપીને સ્પષ્ટ પેકેજ નહીં આપવામાં આવે તો આ સમગ્ર ઊર્જા નકામી વિખરાઈ જશે, આવો સંકેત કરીને પરમપૂજ્ય ગુરુદેવ સતત પ્રેરણા આપી રહ્યાં હતાં. આ સમગ્ર વર્ષમાં એક મુખ્ય વાત વિચારવામાં આવી છે અને તેમાં દરેક કાર્યકર્તાને સાધનાત્મક દૃષ્ટિકથી એટલો બધો પરિપૂર્ણ બનાવવાનો છે કે તે આવનારા ૫ વર્ષો (૧૯૯૭ થી ૨૦૦૧) માં થનારા અગણિત વિશ્વવ્યાપી પરિવર્તનોને માટે પોતાને તૈયાર કરી શકે. એના માટે મહાકાળનો માળો શાંતિકુંજ કે જ્યાં પરમપૂજ્ય ગુરુદેવ અને વંદનીય માતાજીની શકિત કેન્દ્રિભૂત થયેલી છે ત્યાં આવીને બધા કાર્યકર્તા સ્તરના મનુષ્યોને ઓછામાં ઓછું એક ચોવીસ હજાર મંત્રનું અનુષ્ઠાન કરવાનું તથા બીજા ચાર એવા જ અનુષ્ઠાન પોતાના ક્ષેત્રોમાં કરીને આત્મશકિતની અભિવૃદ્ધિ કરવાનું આમંત્રણ છે.

આંવલખેડા કાર્યક્રમમાં યુગ નિર્માણ મિશને પોતાની છ મહાક્રાંતિઓને હાથ ધરવાની યોજના જાહેર કરેલી છે. એને પરિપૂર્ણ કરવા માટે સાધનાત્મક અને પ્રચારાત્મક સ્તરના સશકત આધારના પુરુષાર્થ દ્વારા હવે પછીના વર્ષમાં એક નવી ગતિ મળશે અને મિશનના પરિજનોની સંખ્યામાં કરોડોનો વધારો થશે. આશ્વમેધિક કાર્યક્રમોએ સમગ્ર દેશ અને વિશ્વમાં એક વિલક્ષણ ઉર્જાભર્યું તેજયુકત વાતાવરણ સર્જ્યું છે. પરંતુ જો આ રજત જયંતી વર્ષમાં અનુયાજ કાર્ય સક્રિય રૂપમાં યોજાશે નહીં, સાચા અને પ્રામાણિક કાર્યકર્તાઓ કોણ છે, ખોટા અને માત્ર મહત્ત્વાકાંક્ષાઓના પ્રદર્શનમાં કયા કાર્યકર્તાઓ કોણ છે, એ બધાની ચકાસણી કરીને જુદી તારવણી કરવામાં નહીં આવે, દરેક સ્થાન પરના કાર્યકર્તાઓ એકબીજા વચ્ચે એકતા સ્થાપશે નહીં અને આપણી શ્રદ્ધા તેમજ સમર્પણ ભાવને એક રચનાત્મક દિશા નહીં મળે તો આપણું અનુયાજ કાર્ય અધુરું રહેશે.

આટલી વાત સમજી લેવાથી સંગઠનાત્મક અને રચનાત્મક પુરુષાર્થ માટે ખાલી રાખેલ આ અનુયાજ વર્ષના બધા નિશ્ચિત કાર્યો અને આવનારા છ વર્ષની યોજનાબદ્ધ ક્રિયાપદ્ધતિને સમજી શકાશે. આ વર્ષમાં જે કરવાનું છે તે વિશે ટૂંકમાં, નીચેની પંકિતઓમાં વાત કરવામાં આવી છે અને વિસ્તારપૂર્વક આગળના અંકમાં પરિજનો વાંચી શકશે. (અ) આ રજત જયંતી વર્ષમાં એકવીસમી સદીની ગંગોત્રી કહેવાતી પરમપૂજ્ય ગુરુદેવના જીવનના અંતિમ અધ્યાય રૂપી સક્રિય કર્મભૂમિ શાંતિકુંજમાંથી સમગ્ર દેશમાં જન-જાગરણનું અભિયાન ખૂબ જ તીવ્રગતિથી ચલાવવામાં આવશે. લગભગ દસ લાખ સમયદાની કાર્યકર્તાઓની શકિતથી પરિપૂર્ણ આ મિશનને જે સત્તાએ પોતાની ભાવસંવેદાઓના ખાતર-પાણીથી સિંચ્યું છે, તેને સશકત આધાર આપવા માટે માત્ર કાર્યકર્તાઓને લક્ષ્યમાં રાખીને અહીં સમગ્ર વર્ષ દરમિયાન સંગઠનાત્મક શિબિરોનું આયોજન કરવામાં આવશે. આ શિબિરો મારફતે બધાને કહેવામાં આવશે કે તેઓ પોત


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પોતાના સ્તર પર ક્ષેત્રોમાં રહીને શાંતિકુંજનો ઈતિહાસ અને તેની રચનાત્મક સિદ્ધિઓને સર્જનની દિશામાં આગળ વધારવા માટે ઓછામાં ઓછા દસ નવા માણસોને આ શાંતિકુંજની ગંગોત્રીના પ્રાણ પ્રવાહની સાથે જોડવાનું કામ કરે. વિવિધ સ્થળોએ છેલ્લા પચીસ વર્ષની સિદ્ધિઓ અને ભાવી યોજનાઓ પર કાર્યશાળાઓ યોજવામાં આવશે અને સ્લાઈડ્સ તેમજ વીડિયો શોના માધ્યમથી આરાધ્ય ગુરુદેવ અને માતૃસત્તાની તપ ઊર્જાથી પ્રાણવાન બનેલ શાંતિકુંજના વાતાવરણમાં આવવા માટેનું ભાવભર્યું આમંત્રણ આપવામાં આવશે. આ સંબંધી ગાયત્રી જયંતીથી ગુરુપૂર્ણિમા સુધી શાંતિકુંજમાં અધિકારી, વેપારી, શિક્ષક અને પ્રવાસી પરિજન વર્ગની તથા નવા મનુષ્યોની સુનિયોજિત શિબિરો યોજાતી રહેશે. શાંતિકુંજની સિદ્ધિઓ અને ભાવી યોજનાઓ પર આકર્ષક પ્રદર્શની બનાવવાનો પણ સંકલ્પ છે, કે જેથી જન-જન સુધી આ સંદેશો પહોંચી શકે.

(બ) ક્ષેત્રીય સ્તર પર પરિજનોને મંડળોમાં સંગઠિત કરવા માટે નાના પાયા પરના ૫-૬ જિલ્લાઓના અને ઘનિષ્ઠ પાયા પરના એક કે બે જિલ્લાના સંમેલનો ઊંડું ચિંતન કર્યા પછી આયોજિત થતાં રહેશે. આ સંમેલનો સ્પષ્ટ રૂપે તેવા પરિજનો માટેના હશે કે જેઓ યુગદેવતા માટે આગળના છ વર્ષોમાં કંઈ વિશેષ સમયદાન કરવા કટિબદ્ધ થઈ રહ્યા હોય. આ સંમેલનો સંધિકાળની આ વેળામાં સાચા અને પ્રમાણિક હોય તેવા કાર્યકર્તાઓની શોધ માટેના હશે અને તેઓ વચ્ચે ચર્ચા કરીને રાષ્ટ્રવ્યાપી જાગરણ માટેની તેમની ભૂમિકા શી હશે એને કેન્દ્રબિંદુ રાખવામાં આવશે. પરમપૂજ્ય ગુરુદેવ કહેતાં હતાં કે આપણા સંગઠનોનું વિકેન્દ્રીકરણ કરવાનો સંબંધી રાજ્યોના વિભાજના સાથે કોઈ નથી. વિવિધ રાજ્યોના નજીકના જિલ્લાઓ એકત્ર થઈને કાર્યકર્તા સંમેલન આયોજિત કરીને સમયદાનના સુનિયોજનની પ્રક્રિયા નિર્ધારિત કરી શકે છે અને તેમનો વિસ્તાર તે ક્ષેત્ર પૂરતો મર્યાદિત હોઈ શકે છે. હમણાં થોડા દિવસો પહેલાં આવા ત્રણ પ્રયોગ ક્ષેત્રીય સ્તર પર થઈ ગયા તેમાં (૧) ભીલવાડા (૧૧ જિલ્લાઓ), (૨) દક્ષિણ ગુજરાતમાં વલસાડ (૩ જિલ્લાઓ) તથા (૩) લખનૌ (શહેર, રાજધાનીનો વિસ્તાર અને આસપાસના જિલ્લાઓ) માં જિલ્લાના કાર્યકર્તાઓના સંમેલનના રૂપમાં આયોજિત થઈ ગયાં છે. એ સંમેલનો ઘણા સફળ રહ્યાં છે. એનાથી મિશનનો સંગઠનાત્મક આધાર મજબૂત થયો છે. હવે આ સ્તરના કાર્યક્રમો સમગ્ર દેશના બધા પરિજનોને કાર્યકર્તા સ્તરની સઘનતાને આધારે વહેંચીને શાંતિકુંજની સમાનાન્તર ક્ષેત્રીય સંમેલનોના રૂપમાં યોજાશે. એ સંમેલનનું એક લક્ષ્ય જવાબદાર અને હીરાની જેમ ચમકનારા કાર્યકર્તાઓને શોધી કાઢીને આવનાર છ વર્ષ માટે તૈયાર કરવાનું છે. આ માટે પ્રારંભિક સર્વેક્ષણ કરવા બબ્બે કેન્દ્રિય કાર્યકર્તાઓની ટુકડીઓ વસંત પર્વ પછી તુરત સમગ્ર ભારતમાં મોકલી દેવામાં આવી છે. એ ટુકડીઓ સર્વેક્ષણ કરીને કેન્દ્રને રિપોર્ટ આપશે અને તદનુસાર જ શિવરાત્રિ પછીનું આયોજનકેન્દ્રી માખળું તૈયાર થશે.

(ક) છ મહાક્રાંતિઓ પૈકીનો પહેલો કાર્યક્રમ આધ્યાત્મિક પુનર્જાગરણ સૌથી મોટી જરૂરિયાત છે. આજની વિષમ વેળામાં જ્યારે ચારે તરફ પીડા, પતન અને પરાજય જ દૃષ્ટિગોચર થઈ રહ્યાં છે, નૈતિક મૂલ્યોમાં ઘટાડો થઈ રહ્યો છે, કૌટુંબિક મર્યાદાઓ તૂટી રહી છે, સમાજ સંસ્કારહીન થઈ રહ્યો છે ત્યારે આધ્યાત્મિક પુરુષાર્થ જ માનવ જાતિને બચાવી શકે છે. એના માટે વધુ સંખ્યામાં મનુષ્યે યુગસંધિ મહાપુરશ્ચરણના આ બીજા ચરણમાં ભાગીદાર બને એ બાબતના પ્રયાસોમાં ગતિ લાવવી જોઈએ, કેમ કે આપણો વિસ્તાર સમગ્ર વિશ્વ છે. આ મહાપુરશ્ચરણમાં બધાની ભાગીદારી જોડાય એટલા માટે ગાયત્રી મહામંત્રના જાપ અથવા પોતાનો ઈષ્ટમંત્ર કે ભગવાનનું નામ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લેનારાઓની સંખ્યા જેટલી વધારીશું તેટલું જ સૂક્ષ્મ જગતનું શુદ્ધિકરણ થશે અને તેટલું જ નવયુગના અવતરણને યોગ્ય વાતાવરણ સર્જાશે.

શબ્દશકિત દ્વારા વાતાવરણના શુદ્ધિકરણની વાત અતિ પ્રાચીન છે અને એ જ લક્ષ્યને ધ્યાનમાં રાખીને ૨૪૦૦ કરોડ ના ગાયત્રી જપ રૂપી યુગસંધિ મહાપુરશ્ચરણ રૂપી બાર વર્ષ માટેનું બ્રહ્માસ્ત્ર અનુષ્ઠાન પૂજ્યવરે ૧૯૮૯ની વસંત પંચમીએ શરૂ કરાવ્યું હતું. જપ એનાથી કયાંય વિશેષ સંખ્યામાં થયાં હતાં અને તે જ ઊર્જાથી પ્રાણવાન બનેલ આંવલખેડાનો પ્રથમ પૂર્ણાહુતિ સમારંભ પરિપૂર્ણ થતો સૌ કોઈએ જોયો છે. હવે પછીના છ વર્ષો માટેનું લક્ષ્ય ૨૪૦૦૦ કરોડ ગાયત્રી મહામંત્ર જાપ કે ભગવદ નામના જપ સમગ્ર વિશ્વમાં કરવાનું સુનિશ્ચિત કરવાનું છે. આ કોઈ મોટું લક્ષ્ય નથી. જો દરરોજ ૧૫ થી ૨૦ લાખ મનુષ્યો એક માળા આત્મકલ્યાણ માટે અને એક માળા વિશ્વકલ્યાણ માટે છ વર્ષ સુધી કરતાં રહે તો બધાનો કુલ સમય મળવાથી આ જપ થવા શકય છે. જેઓ ગાયત્રી મંત્રનો જપ કરી શકતાં નથી તેઓ ૐ ભૂર્ભુવઃ સ્વઃ અથવા ૐ ૐ ૐ અથવા રામ રામ રામ અથવા નમઃ શિવાય અને સંપ્રદાયના નિર્ધારિત મંત્રના જપ દરરોજ ૧૦ મિનિટ કરે અને સમગ્ર વિશ્વના કલ્યાણની ભાવના મનમાં રાખીને સ્વાધ્યાય મનનની સાથે એની સમાપિત કરે. જો આ ક્રમ નિયમિત ચાલી જશે તો નવા પંદર લાખ મનુષ્યો અન્ય બીજા સંપ્રદાયોના કે અલ્પશિક્ષિત વર્ગના પણ આ મિશનની સાથે જોડાઈ જશે.

આધ્યાત્મિક પુનર્જાગરણના આ ક્રમમાં ઘર કુટુંબમાં સુસંસ્કારની સ્થાપના, અખંડ જ્યોતિ અને મિશનની પત્રિકાઓનું વાચન અને ચાલીસા પાઠ, દેવસ્થાપના, વેદસ્થાપના કરનારાઓની સંખ્યામાં વધારો, ૨૪૦૦૦ કરોડ ગાયત્રી મંત્રલેખન કે ભગવદ્ નામ લેખન રૂપી એક સુનિયોજિત કાર્યક્રમ વિશે વાચકગણ આગામી મહિનાની અખંડ જ્યોતિ અને પ્રજ્ઞા અભિયાન 'પાક્ષિક', યુગનિર્માણ યોજના માસિકમાં વાંચી શકશે. આ પ્રક્રિયાથી દેશનો કોઈપણ ભાગ વંચિત રહેશે નહીં અને સૂક્ષ્મ સ્તર પર એક વિરાટ ધર્માનુષ્ઠાન પરિપૂર્ણ થશે, જે ભાવી આયોજનોની આધારશિલા બનશે અને નવયુગની પૃષ્ઠભૂમિ બનાવશે.

આ પુનર્ગઠનમાં જે છ મહાક્રાંતિઓ જાહેર થઈ છે, તેમાં (૧) આધ્યાત્મિક પુનર્જાગરણ, (૨) નારી શકિત જાગરણ, (૩) ઘર-ઘરમાં વેદ સ્થાપના, (૪) પર્યાવરણ સમતોલન માટે લીલોતરીનો વિસ્તાર, શાકાહાર અને જીવદયા આંદોલન અંગે જનજાગૃતિ, (૫) ફરતી ગ્રામ્ય ચિકિત્સા સેવાનું અને ગામડાંઓનું પુનરુત્થાન, (૬) લોકરંજન દ્વારા લોકમંગળ-કલામંચ દ્વારા લોકમાનસનું શુદ્ધિકરણ-આગળના દિવસોમાં એક એક કરીને કરવામાં આવશે અને તેના દ્વારા સમગ્ર દેશ અને વિશ્વમાં એક વ્યાપક હલચલ મચાવી દેવામાં આવશે.

રજત જયંતી વર્ષ જે આનંદના આ વસંતના વાતાવરણમાં શરૂ થયું છે, તેનો આપણે બધા સાધનાત્મક પુનર્ગઠન, દેવપરિવારનું પારસ્પરિક એકીકરણ અને શાંતિકુંજની ચેતનાનું ઘરેઘરમા વિસ્તરણ કરવામાં ઉપયોગ કરીશું. ચાલો, આપણે બધા એને ઉત્સાહ, ઉમંગની સાથે મનાવીએ અને મહાકાળના શ્રી ચરણોમાં એવું કંઈ અર્પણ કરવાનો સંકલ્પ લઈએ, કે જે જેનાથી થનાર છે, જે ભવિષ્યમાં થનાર છે, તેમાં આપણું મહત્ત્વપૂર્ણ યોગદાન હોય અને આપણે તેના શ્રેયાર્થી બની શકીએ.

* * *

**સજ્જનો પોતાના સ્વાર્થ કરતાં બીજાઓના સ્વાર્થનું ધ્યાન રાખે છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

હાલોલ : હાલોલ જી. પંચમહાલમાં ગાયત્રી શક્તિપીઠની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ પંચકુંડી યજ્ઞ સાથે ૨૨-૨-૯૬ના ખૂબ જ ઉત્સાહભર્યા વાતાવરણમાં સંપન્ન થઈ.

હાલોલના પાવાગઢ રોડ ઉપર આ નવનિર્મિત શક્તિપીઠની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ શાંતિકુંજના પ્રતિનિધિ શ્રી બ્રજમોહન ગોડજીએ વેદમંત્રોંથી કરેલ છે. આ સુઅવસરે ભવ્ય શોભાયાત્રા હાલોલ શહેરમાં ફરી મંદિરે આવી.

કાર્યક્રમમાં હાલોલ, સારસા, આણંદ, ગોધરા, પદમલા, વડોદરા, અને હાલોલ વિસ્તારના ભાવિક ભક્તોએ અને પરિજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ખૂબ જ ધામધૂમથી પ્રસંગને શોભાવ્યો.

ભાવનગરઃ ભાવનગરનું ગૌરવ

પરમ પૂજ્ય ગુરુદેવની સુક્ષ્મ સત્તાથી દશ્ય જગતમાં કેવી કેવી પ્રતિભાઓ જીવંત ને જ્વલંત કાર્ય કારી બતાવે છે તેનું પ્રત્યક્ષ પ્રમાણ એટલે ભાવનગરના શ્રી બટુકસિંહ ઉર્ફ બાપાલાલ પૃથ્વીસિંહ ચુડાસમા. એસ.ટી. ડ્રાઈવરની ફરજ બજાવતાં શ્રી બટુકસિંહ પૂજ્ય ગુરુદેવનું રૂા. પાંચ લાખનું સાહિત્ય ફક્ત ત્રણ વર્ષમાં જન-જન સુધી પહોંચાડવાનો ભગીરથ સંકલ્પ કરી જોશને હોશથી સફળતાનાં સોપાન સર કરી રહ્યાં છે.

તેઓનો પરિવાર પણ આમાં સક્રિય સહયોગ આપે છે. પોતાને ત્યાં ગાયત્રીયજ્ઞ માઈકનાં માધ્યમથી ગોઠવી પલંગમાં સાહિત્ય ગોઠવી ને પણ પુષ્કળ પ્રચાર કરે છે. અશક્ય ને શક્ય બનાવવાનો તેઓનો આત્મવિશ્વાસ અન્યને પણ પ્રેરણાદાયી બને.

સરભોણઃ- સુરત જીલ્લાની સરભોણ ગાયત્રી પરિવાર શાખા દ્વારા પોતાના ક્ષેત્રની પ્રાથમિક, ઉચ્ચતર માધ્યમિક શાખામાં બાળકોમાં ઉચ્ચ સંસ્કાર માટે બે કલાકનો સાંસ્કૃતિક કાર્યક્રમ થાય છે. યુગ સંગીત પ્રવચન સાથેના કાર્યક્રમથી બાળકોમાં સંસ્કાર સિંચન કરવામાં આવે છે. કાર્યક્રમના અંતે પૂજ્ય ગુરુદેવના વિપુલ સાહિત્ય સાગરનું અધ્યયન કરવા પ્રેરણા આપવામાં આવે છે. શ્રી વિજયકુમાર, દિનેશભાઈનો આ કાર્યક્રમોમાં વિશેષ સહયોગ સમાયેલો છે.

વડોદરાઃ- મદનઝાંપા રોડ, ગાયત્રી પરિવાર શાખાના પરિજનોએ વસંતપર્વના પાવન દિવસે વડોદરા જીલ્લાની બધી જ લાયબ્રેરીઓમાં મિશનના સાહિત્યની સ્થાપના કરવાનો સંકલ્પ લીધો છે. પૂજ્ય ગુરુદેવને સાચી શ્રદ્ધાંજલિ આપવા આવા કાર્યક્રમોને નિશ્ચિત સંકલ્પ સાથે પૂર્ણ કરવા ખૂબ જ જરૂરી છે.

મથુરાઃ- ગાયત્રી તપોભૂમિમાં શ્રી રાધા ગોવિંદ અગ્રવાલની સુપુત્રી મીનૂનો શુભવિવાહ ચિ. પ્રશાંત સાથે ૧૦-૦૩-૯૬નાં સાનન્દ સંપન્ન થયો.

પૂજ્ય પંડિતજીએ પોતાના આર્શીવચન આપતા સમાજના ઉત્થાન માટે આવા આદર્શ લગ્નનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કર્યો. પૂ. પંડિતજીના ઉદ્‌બોધનથી વરપક્ષનાં પરિજનો પ્રસન્ન થયાં અને પ્રેરણા ગ્રહણ કરી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.